

તિરુક્કુરળ પયિલ્વોમ

Thirukkural Payilvom

(Gujarati)



काशी तमिल संगमम 5.0

“तिरुक्कुऱळ् पयिल्वोम् - तिरुक्कुरल अभ्यास करें”

Translator

Dr. Neelavaty Meghani



केंद्रीय शास्त्रीय तमिळ् संस्थान, चेन्नै

2026

અનુક્રમણિકા

1. કાશી અને તમિળનાડુ 3
2. તિરુવળ્ળુવરનું જીવનચરિત્ર 5
3. તિરુક્કુરળની રચના અને વિશિષ્ટતા 7
4. ભાષ્યકારો અને પ્રકાશનનો ઇતિહાસ 9
5. દિવ્ય વાણી સમાન વળ્ળુવમ્ 10
    5.1. તિરુક્કુરળમાં પ્રેમ અને સદાચાર 10
    5.2. તિરુક્કુરળમાં અતિથિસત્કાર 13
    5.3. તિરુક્કુરળમાં જીવદયા 14
    5.4. તિરુક્કુરળમાં સંન્યાસધર્મ 16
    5.5. તિરુક્કુરળમાં વ્યક્તિગત શિસ્ત 17
    5.6. તિરુક્કુરળમાં આત્મવિશ્વાસના વિચારો 18
    5.7. તિરુક્કુરળમાં શિક્ષણ 20
    5.8. તિરુક્કુરળમાં નેતૃત્વના ગુણો 21
    5.9. તિરુક્કુરળમાં શારીરિક સ્વાસ્થ્ય 22
    5.10. તિરુક્કુરળમાં તબીબી નીતિ 23
    5.11. તિરુક્કુરળમાં માનસિક સ્વાસ્થ્ય 24
    5.12. તિરુક્કુરળમાં માનવતા 25
    5.13. તિરુક્કુરળમાં સામાજિક સૌહાર્દ 26
    5.14. તિરુક્કુરળમાં મિત્રતા 27
    5.15. તિરુક્કુરળમાં રાજનીતિ 28
    5.16. તિરુક્કુરળમાં વહીવટી કુશળતા 28
    5.17. તિરુક્કુરળમાં આર્થિક વિચારો 29
    5.18. તિરુક્કુરળમાં ખેતી 30
    5.19. તિરુક્કુરળમાં પર્યાવરણ 31
    5.20. તિરુક્કુરળમાં પારિવારિક ધર્મ 32
    5.21. તિરુક્કુરળમાં મહિલાઓ 33
    5.22. તિરુક્કુરળમાં વ્યવસ્થાપન 34
    5.23. વિશ્વની ભાષાઓમાં તિરુક્કુરળ 35
6. કુરળ મણિમાલૈ 37

અધ્યાય 1
કાશી અને તમિળનાડુ

કાશી અને તમિળનાડુનો સંબંધ ખૂબ જ લાંબો અને ઐતિહાસિક છે. કાશી એટલે વારાણસી વિશે તમિળના શાસ્ત્રીય સાહિત્યમાં ઘણો ઉલ્લેખ છે.

કલિત્તોગૈ, સિલપ્પદિગારમ્, મણિમેગલૈ, નીલકેસિ, ચૂળામણિ, પેરુંકદૈ, વિલ્લિબારતમ્, દેવારમ્, પેરિયપુરાણમ્, નાલાયિર દિવ્ય પ્રબંદમ્, તિરુપ્પુગળ, સિવભોગસારમ્, તિરુવિળૈયાડલ પુરાણમ્, કાંચીપુરાણમ્, શિવજ્ઞાનબાલય સ્વામિગળ કલંબગમ્, તિરુવરુટ્પા, વીરપાંડિય કટ્ટબોમ્મુ કદૈપાડલ્, ભારતિયાર કવિદૈ, કવિમણિન કૃત મલરુમ માલૈયુમ જેવા ગ્રંથોમાં કાશી વિશે માહિતી છે. આ ઉપરાંત શિલાલેખો અને તામ્રપત્રોમાં પણ પુરાવા છે.

કાસિકલંબગમ, કાસિ તુણ્ડિવિનાયકર પતિગમ્, કાસિકાણ્ડમ, કાસિરગસિયમ્ કાસિયાત્તિરૈ, કાશિમગાત્મિયમ અથવા સિંહદ્વજન કદૈ, કાસિ વિશ્વનાદ સતકમ, શ્રીકાસિ યાત્રા દીપમ જેવા ગ્રંથો કાશી વિશે લખાયેલા છે. આ રીતે કાશી અને તમિળનાડુ વચ્ચે યુગોથી સંબંધ રહ્યો છે તે જાણી શકાય છે.

આ ઐતિહાસિક સંબંધોને ફરી શોધવા, બે જ્ઞાન પરંપરાઓને એક જગ્યાએ લાવીને જોવા, આમની વચ્ચેના સંબંધોને વહેંચવા, લાંબા સમયથી ચાલી આવતી નાગરિક સાંસ્કૃતિક સાતત્યને પ્રગટ કરવા, એક ભારત - શ્રેષ્ઠ ભારતના વિચારમાં સાંસ્કૃતિક આદાન-પ્રદાનને સમજાવીને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવવા, જ્ઞાનના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવા, ભારતીય સ્તરે તમિળ ભાષા અને શાસ્ત્રીય સાહિત્યનો પરિચય કરાવવા, યુવાનોને ભારતીય સાંસ્કૃતિક વારસા સાથે જોડવા, ભારતીય ભાષાઓ વચ્ચે ટેકનોલોજીની મદદથી ભાષાકીય સંબંધોને એકીકૃત કરવા જેવા અનેક કારણોને આધારે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા કાશી તમિળ સંગમ યોજવામાં આવે છે.

કાશી અને તમિળનાડુ વચ્ચેના સંબંધને સમજાવવા માટે અત્યાર સુધી ચાર સંગમ યોજાયા છે. આ સંગમના મુખ્ય ઉદ્દેશ હતા – ક્રમશઃ કાશી-તમિળનાડુ સંબંધ, બૌદ્ધિક અને સાંસ્કૃતિક સંબંધોને મજબૂત કરવા, ભારતીય જ્ઞાન પરંપરામાં અગસ્ત્ય મુનિનું યોગદાન અને તમિળ શીખીએ. આના આગળના ભાગ તરીકે આ વર્ષે વારાણસીમાં “તિરુક્કુરળ પયિલ્વોમ” (તિરુક્કુળ શીખીએ) વિષય પર 28.11.2026 થી 12.12.2026 સુધી કાશી તમિળ સંગમ 5.0 યોજાઈ રહ્યું છે.

કાશી-તમિળનાડુ: ઐતિહાસિક કડીઓ

ગંગા કિનારે આવેલી કાશી અને વૈગ તથા કાવેરી નદીને કિનારે વસેલું તમિળનાડુ ભારતના સૌથી પ્રાચીન જ્ઞાન કેન્દ્રો છે. એમને જોડતી સદીઓ જૂની કેટલીક કડીઓ:

કુમરગુરુપરર્ (17મી સદી): ધર્મપુર નામના ક્ષેત્ર સાથે સંકળાયેલા આ સંતે કાશીમાં કુમારસ્વામી મઠ સ્થાપ્યો, કેદાર ઘાટ પર કેદારેશ્વરર્ મંદિર બનાવ્યું. ‘કાસિ કલંબકમ’ નામનો ગ્રંથ લખનાર આ સંત કાશીમાં જ મોક્ષ પામ્યા.

મહાકવિ ભારતિયાર: 1898 થી 1902 સુધી કાશીના હનુમાન ઘાટ પર રહ્યા. એમના ઘરનું નવીનીકરણ કરીને ‘ભારતિ ઇલ્લમ’ તરીકે 11 ડિસેમ્બર 2022 ના રોજ ખોલવામાં આવ્યું. ‘કાશી નગર પુલવર પેશુમ ઉરૈતાન કાંચિયિલ કેટ્પતર્કોર કરુવિ સેય્વોમ્’ અર્થાત્ કાશીના પંડિતનું વક્તવ્ય સાંભળવા કાંચિપુરમમાં સાંભળવા માટે એક સાધન બનાવીશું. એમની આ પંક્તિ ઉત્તર અને દક્ષિણને જોડવાનું સ્વપ્ન છે.

તેનકાસિ, સિવકાસિ: આ બે નામ જ ‘દક્ષિણની કાશી’ તરીકે જોડાણ દર્શાવે છે. આ મંદિરોનું નામ 15મી સદીના પાંડ્ય રાજા પરાક્રમ પાંડિયન સાથે સંકળાયેલા છે. તેનકાસિ અદિવીરરામ પાંડિયને ‘કાસિ-કાણ્ડમ્’ નામનો કાવ્ય-ગ્રંથ લખ્યો.

નીરેલ્લામ ગંગૈ, નિલમેલ્લામ કાસિ: પાંડિય પરંપરામાં કહેવાતી આ ઉક્તિને વડાપ્રધાને 2023 સંગમના ઉદ્ઘાટનમાં ટાંકી હતી.

કાશી-રામેશ્વરમ્ યાત્રા: કાશી યાત્રા રામેશ્વર દર્શનથી જ પૂર્ણ થાય છે આવી લાંબા સમયની માન્યતા છે. તમિળ લગ્ન વિધિમાં આજે પણ કાશીની યાત્રા વિષે 'કાસિ યાત્રૈ' નામની વિધ છે.

શિક્ષણ સેતુ: બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં 'સુબ્રમણિય ભારતિ તમિળ-શોધ-પીઠ' સ્થાપવામાં આવશે. આવી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 11.09.2021 ના રોજ ભારતિયારની 100મી પુણ્યતિથિ પર જાહેરાત કરી હતી.

કાશી તમિળ સંગમની યાત્રા

કાશી તમિળ સંગમ 1.0 - 'કાશી અને તમિળનાડુ વચ્ચેનો સંબંધ' વિષય પર ઉત્તરપ્રદેશના વારાણસીમાં બનારસ હિંદુ વિશ્વવિદ્યાલના પરિસરમાં 16.11.2022 થી 15.12.2022 સુધી યોજાયું હતું.

કાશી તમિળ સંગમ 2.0 - 'બૌદ્ધિક અને સાંસ્કૃતિક સંબંધોને મજબૂત કરવા' વિષય પર ઉત્તરપ્રદેશના વારાણસીમાં નમો ઘાટ પર 17.12.2023 થી 30.12.2023 સુધી યોજાયું હતું.

કાશી તમિળ સંગમ 3.0 - "ભારતીય જ્ઞાન પરંપરામાં અગસ્ત્ય મુનિનું યોગદાન" વિષય પર 15.02.2025 થી 24.02.2025 સુધી યોજાયું હતું.

કાશી તમિળ સંગમમ્ 4.0 - "તમિળ શીખીએ" વિષય પર 02.12.2025 થી 15.12.2025 સુધી ઉત્તરપ્રદેશના વારાણસીમાં નમો ઘાટ પર યોજાયું હતું. આનો સમાપન સમારોહ તમિળનાડુના રામેશ્વરમમાં 30.12.2025 ના રોજ યોજાયો હતો.

કાશી તમિળ સંગમ 5.0 - "તિરુક્કુરળ પયિલ્વોમ" અર્થાત્ તિરુક્કુરળ શીખીએ વિષય પર ઉત્તરપ્રદેશ, વારાણસીના નમો ઘાટ પર 28.11.2026 થી 12.12.2026 સુધી યોજાઈ રહ્યું છે. ભારતભરના લગભગ 1000 મહાવિદ્યાલયો, વિશ્વવિદ્યાલયોમાંથી દરેક સંસ્થામાંથી એક એમ 1000 વિદ્યાર્થીઓ પસંદ કરીને તેઓ પોતાની માતૃભાષામાં જ તિરુક્કુરળ શીખશે અને પોતાની કોલેજોમાં પાછા જઈને તેનો પ્રચાર કરશે.

તિરુક્કુરળ કોઈ એક ધર્મ, રાજા કે દેશનું નામ લઈને ઉલ્લેખ કરતું નથી. આથી જ બધાં આને પોતાનું માનીને સન્માન આપે છે. કેન્દ્રીય શાસ્ત્રીય તમિળ સંસ્થાને આ પુસ્તકના 35 ભાષાંતર પ્રકાશિત કર્યા છે અને 8મી અનુસૂચિની 22 ભાષાઓમાં પોતાની બહુભાષી એપ દ્વારા રજૂ કર્યું છે. આથી કાશ્મીરનો વિદ્યાર્થી અને કન્યાકુમારીનો વિદ્યાર્થી એક જ દિવસે એક જ કુરળને પોતપોતાની ભાષામાં શીખી શકે છે.

અધ્યાય 2
તિરુવળ્ળુવરનું જીવનચરિત્ર

તિરુવળ્ળુવર વિશે આપણે જે નિશ્ચિતપણે જાણીએ છીએ તે એક જ વિષય છે - એમણે 1330 કુરળ આપ્યાં. એમના જન્મ, કુટુંબ, વ્યવસાય વિશેની માહિતી મોટાભાગે પછીના સમયની પરંપરાગત કથાઓ છે. છતાં આ ગ્રંથ જ આ લેખકને ખૂબ સ્પષ્ટ રીતે દર્શાવે છે.

નામો અને ઉપનામો

'વળ્ળુવન' નામ સાથે 'તિરુ' ઉપસર્ગ જોડાઈને 'તિરુવળ્ળુવર' બન્યું. પરંપરાએ તેમને ઘણાં ઉપનામો આપ્યાં છે: નાયનાર, દેવર, દૈવપુલવર, મુદર્પાવલર, નાન્મુકનાર, માતાનુબંગી, સેન્નાપોદાર, પેરુનાવલર તથા પોય્યિલ પુલવર. આ નામો તમિળ સમાજમાં એમના પ્રત્યેના આદરને દર્શાવે છે.

સમય અંગે વિદ્વાનોના મંતવ્યો

તિરુક્કુરળનો સમય ઈ.સ. પૂર્વે 300 થી ઈ.સ. 5મી સદી સુધી અલગ-અલગ ગણવામાં આવે છે. ચેક વિદ્વાન કામિલ ઝ્વેલેબિલે ઈ.સ. 450-500 કહ્યું છે. બ્રિટાનિકા એન્સાઇક્લોપીડિયા 6ઠ્ઠી સદી કહે છે, કેટલાક ઈ.સ. પૂર્વે 1લી સદી માને છે. તમિળ પરંપરા વળ્ળુવરનો સમય ઈ.સ. પૂર્વે 31 માને છે. મરૈમલૈ અડિગળે સૂચવેલી આ ગણતરીને આધારે તમિળનાડુ સરકારે 1971માં ગેઝેટમાં 'તિરુવળ્ળુવર આણ્ડુ' પદ્ધતિ પ્રકાશિત કરી; 1972 થી આ અમલમાં આવી. વળ્ળુવર આણ્ડુ = સામાન્ય વર્ષ + 31; આ મુજબ તમિળ માસ તૈ 2026 થી તિરુવલ્લુવર્ આણ્ડુ 2057 શરૂ થશે.

પરંપરાગત કથાઓ

- વળ્ળુવર પછીના સમયના તનિપ્પાડલો એટલે કે અજ્ઞાત કવિઓના ગીતો અને મૌખિક પરંપરાઓમાં કેટલીક કથાઓ મળી આવે છે. આના કોઈ ઐતિહાસિક પુરાવા નથી, પણ આ દર્શાવે છે કે લોકોના મનમાં વળ્ળુવર કેવી રીતે વસી ગયા છે.
- ચેન્નાઈના મયિલાપૂરમાં જન્મ્યા એવી વ્યાપક પરંપરા છે. અહીં એમના નામનું મંદિર છે.
- પરંપરાગત માન્યતા એવી છે કે તેઓ વણાટ વ્યવસાય કરતા હતા અને એમની પત્નીનું નામ વાસુકિ અમ્મય્યાર હતું. પતિએ બોલાવ્યા ત્યારે વાસુકિ કૂવામાંથી પાણી ખેંચતી દોરીને એમ જ છોડીને પતિ પાસે પહોંચી ગયાં હતાં. આ કથા દાંપત્ય પ્રેમના ઉદાહરણ તરીકે લોક વાયકા બની છે.
- પ્રાચીન સમયમાં મદુરૈ તમિળ સંગમમાં સંગમ પલગૈ એટલે કે સંગમ શિલા પર ગ્રંથ લખવામાં આવ્યા ત્યારે એ શિલાએ માત્ર કુરળ લખવા માટે જ જગ્યા આપી - એવી કથા પ્રચલિત છે.
- ગ્રંથની પ્રશંસામાં ગવાયેલા 55 વેનબા કવિતાઓનો સંગ્રહ તિરુવળ્ળુવમાલૈ છે. આમાં ઇડૈક્કાડરે 'કડુગૈત્તુળૈત્તેળ કડલૈ પુગટ્ટિ' કહ્યું છે અર્થાત્ રાયના દાણાના ટુકડામાં સાત સમુદ્ર સમાયા હોય એવું છે કુરળ; સંત કવિયિત્રી ઔવૈયારે 'અણુવૈત્તુળૈત્તેળ કડલૈ પુગટ્ટિ કુરુગ તરિત્ત કુરળ' અર્થાત અણુમાં સમાવેલા સાત સમુદ્ર સમાન છે કુરળ. આ રીતે આની અતિ સૂક્ષ્મ વ્યાખ્યા કરી છે.

ગ્રંથમાં ઉલ્લેખિત લેખકો

વળ્ળુવર ધર્મ, રાજકારણ, અર્થશાસ્ત્ર, યુદ્ધનીતિ, તબીબી-શાસ્ત્ર તથા પ્રેમ જેવા જીવનના તમામ ક્ષેત્રો વિષે જાણતા હતા. તેઓ માણસને જન્મથી નહીં, કર્મથી માપે છે. આથી જૈન, બૌદ્ધ, શૈવ, વૈષ્ણવ જેવા બધા સંપ્રદાયો વળ્ળુવરને પોતાના માનીને સ્વીકારે છે. આ બહુ-માલિકી જ એમની સાર્વત્રિકતાનો શ્રેષ્ઠ પુરાવો છે. શાસ્ત્રીય વિદ્વાનો એમને ભારતની સામાન્ય નૈતિક પરંપરાનો સ્વર માને છે.

સ્મૃતિ ચિહ્નો

- **તિરુવળ્ળુવર દિવસ:** પાંચ દિવસના તહેવાર પોંગલની વચ્ચે તમિળ માસ તૈ નો બીજો દિવસ તિરુવળ્ળુવર દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
- **વળ્ળુવર કોટ્ટમ**: તિરુવળ્ળુવરની સ્મૃતિમાં બનેલું આ સ્મારક એપ્રિલ 1976માં ચેન્નાઈમાં તત્કાલીન રાષ્ટ્રપતિ શ્રી ફકરુદ્દીન અલી અહમદે ખુલ્લું મૂક્યું. આના સ્થપતિ હતા વૈ. ગણપતિ સ્થપતિ. 1330 કુરળ પથ્થરમાં કંડારાયેલાં છે. 21 જૂન 2025 ના રોજ નવીનીકરણ પામેલું આ વળ્ળુવરકોટ્ટમ્ ફરી ખોલવામાં આવ્યું.
- **વળ્ળુવર પ્રતિમા:** કન્યાકુમરિમાં 133 ફૂટ ઊંચી તિરુવળ્ળુવરની પ્રતિમા સ્થાપિત છે. એટલે કે 133 અધ્યાય અને પ્રત્યેક અધ્યાય રૂપે એક ફૂટ. 38 ફૂટનું પીઠ અરતુપ્પાલના 38 અધ્યાયો અને 95 ફૂટની પ્રતિમા પોરુળ અને ઇંબમના 95 અધ્યાયો સ્વરૂપ દર્શાવ્યા છે. 01.01.2000 ના રોજ ખુલ્લી મુકાયેલી આ પ્રતિમા 2004ના સુનામીને પણ સહન કરીને ઊભી રહી. રજત જયંતિમાં 30 ડિસેમ્બર 2024 ના રોજ વિવેકાનંદ ખડકને જોડતો 77 મીટરનો કાચનો પુલ ખોલવામાં આવ્યો; પ્રતિમાને 'અરિવુ શિલૈ' અર્થાત્ જ્ઞાનની પ્રતિમા પણ કહેવાય છે.

અધ્યાય 3
તિરુક્કુરળ ગ્રંથની રચના તથા વિશેષતાઓ

તિરુક્કુરળમાં 1330 કુરળ છે; આ 10-10 ના સમૂહમાં 133 અધિકારો એટલે કે અધ્યાયો અને અરમ-પોરુળ-ઇંબમ્ એમ ત્રણ પાલ એટલે કે કાંડમાં વહેંચાયેલાં છે. બધાં કુરળ વેનબા છંદમાં, બે પંક્તિમાં તથા સાત જ શબ્દોમાં લખાયેલા છે.

ત્રણ કાંડનું માળખું

ત્રણ કાંડ – 133 અધ્યાય – 1330 કુરળો (પરિમેલળગરની ટીકા મુજબ ગણત્રી)		
અરતુપ્પાલ	**પોરુટ્પાલ**	**કામતુપ્પાલ**
38 અધ્યાય (1-38) 380 કુરળ	70 અધ્યાય (39-108) 700 કુરળ	25 અધ્યાય (109-133) 250 કુરળ
પાયિરવિયલ્: 4 અધ્યાય ઇલ્લરવિયલ: 20 અધ્યાય તુરવરવિયલ: 13 અધ્યાય ઊળિયલ: 1 અધ્યાય	અરસિયલ: 25 અધ્યાય અંગવિયલ: 32 અધ્યાય ઓળિબિયલ: 13 અધ્યાય	કળવિયલ: 7 અધ્યાય કર્પિયલ: 18 અધ્યાય

અરતુપ્પાલ - 38 અધ્યાયો

વ્યક્તિના આંતરિક જીવન અને કુટુંબ જીવન વિશે જણાવે છે.

- **પાયિરવિયલ (1-4):** કડવુળ વાળતુ, વાન્સિરપ્પુ, નીત્તાર પેરુમૈ, અરન વલિયુરુત્તલ. ભગવાનની સ્તુતિ પછી વરસતા વરસાદ પર અલગ અધ્યાય આપ્યો છે. આથી જીવનનો આધાર પ્રકૃતિ જ છે એવો વળ્ળુવરનો દૃષ્ટિકોણ સ્પષ્ટ થાય છે.
- **ઇલ્લરવિયલ (5-24):** ઇલ્વાળકૈ, વાળકૈત્તુણૈનલમ્, મક્કટ્પેરુ વગેરેથી અનબુડૈમૈ, વિરુંદોંબલ્, ઇનિયવૈ કૂરલ્, સેયનન્રી અરિદલ, નડુવુનિલૈમૈ, પોરૈયુડૈમૈ, ઓપ્પુરવરિદલ, ઈગૈ અને પુગળ સુધી. વળ્ળુવર ગૃહસ્થ જીવનને સંન્યાસ જેટલું જ ઊંચું કેટલાક સ્થાને આથી વધુ ઊંચું માને છે.
- **તુરવરવિયલ (25-37):** અરુળુડૈમૈ, પુલાલ્ મરુત્તલ, વાય્મૈ વગેરે. વેગુળામૈ, ઇન્ના સેય્યામૈ, કોલ્લામૈ, નિલૈયામૈ, તુરવુ, મૈય્યુણર્દલ, અવા અરુત્તલ. વિશ્વના વિદ્વાનોને સૌથી વધુ આકર્ષિત કરતાં અહિંસા વિષેનાં કુરળ આ કાંડમાં જ છે.
- **ઊળિયલ (38):** માનવ પ્રયત્નની બહાર રહેલા કર્મફળ વિશેનો એક અધ્યાય.

પોરુટ્પાલ - 70 અધ્યાયો

ગ્રંથના આ કાંડના અડધાથી વધુ ભાગમાં; રાજકારણ, વહીવટ, અર્થશાસ્ત્ર, મિત્રતા, સમાજ વિશે જણાવવામાં આવ્યું છે.

- **અરસિયલ્ (39-63):** ઇરૈમાટ્ચિ, કલ્વિ, કેળ્વિ, અરિવુડૈમૈ થી સેંકોનમૈ, ઓટ્રાડલ, આળ્વિનૈ ઉડૈમૈ, ઇડુક્કણ અળિયામૈ સુધી. આમાં શાસકના વ્યક્તિગત ગુણો અને ન્યાયી શાસન વિષેની વાતો કેન્દ્રમાં છે.
- **અંગવિયલ (64-95):** અમૈચ્ચુ, સોલ્વનમૈ, વિનૈત્તિટ્પમ, તૂદુ, નાડુ, અરણ, પોરુળ સેયલ્વગૈ, પડૈ, નટ્પુ, પગૈ, મરુંદુ. રાજ્યના અંગોની એક પછી એક તપાસ.
- **ઓળિબિયલ (96-108):** કુડિમૈ, માનમ, સાન્રાણ્મૈ, પણ્બુડૈમૈ, ઉળવુ, નલ્કુરવુ, ઇરવુ, કયમૈ. આ અધ્યાયોમાં નાગરિકોના ગુણોની ચર્ચા કરી છે.

કામતુપ્પાલ - 25 અધ્યાયો

આ અધ્યાયો સંગમ અગત્તિણૈ પરંપરામાં રચાયેલ પ્રેમ-નાટ્ય સ્વરૂપે લખાયેલ છે. નાયક, નાયિકા તથા સખીના કથનો રૂપે કુરળ રચાયાં છે. 'સુટ્ટિ ઓરુવર પેયર કોળ પેરાર' તોલ્કાપ્પિયમના નિયમો મુજબ આમાં કોઈના નામનો ઉલ્લેખ થતો નથી; આથી આ પ્રેમની ભાવના બધાની ભાવના બની જાય છે.

- **કળવિયલ (109-115):** તગૈ અણંગુરુત્તલ્ થી અલર અરિવુરુત્તલ સુધીના અધ્યાયો. આમાં લગ્ન પહેલાના પ્રેમની અભિવ્યક્તિ કરવામાં આવી છે.
- **કર્પિયલ્ (116-133):** પિરિવુ આટ્રામૈ થી ઊડલુવગૈ સુધીના અધ્યાયો. લગ્ન પછીનો વિરહ, ઝંખના, રિસામણા, મિલન વગેરે ભાવોની અભિવ્યક્તિ કરવામાં આવી છે.

ધર્મ વગરની સંપત્તિ, સંપત્તિ વગરનું ગૃહસ્થ જીવન, પ્રેમ વગરનો આનંદ વળ્ળુવરની દૃષ્ટિએ પૂર્ણ નથી. માનવ જીવનના ચાર પુરુષાર્થો તરીકે અરમ, પોરુળ, ઇનબમ તથા વીડુ વિષે વલ્લુવમમાં કહેવામાં આવ્યું છે. વળ્ળુવરે પ્રથમ ત્રણને વિગતવાર સમજાવ્યા છે, વીડુ અંગેના (મુક્તિ અંગેના) વિચારોનો તુરવરવિયલ અને મૈય્યુણર્દલ અધ્યાયમાં સમાવેશ કર્યો છે. તિરુક્કુરળનું આ સામાન્ય માળખું જ ભારતના દરેક પ્રદેશમાં રહેતા વાચકને પોતાનું લાગે છે.

કુરળ વેનબા યાપ્પુ:

- પંક્તિઓ: બે. પ્રથમ પંક્તિમાં ચાર શબ્દો, બીજી પંક્તિમાં ત્રણ શબ્દો; કુલ સાત શબ્દો. પ્રાસ: વેણ્ડળૈ. છેલ્લો શબ્દ વ્યાકરણના નિયમ નાળ, મલર, કાસુ, પિરપ્પુ મુજબ સમાપ્ત થાય.
- શબ્દ વિભાજન - કુરળ 1: અગર | મુતલ | એળુત્તેલ્લામ્ | આદિ |
  ભગવન | મુદટ્રૈ | ઉલગુ.

આ સંક્ષિપ્તતા જ કુરળની શક્તિ છે. ઔવૈયારે આને 'અણુવૈત્તુળૈત્તુ એળકડલૈ પુગટ્ટિયદુ' જેવું કહ્યું છે. યાદ રાખવા, અનુવાદ કરવા અને આજે સોશિયલ મીડિયામાં શેર કરવા માટે કુરળનું સ્વરૂપ યોગ્ય સ્વરૂપ છે.

તિરુક્કુરળના વિશેષ નામો

મુપ્પાલ, ઉત્તરવેદમ, દૈવનૂલ, પોય્યામોળિ, વાયુરૈ વાળતુ, પોદુમરૈ વગેરે તિરુક્કુરળના વિશેષ નામો છે. 'પોદુમરૈ' નામનું કારણ આની સામગ્રી જ છે. ફ્રેન્ચ અનુવાદક એ. એસ. એરિયલે કહ્યું તેમ, વળ્ળુવર 'જાતિ, લોકો, માન્યતા કંઈ પણ ધ્યાનમાં લીધા વગર સમગ્ર માનવજાત માટે' પોકાર કરે છે.

અધ્યાય 4
ટીકાકારો અને ઇતિહાસ

તિરુક્કુરળ વિષે 10મી સદીથી 13મી સદી સુધી દરુમર, મણક્કુડવર, તામત્તર, નચ્ચર, પરિદિયાર, પરિમેલળગર, તિરુમલૈયર, મલ્લર, પરિપ્પેરુમાળ તથા કાળિંગર – આ રીતે દસ ટીકાકારોએ ટીકા લખી છે. આમાં સંપૂર્ણ રીતે મણક્કુડવર, પરિદિયાર, કાળિંગર, પરિપ્પેરુમાળ તથાા પરિમેલળગરની ટીકા સંપૂર્ણ અને દરુમર, તામત્તર, નચ્ચર વગેરની ટીકા આંશિક રૂપમાં મળે છે. તિરુમલૈયર અને મલ્લરની ટીકાઓ હાલમાં મળતી નથી. તિરુક્કુરળને સદીઓ સુધી સાચવીને આજની પેઢી સુધી પહોંચાડવામાં ટીકા પરંપરાનો બહુ મોટો ફાળો છે.

આધુનિક ટીકાઓ

19-20મી સદીમાં કવિરાજ પંડિતર, ઉ. વે. સામિનાદૈયર, ક. વડિવેલુ ચેટ્ટિયાર, અયોદ્દિદાસર, વ. ઉ. ચિદંબરનાર, તિરુ. વિ. ક., નામક્કલ કવિવર, ભારતિદાસન વગેરેએ તિરુક્કુરળની ટીકાઓ આપી છે. સરળ સ્પષ્ટ ટીકા પરંપરા 1949માં મુ. વરદરાજનારની 'તિરુક્કુરળ તેળિવુરૈ' થી શરૂ થઈ છે. આજે પણ તિરુક્કુરળ પર ટીકા લખવાનું કાર્ય ચાલી રહ્યું છે.

તાડપત્રથી છાપકામ સુધી

સદીઓ સુધી તાડપત્રોમાં નકલ કરીને તિરુક્કુરળને સાચવવામાં આવ્યું. 1812માં તંજૈ ન્યાનપ્રકાશરે નાલડિયાર ગ્રંથ સાથે તિરુવળ્ળુવમાલૈ પ્રથમ મુદ્રિત આવૃત્તિ રૂપે પ્રકાશિત કરી. ત્યારથી આજ સુધી માનવતાના આ વિશ્વ ગ્રંથની સેંકડો આવૃત્તિઓ બહાર પડી છે.

ડિજિટલ યુગ

આજે તિરુક્કુરળ પુસ્તક, બહુભાષી એપ, ઓડિયો પુસ્તક વગેરે નવા સ્વરૂપોમાં ઇન્ટરનેટ અને મોબાઇલ ફોન પર ઉપલબ્ધ છે.

અધ્યાય 5
વાન્મરૈ વળ્ળુવમ

આ પ્રકરણ તિરુક્કુરળના 108 અધ્યાયોના મુખ્ય વિષયોનો પરિચય 1 થી 23 શીર્ષકો હેઠળ આપે છે.

5.1. તિરુક્કુરળમાં પ્રેમ અને ધર્મ

વિશ્વના સામાન્ય વેદ તરીકે પૂજાતું તિરુક્કુરળ માનવ જીવનના મૂળભૂત મૂલ્યોને ખૂબ સંક્ષિપ્ત અને ઊંડાણથી રજૂ કરતું જીવન સાહિત્ય છે. માણસે કેવી રીતે જીવવું જોઈએ એટલું જ નહીં, કેવી માનસિકતા સાથે જીવવું જોઈએ એ પણ તિરુવળ્ળુવર સમજાવે છે. એમના દ્વારા પ્રતિપાદિત જીવન વિચારના કેન્દ્રમાં પ્રેમ અને ધર્મ છે. પ્રેમ ધર્મના પ્રાણ સમાન છે, ધર્મ પ્રેમનું કાર્ય સ્વરૂપ છે.

પ્રેમ - માનવ જીવનનો પાયો

તિરુવળ્ળુવર પ્રેમને માત્ર લાગણી નથી માનતા; માણસને સ્વાર્થમાંથી પરોપકાર તરફ ઊંચો લાવતો મૂળભૂત ગુણ માને છે.

அன்பிலார் எல்லாம் தமக்குரியர் அன்புடையார்
என்பும் உரியர் பிறர்க்கு. (குறள் 72)

અન્પિલાર્ એલ્લામ્ તમક્કુરિયર્ અન્પુટૈયાર્
એન્પુમ્ ઉરિયર્ પિરક્કુ।

સ્નેહરહિત નર સઘળું માને છે પોતાનું
સ્નેહશીલ નર સ્વઅસ્થિને પણ અન્ય હેતુ માને છે. (કુરળ ૭૨)

પ્રેમ વિહીન લોકો પોતાના માટે જ જીવે છે; પ્રેમાળ વ્યક્તિ પોતાનું હાડકું પણ બીજાના કલ્યાણ માટે અર્પણ કરી દે છે. આ રીતે 'હું' ની સાંકડી ભાવનાને 'આપણે' ની વ્યાપક ભાવનામાં બદલતું તત્વ પ્રેમ છે. આ ભાવના કુટુંબમાં વાત્સલ્ય, સમાજમાં કરુણા, વિશ્વ સ્તરે માનવતા તરીકે વિસ્તર પામે છે.

அன்பின் வழியது உயிர்நிலை அஃதிலார்க்கு
என்புதோல் போர்த்த உடம்பு. (குறள் 80)

અન્પિન્ વળિયતુ ઉયિર્નિલૈ અःતિલાર્ક્કુ
એન્પુતોల્ પોર્ત્ત ઉટમ્પુ।

સ્નેહ જ લક્ષણ છે સજીવતાનું
એના રહિત તો છે આ દેહ ચર્મ આચ્છાદિ ઢાંચો માત્ર. (કુરળ ૮૦)

શરીર જીવતું હોવું એ જ જીવન નથી; બીજા જીવોના સુખ-દુઃખને અનુભવતું મન હોય ત્યારે જ જીવનને અર્થ મળે છે. આથી વળ્ળુવરની દૃષ્ટિએ પ્રેમ માત્ર ગુણ નથી, જીવનની જીવાદોરી છે.

પ્રેમ અને ધર્મ

પ્રેમ અને ધર્મની વચ્ચે અભેદ્ય સંબંધ છે.

அன்பும் அறனும் உடைத்தாயின் இல்வாழ்க்கை
பண்பும் பயனும் அது. (குறள் 45)

અન્પુમ્ અરનુમ્ ઉટૈત્તાયિન્ ઇલ્વા઴્ક્કૈ
પણ્પુમ્ પયનુમ્ અતુ।

સ્નેહ અને ધર્મથી આચ્છાદિત ગાર્હસ્થ્ય જીવન
રળિયામણું હોય છે અને સફળ પણ. (કુરળ ૪૫)

ગૃહસ્થ જીવનની મહાનતા સંપત્તિ કે સત્તામાં નથી, પ્રેમ અને ધર્મથી ભરેલા જીવનમાં છે. અહીં પ્રેમ મનનો ગુણ છે, ધર્મ એનું કાર્ય સ્વરૂપ છે.

પ્રેમાળ વ્યક્તિ બીજાને દુઃખ આપવા ઈચ્છતો નથી. બીજાના દુઃખને પોતાનું દુઃખ માનવાથી સ્વાભાવિક રીતે દાન, આતિથ્ય, બીજાને દુઃખ ન આપવું, હત્યા ન કરવી, કરુણા જેવા ધર્મો જન્મે છે. આથી તિરુક્કુરળનો ધર્મ દબાણથી પાળવામાં આવતો નિયમ નથી, પ્રેમમાંથી સ્વાભાવિક રીતે ઉપજતો જીવન માર્ગ છે.

அறத்திற்கே அன்புசார்பு என்ப அறியார்
மறத்திற்கும் அஃதே துணை. (குறள் 76)

અરત્તિર્કે અન્પુચાર્પુ એન્પ અરિયાર્
મરત્તિર્કુમ્ અઃતે તુણૈ।

અજ્ઞાનીને ભાસે છે કે સ્નેહ ધર્મનો સાથી છે
પણ જ્ઞાનીને જ્ઞાત છે કે સ્નેહ પાપથી પણ ત્રાણ અપાવે છે. (કુરળ ૭૬)

પ્રેમ નમ્રતાની નિશાની માત્ર નથી, ફરજ બજાવવા, બીજા માટે ત્યાગ કરવા, ન્યાયના પક્ષે હિંમતથી ઊભા રહેવા પ્રેરતી આંતરિક શક્તિ પણ છે.

ધર્મ - મનની શુદ્ધિથી શરૂઆત

તિરુવળ્ળુવરનું ધર્મ-ચિંતન માત્ર બાહ્ય કર્મોની વાત નથી કરતું પરંતુ આંતરિક કર્મની પણ વાત કરે છે. ધર્મનો આરંભ મનુષ્યના મનથી થાય છે. આથી -

மனத்துக்கண் மாசிலன் ஆதல் அனைத்தறன்
ஆகுல நீர பிற. (குறள் 34)

મનત્તુક્કણ્ માયિલન્ આતલ્ અનૈત્તરન્
આકુલ નીર પિર।

મનની શુચિતા જ ધર્મ છે
અન્ય કાર્ય સઘળા તો છે આડમ્બર માત્ર! (કુરળ ૩૪)

મનથી દોષ વગર હોવું એ જ બધાં ધર્મનો આધાર છે. એક કાર્ય બહારથી સારું લાગે પણ એની પાછળ કપટ, ઈર્ષ્યા, લોભ કે કીર્તિની લાલસા હોય તો એનું ધાર્મિક મૂલ્ય ઘટે છે. આથી માણસ શું કરે છે એમાં ધર્મ નથી પણ શા માટે કરે છે એમાં છે.

அறத்தினூஉங்கு ஆக்கமும் இல்லை அதனை
மறத்தலின் ஊங்கில்லை கேடு. (குறள் 32)

અરત્તિનૂઉઙ્કુ આક્કમુમ્ ઈલ્લૈ અતનૈ
મરત્તલિન્ ઊઙ્કિલ્લૈ કેટ્ટુ।

ધર્મથી શ્રેષ્ઠ કશું નથી
એના વિસ્મરણથી મોટું કોઈ પતન નથી! (કુરળ ૩૨)

સંપત્તિ અને સત્તા અસ્થિર છે, પણ ધર્મથી મળતું માનવ મૂલ્ય સ્થિર છે. આ કરાણથી જ વળ્ળુવર ધર્મને માનવ જીવનની સૌથી મોટી સંપત્તિ માને છે.

પ્રેમથી કરુણા સુધી

તિરુક્કુરળમાં પ્રેમ માત્ર પરિવાર અને સગાંસંબંધીઓ પૂરતો સીમિત રહેતો નથી. આ બીજા માણસોથી આગળ વધીને તમામ જીવસૃષ્ટિને આવરી લે છે અને કરુણાના ઊંચા શિખરે પહોંચે છે.

அருட்செல்வம் செல்வத்துள் செல்வம் பொருட்செல்வம்
பூரியார் கண்ணும் உள. (குறள் 241)

અરુટ્ચેલ્વમ્ ચેલ્વત્તુળ્ ચેલ્વમ્ પોરુટ્ચેલ્વમ્
પૂરિયાર્ કણ્ણુમ્ ઉળ।

દયાભાવ રૂપી સંપત્તિ જ સર્વ શ્રેષ્ઠ સંપત્તિ છે
અન્ય ભૌતિક સમ્પત્તિ તો તુચ્છ નર પાસે પણ હોય છે. (કુરળ ૨૪૧)

બીજાં જીવોનું દુઃખ સમજવાની કરુણા ભૌતિક સંપત્તિ કરતાં શ્રેષ્ઠ છે. આ રીતે તિરુક્કુરળમાં પ્રેમનો વિસ્તાર વ્યક્તિગત પ્રેમથી કુટુંબપ્રેમ, સામાજિક પ્રેમ અને સર્વજીવપ્રેમ સુધી વ્યાપે છે.

தன்னுயிர்க்கு இன்னாமை தானறிவான் என்கொலோ
மன்னுயிர்க்கு இன்னா செயல். (குறள் 318)

તન્નુયિર્કું ઈન્નામૈ તાનરિવાન્ એન્કોલો
મન્નુયિર્કું ઈન્ના ચેયલ્।

સ્વઆત્માને અનિષ્ટથી થતી પીડાનો અનુભવ કરનાર
અન્યની આત્માને પીડા કેમ આપી શકે? (કુરળ ૩૧૮)

પોતાને પીડા કેવી લાગે છે તે જાણનાર બીજાં જીવોને એ જ પીડા કેવી રીતે આપી શકે — આ પ્રશ્નમાં ધર્મનો ઊંડો આધાર પ્રગટ થાય છે. પોતાને બીજાની સ્થિતિમાં મૂકીને જોવાની ક્ષમતા જ સાચા ધર્મની શરૂઆત છે.

આજના વિશ્વને સંદેશ

વિજ્ઞાન, ટેકનોલોજી અને અર્થતંત્રમાં માનવ સમાજે મોટી પ્રગતિ કરી હોવા છતાં દ્વેષ, હિંસા, સ્વાર્થ અને ભેદભાવ જેવી સમસ્યાઓ ચાલુ છે. આવી સ્થિતિમાં તિરુક્કુરળમાં સમાહિત પ્રેમ અને ધર્મ પ્રાચીન વિચારો માત્ર નથી; આ આજના વિશ્વ માટે પણ જરૂરી માનવતાવાદી જીવનમૂલ્યો છે.

જ્ઞાન માણસને શક્તિ આપે છે; આ શક્તિનો સારા કામ માટે ઉપયોગ કરવાનું માર્ગદર્શન ધર્મ આપે છે. ટેકનોલોજી માણસોને જોડે છે, પરંતુ એમના હૃદયોને પ્રેમ જ જોડે છે. કાયદો ખોટું કાર્ય રોકે છે; ધર્મ ખોટું કાર્ય ન કરવાની આંતરિક ભાવના ઊભી કરે છે.

તિરુક્કુરળમાં પ્રેમ અને ધર્મ બે અલગ સિદ્ધાંતો નથી. પ્રેમ ધર્મનું મૂળ છે અને ધર્મ પ્રેમનું ફળ છે. પ્રેમ માણસને સ્વાર્થમાંથી મુક્ત કરે છે અને ધર્મ એને લોકહિત તરફ દોરી જાય છે. પ્રેમ જ્યારે કરુણા રૂપે વિસ્તર પામે ત્યારે માણસ તમામ જીવોને પોતાની સાથે જોડાયેલા માને છે.

આથી તિરુવળ્ળુવરે દર્શાવેલું ધાર્મિક-નૈતિક જીવન ભયના કારણે પાળવામાં આવતો આચાર નથી; આ પ્રેમમાંથી સહજ રીતે ખીલતી ઉત્તમ જીવનરીતિ છે. પ્રેમ માણસને સાચો માણસ બનાવે છે અને ધર્મ એને ઉત્તમ માનવી બનાવે છે. આ બંને જ્યાં મળે છે ત્યાં વ્યક્તિગત શાંતિ, કુટુંબનું કલ્યાણ, સામાજિક એકતા અને વૈશ્વિક માનવતા ખીલે છે.

5.2. તિરુક્કુરળમાં અતિથિ-સત્કાર

તમિળ સંસ્કૃતિનાં સર્વોચ્ચ લક્ષણોમાંનું એક અતિથિ-સત્કાર છે. અજાણ્યો માણસ પણ ઘરે આવે તો એને હસતાં મુખે આવકારવો, ભોજન આપવું અને પ્રેમથી એની સંભાળ રાખવી — આ તમિળ જીવનપરંપરા છે. તિરુવળ્ળુવર આને માત્ર સામાજિક રિવાજ નથી માનતા પરંતુ આને ગૃહસ્થજીવનના મૂળભૂત ધર્મ તરીકે ઊંચું સ્થાન આપે છે. તિરુક્કુરળમાં અતિથિ-સત્કાર માટે અલગ અધ્યાય છે, આમાં મહેમાનની સેવા કરવાની મહત્તા સમજાવવામાં આવી છે.

ગૃહસ્થજીવનનું પ્રયોજન — અતિથિ-સત્કાર

இருந்தோம்பி இல்வாழ்வது எல்லாம் விருந்தோம்பி
வேளாண்மை செய்தற் பொருட்டு. (குறள் 81)

ઇરુન્તોમ્પિ ઇલ્વાળ્વતુ એલ્લામ્ વિરુન્તોમ્પિ
વેળાણ્મૈ ચેય્તર્ પોરુટ્ટુ।

ગાર્હસ્થ્ય જીવનનો ધ્યેય છે
આતિથ્ય અને પરોપકાર. (કુરળ ૮૧)

વળ્ળુવર કહે છે કે માણસ સંપત્તિ કમાય, એની સંભાળ રાખે અને પરિવાર ચલાવે આનો હેતુ માત્ર પોતે અને પોતાનો પરિવાર સુખી રહે એ નથી; એ બીજાઓને પણ ઉપયોગી થવા માટે છે. અહીં અતિથિ-સત્કારનો અર્થ માત્ર ભોજન પીરસવું નથી, પરંતુ પોતાની પાસે જે હોય તે બીજાઓ સાથે વહેંચવું એવો જીવવાનો સામાજિક ધર્મ છે.
મહેમાન બહાર રાહ જોતા હોય ત્યારે અમૃત જેવું ભોજન હોય તોય એક્લાએ ખાવું યોગ્ય નથી, એવું વળ્ળુવર કહે છે:

விருந்து புறத்ததாத் தானுண்டல் சாவா
மருந்தெனினும் வேண்டற்பாற்று அன்று. (குறள் 82)

વિરુન્તુ પુરત્તતાત્ તાનુણ્ટલ્ ચાવા
મરુન્તેનિનુમ્ વેણ્ટર્પાલ્રુ અન્રુ।

બાહર આસિન અતિથિને છોડી
ગૃહ માહી અમરત્વ પ્રદેયક અમૃતનું પાન પણ યથેષ્ઠ નથી. (કુરળ ૮૨)

આ કુરળનો આંતરિક અર્થ છે - પોતાને મળેલી વસ્તુ માત્ર પોતાના માટે જ રાખવી એ સંપત્તિનો સાચો ઉપયોગ નથી

ભોજન કરતાં પણ વધુ મહત્ત્વનું છે પ્રસન્ન મુખ

અતિથિ-સત્કારમાં ભોજન જ એકમાત્ર મહત્ત્વની બાબત નથી; ભોજન આપતી વખતે મનની ઉદારતા અને ચહેરા

પરની પ્રસન્નતા પણ એટલી જ જરૂરી છે.

மோப்பக் குழையும் அனிச்சம் முகம்திரிந்து
நோக்கக் குழையும் விருந்து. (குறள் 90)

મોપ્પક્ કુળૈયુમ્ અનિચ્ચમ્ મુકમ્તિરિન્તુ
નોક્કક્ કુળૈયુમ્ વિરુન્તુ.

સુંઘવાથી જેમ *અનિચ્ચમ* કરમાય છે
તેમ ભાવરહિત વદન જોઈ અતિથિ પણ અકળાય છે. (કુરળ ૯૦)

સૂંઘતાં જ કરમાઈ જતાં અનિચ્છમ નામના ફૂલની જેમ, જો મહેમાનનું સ્વાગત ઉદાસીન કે અણગમતા ચહેરાથી કરવામાં આવે તો એમનું મન દુઃખી થઈ જાય છે. અતિથિને આપેલી વસ્તુનું પ્રમાણ કેટલું છે એના કરતાં એમને એવો અનુભવ કરાવવો કે "તમારું અહીં આવવું અમારે માટે મૂલ્યવાન છે" આ જ સાચા અતિથિ-સત્કારનો સાર છે.

સામાજિક સંબંધોનો આધાર

અતિથિસત્કાર માણસો વચ્ચેનું અંતર ઘટાડે છે. આ અજાણ્યા માણસને પોતાના જેવો બનાવે છે અને વ્યક્તિને સમાજ સાથે જોડે છે. આથી આને માત્ર વ્યક્તિગત સદાચાર નહીં, પરંતુ સામાજિક એકતા ઊભી કરતો ગુણ પણ માનવો જોઈએ. ગૃહસ્થજીવનનું મુખ્ય કર્તવ્ય અતિથિ-સત્કાર છે, આવું કુરળ કહે છે:

பெறுமவற்றுள் யாமறிவது இல்லை அறிவறிந்த
மக்கட்பேறு அல்ல பிற. (குறள் 61)

પેરુમવર્રુળ્ યામરિવતુ ઈલ્લૈ અરિવરિન્ત
મક્કટ્પેરુ અલ્લ પિરા

ગૌરવપૂર્ણ આથી વિશેષ કશું વિદિત નથી
કે પ્રાપ્તિ મેધાવી સંતાનની. (કુરળ ૬૧)

આ વિચાર આજના શહેરી અને વ્યક્તિ કેન્દ્રિત જીવનમાં પણ એટલો જ લાગુ પડે છે. અતિથિ-સત્કારનું આધુનિક સ્વરૂપ માત્ર ભોજન કરાવવાનું નથી; બીજાને માન આપવું, નવા માણસને સ્વીકારવો અને મદદની જરૂર હોય એને સાથ આપવો પણ છે.

તિરુક્કુરળમાં અતિથિ-સત્કાર ભોજન આપવાની ક્રિયા કરતાં વધુ છે; તે હૃદય વહેંચવાનો ધર્મ છે. સંપત્તિનું મહત્ત્વ તેની માલિકીમાં નહીં, પરંતુ વહેંચવામાં છે. ઘરની મહાનતા એની સગવડતાઓમાં નહીં, પણ ત્યાં આવનારને મળતા પ્રેમમાં છે. આથી વળ્ળુવર અતિથિ-સત્કાર દ્વારા સમજાવે છે કે માત્ર પોતાના માટે જીવવા કરતાં બીજાઓ માટે પણ જીવવું એ જ ઉત્તમ ગૃહસ્થ-જીવન છે.

5.3. તિરુક્કુરળમાં સર્વજીવપ્રેમ

માત્ર મનુષ્યને કેન્દ્રમાં રાખવાને બદલે તમામ જીવોનું સન્માન કરીને જીવવું જોઈએ. આવો વ્યાપક નૈતિક વિચાર તિરુક્કુરળમાં જોવા મળે છે. કરુણા, માંસાહારનો ત્યાગ, અહિંસા અને બીજાને દુઃખ ન પહોંચાડવા વિષે અધ્યાયો દ્વારા વળ્ળુવર દરેક જીવના જીવવાના અધિકાર પર ભાર મૂકે છે.

બીજા જીવને પોતાનું જીવન માનવું

தன்னூன் பெருக்கற்குத் தான்பிறிது ஊன்உண்பான்
எங்ஙனம் ஆளும் அருள். (குறள் 251)

તન્નૂન્ પેરુક્કર્કુત્ તાન્પિરિતુ ઊન્ઉણ્પાન્
એઙ્ઙનમ્ આળુમ્ અરુળ્।

સ્વમાંસ પોષણ હેતુ જે અન્ય (પ્રાણી)ના માંસનું કરે ભક્ષણ
દયાભાવ કેમ કરી હોય તેના (મન)માં? (કુરળ ૨૫૧)

પોતાનું શરીર પોષવા માટે બીજા જીવની હત્યા કરીને એનું માંસ ખાનાર માણસમાં કરુણા કેવી રીતે હોઈ શકે, એવો પ્રશ્ન વળ્ળુવર પૂછે છે. શું આપણે પોતાના જીવન જેટલું જ બીજા જીવોના જીવનનું પણ મૂલ્ય માનીએ છીએ? આ રીતે તેઓ ખોરાકની પસંદગીથી આગળ વધીને મૂળભૂત નૈતિક પ્રશ્ન ઊભો કરે છે.

அருளல்லது யாதெனின் கொல்லாமை கோறல்
பொருளல்லது அவ்வூன் தினல். (குறள் 254)

અરુળલ્લતુ યાતેનિન્ કોલ્લામૈ કોરલ્
પોરુળલ્લતુ અવ્વૂન્ તિનલ્।

દયાભાવ છે કોઈ પણ જીવનો વધ ન કરવો;
દયાહીનતા છે જીવવધ અને માંસ ભક્ષણ અધર્મ છે. (કુરળ ૨૫૪)

સર્વજીવપ્રેમની પરાકાષ્ઠા

બીજા જીવોને નુકસાન કર્યા વિના જીવતો માણસ જ ઉત્તમ છે. આ વિચાર કુરળમાં વ્યક્ત થાય છે:

கொல்லான் புலாலை மறுத்தானைக் கைகூப்பி
எல்லா உயிரு தொழும். (குறள் 260)

કોલ્લાન્ પુલાલૈ મરુત્તાનૈક્ કૈકૂપ્પિ
એલ્લા ઉયિરુમ્ તોળુમ્।

જીવવધ અને માંસાહાર કરે નહીં જે નર
તેને કર-બદ્ધ નમન કરે છે સૃષ્ટિના સઘળા જીવ. (કુરળ ૨૬૦)

જીવોનું દુઃખ જોઈને માત્ર નિસાસો નાખવો પૂરતું નથી. કુરળ કહે છે:

உண்ணாமை வேண்டும் புலாஅல் பிறிதொன்றன்
புண்அது உணர்வார்ப் பெறின். (குறள் 257)

ઉણ્ણામૈ વેણ્ટુમ્ પુલાઅલ્ પિરિતોન્રન્
પુણ્અતુ ઉણર્વાર્પ્ પેરિન્।

માંસાહાર ન કરે નર; જો વિદિત તેને થાય
કે માંસ અન્યના શરીરનો ઘાવ છે. (કુરળ ૨૫૭)

જીવનું દુઃખ હૃદયથી અનુભવવું એ જ સર્વજીવપ્રેમ છે. કોઈને પીડા ન પહોંચે એવી જીવનશૈલી પસંદ કરવી. આ અધ્યાયનો આ જ ઊંડો સંદેશ છે.

આ વિચારને આજના સમયમાં પ્રાણી-સંરક્ષણ, જૈવવૈવિધ્ય અને પર્યાવરણની સુરક્ષા સાથે પણ સાંકળી શકાય છે. માણસ પ્રકૃતિનો શાસક નથી; એ જીવનની સાંકળનો એક ભાગ છે — આવી સમજ વળ્ળુવરના સર્વજીવપ્રેમમાંથી ઊભી થાય છે.

તિરુક્કુરળમાં સર્વજીવપ્રેમ એ મનુષ્યો પ્રત્યેના પ્રેમનું વિસ્તૃત સ્વરૂપ છે. જેમ પોતાનું જીવન વહાલું છે એમ અન્ય જીવોનું જીવન પણ વહાલું માનવું જોઈએ. માણસની મહાનતા એની શક્તિમાં નહીં, પણ પોતાના કરતાં નબળા જીવો પ્રત્યે દર્શાવેલી કરુણામાં છે. આ રીતે તિરુક્કુરળ તમામ જીવોને આવરી લેતી વ્યાપક નૈતિક દૃષ્ટિ રજૂ કરે છે.

5.4. તિરુક્કુરળમાં ત્યાગમય જીવન

તિરુક્કુરળના 'અરત્તુપ્પાલ'માં ગૃહસ્થ-જીવન પછી ત્યાગ અને સંયમના નૈતિક માર્ગો રજૂ થાય છે. ત્યાગનો અર્થ માત્ર શરીરથી અથવા દુનિયાથી દૂર થવું નથી; ઇચ્છા, આસક્તિ, ક્રોધ અને અહંકાર જેવા માનસિક બંધનોને જીતવાનો ઊંડો અર્થ પણ આમાં સમાયેલો છે. પરંપરાગત સમજ મુજબ 'અરત્તુપ્પાલ'ના અધ્યાયો ગૃહસ્થ-ધર્મ અને ત્યાગ-ધર્મમાં વહેંચવામાં આવ્યા છે.

આસક્તિનો ત્યાગ

માણસના ઘણા દુઃખોનું કારણ અતિશય આસક્તિ છે. સંપત્તિ, ખ્યાતિ અને સત્તા જીવનનાં સાધનો હોવા જોઈએ, માણસ પર શાસન કરતી શક્તિઓ નહીં. આ માર્ગે ચાલવા માટે ઈશ્વરની કૃપા જરૂરી છે; કૃપા પ્રાપ્ત કરવા માટે બીજી આસક્તિઓ છોડીને ઈશ્વરના ચરણનો આશ્રય લેવો જોઈએ.

பற்றுக பற்றற்றான் பற்றினை அப்பற்றைப்
பற்றுக பற்று விடற்கு. (குறள் 350)

પર્રુક પર્રર્રાન્ પર્રિનૈ અપ્પર્રૈપ્
પર્રુક પર્રુ વિટર્કુ।

સર્વ બંધનોથી વિમુક્ત (પરમાત્મા)ના બંધનમાં બંધાવો
આ બંધનજ સઘળા (સાંસારિક) બંધનોથી વિમુક્ત કરાવશે. (કુરળ૩૫૦)

સાચો ત્યાગ કપડાં કે બાહ્ય દેખાવમાં નથી, પરંતુ હૃદયમાં છે. ઇચ્છાઓને કાબૂમાં લીધા વિના બહારથી ત્યાગી દેખાવાનો કોઈ અર્થ નથી. આથી તિરુવળ્ળુવર માટે ત્યાગ, મનને સંયમિત કરવાની આંતરિક સાધના છે.

ત્યાગ અને કરુણા

તિરુક્કુરળનો ત્યાગ-વિચાર માણસને સમાજથી અલગ પાડતો નથી; કરુણા, તપ, સત્ય, ક્રોધનો અભાવ, બીજાને દુઃખ ન પહોંચાડવું અને અહિંસા જેવા ગુણો દ્વારા એને વધુ જવાબદાર બનાવે છે.

પોતાની ઇચ્છાઓ જીતનાર બીજાનો અધિકાર છીનવતો નથી; ક્રોધ જીતનાર બીજાને પીડા આપતો નથી; અહંકાર જીતનાર બીજા જીવોને નીચા નથી ગણતો. એટલે ત્યાગ દુનિયાને ધિક્કારવાનો માર્ગ નથી, પરંતુ પોતાના અંતરમાં રહેલી અતિશય ઇચ્છાઓને જીતવાનો માર્ગ છે.

ઉપભોગ, સ્પર્ધા અને સંપત્તિની લાલસા વધતી જાય છે એવા આજના જીવનમાં તિરુક્કુરળનો ત્યાગ-વિચાર નવો અર્થ મેળવે છે. જરૂરિયાત અને ઇચ્છા વચ્ચેનો ભેદ સમજવો, મર્યાદિત રીતે જીવવું, મન પર નિયંત્રણ રાખવું અને સાદગી અપનાવવી - આ બધું આજના જીવનમાં પણ અનિવાર્ય છે.

તિરુક્કુરળ મુજબ ત્યાગ એટલે દુનિયાથી ભાગી જવું નહીં, પરંતુ દુનિયામાં રહીને પોતાના મનને જીતવું. સંપત્તિ છોડવા કરતા એની આસક્તિ છોડવી અને બીજાને હરાવવા કરતા પોતાને જીતવું શ્રેષ્ઠ ત્યાગ છે. આ રીતે વળ્ળુવર ત્યાગને આંતરિક પવિત્રતા અને માનસિક મુક્તિ તરફ દોરી જતી જીવનરીતિ તરીકે રજૂ કરે છે.

5.5. તિરુક્કુરળમાં વ્યક્તિગત શિસ્ત

સારા સમાજનો આધાર સારા માણસો છે. માત્ર કાયદાઓથી સમાજને સુધારી શકાય નહીં; દરેક વ્યક્તિમાં આત્મસંયમ, પ્રામાણિકતા, જવાબદારી અને વિનમ્રતા જેવા ગુણો હોવા જોઈએ. તિરુક્કુરળ આ વાતને વ્યક્તિગત શિસ્તના વ્યાપક જીવન દૃષ્ટિકોણ રૂપે રજૂ કરે છે.

શિસ્ત જ મહાનતા

માણસને મહાનતા સંપત્તિ કે હોદ્દાથી નહીં, પરંતુ શિસ્તથી મળે છે. આથી શિસ્તનું રક્ષણ જીવન કરતાં પણ વધારે કરવું જોઈએ:

ஒழுக்கம் விழுப்பம் தரலான் ஒழுக்கம்
உயிரினும் ஓம்பப் படும். (குறள் 131)

ઓળુક્કમ્ વિળુપ્પમ્ તરલાન્ ઓળુક્કમ્
ઉયિરિનુમ્ ઓમ્પપ્ પટુમ્।

સદાચરણ શ્રીવૃદ્ધિ પ્રદેયક છે
અતઃ તેની પ્રાણથી પણ વિશેષ જાળવણી કરવી જોઈએ. (કુરળ ૧૩૧)

જ્ઞાન અને કુશળતા માણસને આગળ વધારી શકે છે, પરંતુ એ પ્રગતિ પ્રત્યે માન જગાડે છે શિસ્ત. જ્ઞાની વ્યક્તિમાં શિસ્ત ન હોય તો એનું જ્ઞાન પણ સમાજને નુકસાન પહોંચાડી શકે છે.

આત્મસંયમ - શિસ્તનો રક્ષક

વળ્ળુવર વ્યક્તિગત શિસ્તના કેન્દ્રમાં આત્મસંયમને મૂકે છે. વિચાર, વાણી અને વર્તનને નિયંત્રિત કરવાની ક્ષમતા જ સંયમ છે. તુરંત લાગણીઓના ગુલામ ન બનીને, એના પરિણામો વિચારીને વર્તવું એ પરિપક્વ મનની ઓળખ છે. કુરળ કહે છે:

அடக்கம் அமரருள் உய்க்கும் அடங்காமை
ஆரிருள் உய்த்து விடும். (குறள் 121)

અટક્કમ્ અમરરુળ્ ઉય્ક્કુમ્ અટઙ્કામૈ
આરિરુળ્ ઉય્ત્તુ વિટુમ્।

સંયમ દેવત્ત્વ પ્રદાન કરે છે
(અને) સંયમહીનતા ઘોર અંધકારમાં ધકેલી દે છે. (કુરળ ૧૨૧)

આ જ રીતે વ્યક્તિની વાણી પણ એના શિસ્તનો માપદંડ છે.

தீயினால் சுட்டபுண் உள்ளாறும் ஆறாதே
நாவினால் சுட்ட வடு. (குறள் 129)

તીયિનાલ્ ચુટ્ટપુણ્ ઉળ્ળારુમ્ આરાતે
નાવિનાલ્ ચુટ્ટ વટ્ટુ।

દાઝ્યાનો ડામ તો રૂઝાય જાય છે
પણ જીલ્વાનો ડામ ક્યારેય રૂઝાતો નથી. (કુરળ ૧૨૯)

શરીરનો ઘા સાજો થઈ શકે છે, પરંતુ શબ્દોથી થયેલી માનસિક પીડા લાંબા સમય સુધી રહી શકે છે. આથી વ્યક્તિગત શિસ્ત માત્ર કાર્યને નિયંત્રિત કરતું નથી; આથી વિચાર, ભાષા અને ભાવનાઓને પણ સંસ્કારી બને છે.

વ્યક્તિથી સમાજ સુધી

વ્યક્તિ શિસ્તબદ્ધ જીવન જીવે તો એનો લાભ માત્ર એને જ મળતો નથી. સારા પરિવારો પ્રામાણિક વ્યક્તિઓથી બને છે; સારા પરિવારો સારો સમાજ બનાવે છે; અને સારો સમાજ જવાબદાર રાષ્ટ્ર ઊભું કરે છે. આથી સામાજિક પરિવર્તનની શરૂઆત વ્યક્તિથી થાય છે.

આજના ઇન્ટરનેટ અને સામાજિક માધ્યમોના સમયમાં વ્યક્તિગત શિસ્તનું ક્ષેત્ર વધુ વિસ્તર્યું છે. સામસામે કહેતાં સંકોચ થાય એવી વાત ઓનલાઇન ન લખવી, ખોટી માહિતી ન ફેલાવવી અને બીજાના અધિકારો જાળવા - આ પણ શિસ્તનાં સ્વરૂપો છે.

તિરુક્કુરળમાં વ્યક્તિગત શિસ્ત બાહ્ય નિયંત્રણ નથી; પોતાને પોતે યોગ્ય માર્ગે રાખવાનું આંતરિક નિયંત્રણ છે. સંયમ, મીઠી વાણી, પ્રામાણિકતા, ધીરજ અને વિનમ્રતા માણસના સાચાં મૂલ્યનો આધાર છે. દુનિયાને બદલતા પહેલા પોતે સુધારવું જોઈએ - આ વળ્ળુવરનો વિચાર છે. વ્યક્તિગત શિસ્ત સામાજિક શિસ્તનું પ્રથમ બીજ હોવાથી આ વિચાર સદાય પ્રસ્તુત રહે છે.

5.6. તિરુક્કુરળમાં આત્મવિશ્વાસના વિચારો

તિરુવળ્ળુવરે 'આત્મવિશ્વાસ' શબ્દનો સીધો ઉપયોગ કર્યો ન હોવા છતાં, ઉત્સાહ, મનોબળ, પ્રયત્ન, કાર્યદૃઢતા અને મુશ્કેલીમાં અડગ રહેવા જેવા અધ્યાયોમાં આત્મવિશ્વાસના વિચારો જોવા મળે છે. માણસની ઊંચાઈ કે નીચાઈ મોટા ભાગે એના મનની શક્તિ અને પ્રયત્ન પર આધારિત છે. એટલે માણસની મહાનતા એના મનની વિશાળતા જેટલી હોય છે.

வெள்ளத் தனைய மலர்நீட்டம் மாந்தர்தம்
உள்ளத் தனையது உயர்வு. (குறள் 595)

વેળ્ળત્ તનૈય મલર્નીટ્ટમ્ માન્તર્તમ્
ઉળ્ળત્ તનૈયતુ ઉયર્વુ।

જળની થાહ અનુરૂપ હોય છે જલજ-નાળ
નરના આન્તરિકભાવ અનુરૂપ હોય છે એની ઉન્નતિ! (કુરળ ૫૯૫)

પાણીની ઊંડાઈ અનુસાર કમળની ડાંડી ઊંચી થાય છે; આવી જ રીતે માનવીનો વિકાસ તેના મનના ઉન્નતપણાં પર આધારિત છે. ઊંચું ધ્યેય અને આત્મવિશ્વાસ માનવ-પ્રગતિની શરૂઆત છે.

મનોબળ અને સફળતા

જીવનમાં લક્ષ્ય મેળવવા માટે માત્ર ધ્યેય નિર્ધારિત કરવું પૂરતું નથી; એ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે દૃઢ મનોબળ પણ જરૂરી છે. વિચાર અને કાર્ય એક થાય ત્યારે જ સફળતા જન્મે છે. વળ્ળુવર કહે છે:

எண்ணிய எண்ணியாங்கு எய்துப எண்ணியார்
திண்ணியர் ஆகப் பெறின். (குறள் 666)

એણ્ણિય એણ્ણિયાઙ્કુ એય્તુપ એણ્ણિયાર્
તિણ્ણિયર્ આકપ્ પેરિન્।

સંકલ્પ કર્તા પામશે પદાર્થ સઘળા
સ્વકલ્પના અનુરૂપ જો હશે તે કાર્ય રત દૃઢ-સંકલ્પ. (કુરળ ૬૬૬)

નિષ્ફળતાઓને કારણે મનથી ન હારવું અને સતત કાર્ય કરતા રહેવું - વળ્ળુવર આ વાતોને મહત્વની માને છે.

துன்பம் உறவரினும் செய்க துணிவாற்றி
இன்பம் பயக்கும் வினை. (குறள் 669)

તુન્પમ્ ઉરવરિનુમ્ ચેય્ક તુણિવાર્રિ
ઈન્પમ્ પયક્કુમ્ વિનૈ।

દુઃખ સહીને પણ દૃઢતાથી કરવું એ કર્મ
જ સમાપન પશ્ચાત્ત હોય સુખદાયી. (કુરળ ૬૬૯)

કાર્ય કરવામાં ગમે એવા અવરોધો આવે તો પણ એ કાર્યને અધવચ્ચે છોડ્યા વિના સતત પ્રયત્ન કરીને સફળતા મેળવવી જોઈએ. આત્મવિશ્વાસનો અર્થ માત્ર મુશ્કેલીઓનું ચિંતન કરવું એ નથી; મુશ્કેલીઓ હોવા છતાં એને પાર કરી શકાય એવી માનસિકતા રાખવી છે.

પ્રયત્નનું મૂલ્ય

નસીબને કારણે કોઈ કાર્યમાં સફળતા ન મળે છતાંય એ કાર્ય માટે કરેલો પ્રયત્ન પોતાનું ફળ આપે છે, એમ વળ્ળુવર કહે છે:

தெய்வத்தான் ஆகா தெனினும் முயற்சிதன்
மெய்வருத்தக் கூலி தரும். (குறள் 619)

તેય્વત્તાન્ આકા તેનિનુમ્ મુયર્ચિતન્
મેય્વરુત્તક્ કૂલિ તરુમ્।

દૈવવશ (ભાગ્યવશ) ભલે મળે નહિ કોઈ ફળ
પણ ઉદ્યમશીલતા સ્વનું પારિશ્રમિક (ફળ) અવશ્ય કરશે પ્રદત્ત. (કુરળ ૬૧૯)

અપેક્ષિત સંપૂર્ણ સફળતા ન મળે તો પણ સાચો પ્રયત્ન વ્યર્થ જતો નથી. આથી આત્મવિશ્વાસ માત્ર હકારાત્મક વિચાર નથી; એ પ્રયત્ન સાથે જોડાયેલા કાર્યમાં વિશ્વાસ છે.

તિરુક્કુરળની દૃષ્ટિએ આત્મવિશ્વાસ અહંકાર નથી. પોતાની શક્તિને ઓળખીને, લક્ષ્ય સ્પષ્ટ કરીને અને અવિરત પ્રયત્નથી આગળ વધવાની દૃઢતા છે. “હું કરી શકું છું” એવો વિચાર અને “હું પ્રયત્ન કરીશ” એવું કાર્ય - બંને જોડાય ત્યારે જ માણસની શક્તિ પૂર્ણ બને છે.

5.7. તિરુક્કુરળમાં શિક્ષણ

તિરુવળ્ળુવર શિક્ષણને માત્ર જ્ઞાન એકત્ર કરવાની પ્રક્રિયા માનતા નથી. શિક્ષણ માણસની દૃષ્ટિ વિસ્તારે, વર્તનને સુધારે અને જીવનભર સાથ આપે એવી સંપત્તિ બનવું જોઈએ.

கற்க கசடறக் கற்பவை கற்றபின்
நிற்க அதற்குத் தக. (குறள் 391)

કર્ક કચટરક્ કર્પવૈ કર્પિન્
નિર્ક અતર્કુત્ તક।

વિષય સઘળા શીખવા યોગ્ય શીખો પૂર્ણતઃ
અને શીખ્યા ઉપરાન્ત કરો આચરણ તદ્નુરૂપ. (કુરળ ૩૯૧)

જે શીખવા યોગ્ય છે એ સારી રીતે શીખવું અને પછી એ મુજબ જીવન જીવવું - આ વળ્ળુવરનો શિક્ષણ-માર્ગ છે. શિક્ષણ એટલે માત્ર માહિતી યાદ રાખવી નહીં; સ્પષ્ટ રીતે શીખવું અને શીખેલા સિદ્ધાંતો પ્રમાણે જીવવું એ જ સાચું શિક્ષણ છે.

શિક્ષણ - માનવીની આંખો

શિક્ષણ આંખો જેવું છે. આવું શિક્ષણ પ્રાપ્ત કરવું માનવ-જીવનનું ધ્યેય હોવું જોઈએ, એમ વળ્ળુવર સમજાવે છે.

எண்ணென்ப ஏனை எழுத்தென்ப இவ்விரண்டும்
கண்ணென்ப வாழும் உயிர்க்கு. (குறள் 392)

એણ્ણેન્પ એનૈ એળુત્તેન્પ ઇવ્વિરણ્ટુમ્
કણ્ણેન્પ વાળુમ્ ઉયિર્કું।

આંકડા અને અક્ષરનું યુગ્મ
જાણે માનવના ચક્ષુ બે! (કુરળ ૩૯૨)

સંખ્યા અને અક્ષર માનવ-જીવનની આંખો છે. આંખો દુનિયાનું સ્વરૂપ બતાવે છે; શિક્ષણ આના અર્થને સમજવામાં મદદ કરે છે.

கண்ணுடையர் என்பவர் கற்றோர் முகத்திரண்டு
புண்ணுடையர் கல்லா தவர். (குறள் 393)

કણ્ણુટૈયર્ એન્પવર્ કર્રોર્ મુકત્તિરણ્ટુ
પુણ્ણુટૈયર્ કલ્લા તવર્।

શિક્ષિત જાણ જ છે ચક્ષુધારક
અશિક્ષિતના આનન પર તો જાણે છે બે વ્રણ! (કુરળ ૩૯૩)

વળ્ળુવર કહે છે કે શિક્ષિત વ્યક્તિ જ સાચી દૃષ્ટિ ધરાવે છે. અભણ વ્યક્તિ પાસે આંખો હોવા છતાં એ જાણે આંખોમાં ઘાવ ધરાવતી હોય એવી છે. અહીં શિક્ષણ માત્ર જોવાની શક્તિ નહીં, પરંતુ તર્કપૂર્વક સમજવાની દૃષ્ટિ છે.

અવિનાશી સંપત્તિ

ભૌતિક સંપત્તિ નષ્ટ થઈ શકે છે; પરંતુ શિક્ષણ વ્યક્તિના વિચારો અને વ્યક્તિત્વમાં ટકી રહે છે. આથી વળ્ળુવર શિક્ષણને અવિનાશી સંપત્તિ કહે છે:

கேடில் விழுச்செல்வம் கல்வி ஒருவற்கு
மாடுஅல்ல மற்றை யவை. (குறள் 400)

કેટિલ્ વિળુચ્ચેલ્વમ્ કલ્વિ ઓરુવર્કુ
માટુઅલ્લ મર્રૈ યવૈ।

અનશ્વર સમ્પત્તિ છે શિક્ષા
(અતઃ) માનવ હેતુ આથી શ્રેષ્ઠ કશું નથી. (કુરળ ૪૦૦)

તિરુક્કુરળમાં શિક્ષણ જ્ઞાન, શિસ્ત અને વ્યવહારનો સમન્વય છે. ભણેલો માણસ માત્ર જાણકાર જ નહીં, પરંતુ પોતાના જ્ઞાન પ્રમાણે જીવતો પણ હોવો જોઈએ. જ્ઞાનને જીવનમાં ઉતારવામાં જ શિક્ષણની પૂર્ણતા છે.

5.8. તિરુક્કુરળમાં નેતૃત્વના ગુણો

તિરુક્કુરળના 'પોરુટ્પાલ'માં રાજા, મંત્રી, કિલ્લો, સૈન્ય, નાગરિકો, સલાહ, યોગ્ય સમયની ઓળખ અને વિચારપૂર્વક કાર્ય કરવા જેવા વિષયો સ્થાન પામ્યા છે. આ વિચારોને નેતૃત્વના મૂળભૂત સિદ્ધાંતો તરીકે પણ જોઈ શકાય છે.

தூங்காமை கல்வி துணிவுடைமை இம்மூன்றும்
நீங்கா நிலனாள் பவற்கு. (குறள் 383)

તૂઙ્કામૈ કલ્વિ તુણિવુટૈમૈ ઇમ્મૂન્રુમ્
નીઙ્કા નિલનાળ્ પવર્કુ।

સજગતા, વિદ્યા અને સાહસ આ ત્રણેય
નૃપથી કદી નથી થતા વેગળા. (કુરળ ૩૮૩)

જાગૃત રહેવું, જ્ઞાન ધરાવવું અને હિંમત રાખવી - વળ્ળુવર આ ત્રણને નેતાના મૂળભૂત ગુણો ગણે છે.

નેતૃત્વ

જે નેતા લોકોને સરળતાથી મળી શકે અને બધા સાથે પ્રેમથી વર્તે છે, એનું શાસન લોકો પસંદ કરે છે. વળ્ળુવર કહે છે:

காட்சிக்கு எளியன் கடுஞ்சொல்லன் அல்லனேல்
மீக்கூறும் மன்னன் நிலம். (குறள் 386)

કાટ્ચિક્કુ એળિયન્ કટુઞ્ચોલ્લન્ અલ્લનેલ્
મીક્કૂરુમ્ મન્નન્ નિલમ્।

સહજતાથી આવે સન્મુખ અને ભાળે નહીં કડવા વેણ
એ નરેશ હોય છે પ્રશસ્તિનું પાત્ર સર્વત્ર. (કુરળ ૩૮૬)

તિરુક્કુરળ નેતાના ચાર ગુણો દર્શાવે છે: નિર્ભયતા, ગરીબો અને જરૂરિયાતમંદો પ્રત્યે ઉદારતા, જ્ઞાન અને ઉત્સાહ.

નેતૃત્વનો માર્ગ

முறைசெய்து காப்பாற்றும் மன்னவன் மக்கட்கு
இறையென்று வைக்கப் படும். (குறள் 388)

મુરૈચેય્તુ કાપ્પાર્રુમ્ મન્નવન્ મક્કટ્કુ
ઈરૈયેન્રુ વૈક્કપ્ પટુમ્।

નીતિ અનુરૂપ જે નૃપ કરે પ્રજાનું રક્ષણ
પ્રજા માને તેને દેવ સ્વરૂપ. (કુરળ ૩૮૮)

જે લોકો એના પર વિશ્વાસ રાખે છે એમની જરૂરિયાત પૂરી કરવી અને એમની સુરક્ષા કરવી - આ નેતૃત્વનો માર્ગ છે. નેતૃત્વ સત્તાનો અધિકાર નથી, પરંતુ જવાબદારીનું કર્તવ્ય છે. એક ઉત્તમ નેતાએ સલાહ સાંભળવી અને ખામીઓ બતાવનારને પણ સ્વીકારવા જોઈએ.

તિરુક્કુરળના નેતૃત્વ-વિચારમાં જ્ઞાન, હિંમત, ન્યાય, સલાહ, જવાબદારી અને જનકલ્યાણ વગેરેનો એક સાથે સમાવેશ કરવામાં આવ્યો છે. સાચો નેતા માત્ર પોતે આગળ ચાલતો નથી; એ બધાને આગળ વધારતો હોય છે.

5.9. તિરુક્કુરળમાં શારીરિક આરોગ્ય

તિરુક્કુરળનું 'મરુન્દુ અદિગારમ' અર્થાત્ ઔષધ અધ્યાય માત્ર બીમારી થયા પછી સારવાર લેવાની વાત કરતું નથી; બીમારી ન થાય એ માટે યોગ્ય જીવનશૈલી અપનાવવાની વાત પણ કરે છે. ખાસ કરીને ખોરાકના નિયમો પર વળ્ળુવર ભાર મૂકે છે.

மருந்தென வேண்டாவாம் யாக்கைக்கு அருந்தியது
அற்றது போற்றி உணின். (குறள் 942)

મરુન્તેન વેણ્ટાવામ્ યાક્કૈક્કુ અરુન્તિયતુ
અર્તુ પોર્રિ ઉણિન્।

આરોગેલું અન્ન થાય જીર્ણને તદ્પશ્ચાત
જો પુનઃ લેવાય આહાર તો ખપ ન પડે ઔષધનો કદિ. (કુરળ ૯૪૨)

પહેલાં ખાધેલું પચી ગયાં પછી યોગ્ય માત્રામાં જમવાથી શરીરને દવાની જરૂર પડતી નથી. આ કુરળમાં રોગ થાય એ પહેલાં આરોગ્ય સાચવવાનો વિચાર છે.

માપસરનો આહાર

அற்றால் அளவறிந்து உண்க அஃதுஉடம்பு
பெற்றான் நெடிதுய்க்கும் ஆறு. (குறள் 943)

અર્રાલ્ અળવરિન્તુ ઉણ્ક અઃતુઉટમ્પુ
પેર્રાન્ નેટિતુય્ક્કુમ્ આરુ।

આરોગેલું જીર્ણ થયા પશ્ચાત લેવો આહાર ઉચિત પરિમાણ
દેહધારી લેતુ, આ છે ઉપાય ચિરાયુ થવાનો. (કુરળ ૯૪૩)

ભોજનની ગુણવત્તા જ નહીં, એની માત્રા પણ મહત્ત્વપૂર્ણ છે. શરીરને જેટલું જરૂરી હોય એટલું જ ખાવું એ આરોગ્યનો આધાર છે.

மாறுபாடு இல்லாத உண்டி மறுத்துண்ணின்
ஊறுபாடு இல்லை உயிர்க்கு. (குறள் 945)

મારુપાટુ ઇલ્લાત ઉણ્ટિ મરુત્તુણ્ણિન્
ઊરુપાટુ ઇલ્લૈ ઉયિર્કુ।

સુપથ્ય આહાર લેવાય જો સંયમથી
તો જીવને ન ગ્રહે કોઈ દુઃખદ રોગ. (કુરળ ૯૪૫)

શરીરને માફક ન એવો ખોરાક ટાળવો જોઈએ અને અનુકૂળ આહાર-પદ્ધતિ અપનાવવી જોઈએ. તિરુક્કુરળ આરોગ્યના વિચારમાં રોગ થયા પછીની દવા કરતાં રોગ થાય એ પહેલાંની નિયમિત જીવનશૈલીને અગ્રતા આપે છે. ખોરાક, માત્રા, પાચન અને શરીરની પ્રકૃતિને સમજીને જીવવું એ સ્વાસ્થ્યનો પાયો છે.

5.10. તિરુક્કુરળમાં તબીબી નૈતિકતા

તિરુક્કુરળનું 'મરુન્દુ અદિગરામ' અર્થાત ઔષધ અધ્યાય સારવાર અને ચિકિત્સક વિશે વિચારો રજૂ કરે છે. આમાં રોગ, આના કારણો, આને દૂર કરવાના ઉપાય અને દર્દીની સ્થિતિને સમજીને ડૉક્ટરે કાર્ય કરવું જોઈએ એવો સંદેશ છે.

நோய்நாடி நோய்முதல் நாடி அதுதணிக்கும்
வாய்நாடி வாய்ப்பச் செயல். (குறள் 948)

નોય્નાટિ નોય્મુતલ્ નાટિ અતુતણિક્કુમ્
વાય્નાટિ વાય્પ્પચ્ ચેયલ્।

રોગનો પ્રકાર જાણી, એનું કારણ સમજી
શમનની યુક્તિ વિચારી કરવો ઉપચાર યથા અનુકૂળ. (કુરળ ૯૪૮)

સૌ પ્રથમ રોગને ઓળખવો, પછી એનું કારણ શોધવું, ત્યારબાદ એને દૂર કરવાનો ઉપાય તપાસવો અને યોગ્ય સારવાર શરૂ કરવી - આ કુરળ વ્યવસ્થિત તબીબી અભિગમ દર્શાવે છે.

દર્દીને કેન્દ્રમાં રાખતી સારવાર

உற்றான் அளவும் பிணியளவும் காலமும்
கற்றான் கருதிச் செயல். (குறள் 949)

ઉર્રાન્ અળવુમ્ પિણિયળવુમ્ કાલમુમ્
કર્રાન્ કરુતિચ્ ચેયલ્।

વૈદ્ય વિચારે રુગ્ણની આયુ, રોગની અવધિ
રોગની તીક્ષ્ણતા અને તદ્પશ્ચાત કરે ઉપચાર. (કુરળ ૯૪૯)

એક જ રોગ માટે દરેક દર્દીને એક સરખી સારવાર આપવી યોગ્ય નથી. દર્દીની સ્થિતિ, રોગની માત્રા અને સમયને ધ્યાનમાં રાખીને ડૉક્ટરે કાર્ય કરવું જોઈએ.

உற்றவன் தீர்ப்பான் மருந்துழைச் செல்வான்என்று
அப்பால்நாற் கூற்றே மருந்து. (குறள் 950)

ઉર્રવન્ તીર્પ્પાન્ મરુન્તુળૈચ્ ચેલ્વાન્એન્રુ
અપ્પાલ્નાર્ કૂર્રે મરુન્તુ।

વૈદ્ય, રુગ્ણ, ઔષધ અને સેવાશ્રુશા કરનાર,
આ ચાર જ આયામ છે વૈદ્ય-શાસ્ત્રની વિવેચનાના. (કુરળ ૯૫૦)

વળ્ળુવર સારવારની પ્રક્રિયાના અનેક ઘટકો - દર્દી, ચિકિત્સક, દવા અને તબીબી સહાય – આ બધાંને એક સાથે જુએ છે.

તિરુક્કુરળમાં તબીબી નૈતિકતા માત્ર રોગ મટાડવા પૂરતી નથી. દર્દીને સમજીને, જ્ઞાન, તપાસ અને જવાબદારીપૂર્વક કામ કરવું પણ જરૂરી છે. રોગની સાથે દર્દીને પણ ધ્યાનમાં લેતી દૃષ્ટિ આ વિચારની વિશેષતા છે.

5.11. તિરુક્કુરળમાં માનસિક સ્વાસ્થ્ય

તિરુક્કુરળમાં 'માનસિક સ્વાસ્થ્ય' પર અલગ અધ્યાય જોવા મળતો નથી. પરંતુ ચિંતા, ક્રોધ, ઈર્ષ્યા, લોભ, દુઃખ, મનોબળ, મિત્રતા, પ્રેમ અને સંયમને લગતાં કુરળો માનસિક શાંતિ માટે ઉપયોગી જીવન-મૂલ્યો શીખવે છે.

அழுக்காறு அவாவெகுளி இன்னாச்சொல் நான்கும்
இழுக்கா இயன்றது அறம். (குறள் 35)

અળુક્કારુ અવાવેકુળિ ઈન્નાચ્ચોલ્ નાન્કુમ્
ઈળુક્કા ઈયન્રતુ અરમ્।

ઈર્ષ્યા, લોભ, ક્રોધ અને નિંદા
આ ચારનો પરિત્યાગ જ ધર્મ છે. (કુરળ ૩૫)

ઈર્ષ્યા, અતિશય લાલસા, ક્રોધ અને દુઃખ આપતી વાણીથી દૂર રહેવું નૈતિકતા છે. આ ગુણો વ્યક્તિગત સંબંધો ઉપરાંત મનની શાંતિને પણ અસર કરે છે.

દુઃખનો સામનો કરવાનું મનોબળ

દુઃખ આવે ત્યારે તૂટી પડવું માનવીય સ્વભાવ છે. આથી મનની શાંતિ ખોવાઈ શકે છે અને માનસિક સ્વાસ્થ્ય પર અસર થઈ શકે છે. આવી સ્થિતિમાં પોતાને સંભાળવા માટે વળ્ળુવર એક ઉપાય સૂચવે છે: મુશ્કેલી આવે ત્યારે એને હિંમતથી સ્વીકારવી, આથી દુઃખ આપણું મન સંપૂર્ણ રીતે તોડી શકે નહીં.

இடுக்கண் வருங்கால் நகுக அதனை
அடுத்தூர்வது அஃதொப்பது இல். (குறள் 621)

ઈટુક્કણ્ વરુઙ્કાલ્ નકુક અતનૈ
અટુત્તૂર્વતુ અઃતોપ્પતુ ઈલ્।

સંકટની વેળાએ કરો ધારણ સ્મિત
એ સદૃશ નથી અન્ય કોઈ સાધન દુઃખોથી ઉબરવાનું. (કુરળ ૬૨૧)

આનો અર્થ દુઃખને નકારવું એવો નથી; મુશ્કેલીથી સંપૂર્ણ રીતે ખંડિત ન થવું અને એનો સામનો કરવા માટે માનસિક દૃઢતા કેળવવી એવો છે.

માનસિક સ્વાસ્થ્ય માટે સારા માનવીય સંબંધો પણ જરૂરી છે. પ્રેમ, મિત્રતા, મીઠી વાણી અને કૃતજ્ઞતાને વળ્ળુવર જે મહત્ત્વ આપે છે તે વ્યક્તિના આંતરિક જીવન અને સામાજિક સંબંધો સાથે જોડાયેલું છે.

માનસિક સ્વાસ્થ્ય જાળવવાના માર્ગો

બીજાની પ્રગતિ જોઈને ઈર્ષ્યા કરવાથી મનની શાંતિ નષ્ટ થાય છે. આના બદલે બીજાની સફળતાને આનંદથી વધાવી લેવી, અને પોતે પણ પ્રયત્ન કરવાથી આવો વિકાસ મેળવી શકીએ એવો વિશ્વાસ રાખવો. આ અભિગમ માનસિક સ્વાસ્થ્ય જાળવવામાં મદદ કરે છે. આ વિચાર કુરળમાં વ્યક્ત થાય છે:

அறனாக்கம் வேண்டாதான் என்பான் பிறனாக்கம்
பேணாது அழுக்கறுப் பான். (குறள் 163)

અરનાક્કમ્ વેણ્ટાતાન્ એન્પાન્ પિરનાક્કમ્
પેણાતુ અળુક્કરુપ્ પાન્।

ધર્મ અને વૈભવની ઇચ્છા ન ધરાવતો નર જ
ઇતરની ઉન્નતિથી પ્રસન્નતા નહીં અપિતુ ઈર્ષાનો અનુભવ કરશે. (કુરળ ૧૬૩)

તિરુક્કુરળ કહે છે કે મનની શાંતિ બહાર શોધતા પહેલા મનને સુધારવું જોઈએ. પોતાની લાગણીઓને ઓળખવી, એને યોગ્ય દિશામાં દોરવી, દુઃખમાં હિંમત ન હારવી અને પ્રેમાળ સંબંધો વિકસાવવાં જોઈએ. આ તિરુક્કુરળના જીવન-પાઠ છે.

5.12. तिरुक्कुरळमां मानवता

માણસને માણસ તરીકે માન આપવું, બીજાનું દુઃખ સમજવું, મદદ કરવી, અહિત ન કરવું, ભૂખ દૂર કરવી અને પ્રેમથી વર્તવું - આ માનવતાના પાયાના ગુણો છે. તિરુક્કુરળમાં આ વિચાર વિવિધ સ્વરૂપે સર્વત્ર વ્યાપ્ત છે.

அன்பிலார் எல்லாம் தமக்குரியர் அன்புடையார்
என்பும் உரியர் பிறர்க்கு. (குறள் 72)

અન્પિલાર્ એલ્લામ્ તમક્કુરિયર્ અન્પુટૈયાર્
એન્પુમ્ ઉરિયર્ પિરક્કુ।

સ્નેહરહિત નર સઘળું માને છે પોતાનું
સ્નેહશીલ નર સ્વઅસ્થિને પણ અન્ય હેતુ માને છે. (કુરળ ૭૨)

સ્વાર્થની સીમા ઓળંગીને બીજાઓ તરફ વિસ્તરતું મન માનવતાની શરૂઆત છે.

அறிவினான் ஆகுவது உண்டோ பிறிதின்நோய்
தம்நோய்போல் போற்றாக் கடை. (குறள் 315)

અરિવિનાન્ આકુવતુ ઉણ્ટો પિરિતિન્નોય્
તમ્નોય્પોલ્ પોર્રાક્ કટૈ।

નરનું જ્ઞાની હોવું કેમ કહેવાય સાર્થક
જો પરદુઃખને સ્વનું માની કર્યું નહીં નિવારણ? (કુરળ ૩૧૫)

બીજાનું દુઃખ પોતાનું દુઃખ સમજી ન શકે એવા જ્ઞાનનો શું લાભ? આ પ્રશ્ન માનવતાની મહાનતાને સ્પષ્ટ કરે છે. જ્ઞાનની ઊંચાઈ એની માત્રામાં નથી; એ બીજાઓને કેટલું ઉપયોગી બને છે એમાં છે.

દાન અને માનવતા

મદદ ખરેખર જરૂરિયાતમંદ વ્યક્તિને કરવામાં આવે ત્યારે જ તે સાચું દાન બને છે. કુરળ સમજાવે છે:

வறியார்க்குஒன்று ஈவதே ஈகைமற் றெல்லாம்
குறியெதிர்ப்பை நீர துடைத்து. (குறள் 221)

વરિયાર્કુઓન્નુ ઈવતે ઈકૈમર્ રેલ્લામ્
કુરિયેતિર્પ્પૈ નીર તુટૈત્તુ।

નિર્ધનને વાંછિત પદાર્થ દેવો તેજ દાન છે
અન્ય સઘળાતો પ્રતિફળની ઇચ્છાથી થયેલા ક્રિયા-કલાપ છે. (કુરળ ૨૨૧)

કોઈ અપેક્ષા વિના કરવામાં આવતી મદદ માનવતાનું ઉચ્ચતમ સ્વરૂપ છે. તિરુક્કુરળમાં માનવતા એટલે 'હું' થી 'આપણે' તરફની માનસિક યાત્રા. બીજાનું દુઃખ સમજીને એમના હિત માટે કાર્ય કરીએ ત્યારે જ જ્ઞાન અને સંપત્તિ સાચું માનવીય મૂલ્ય મેળવે છે.

5.13. તિરુક્કુરળમાં સામાજિક સૌહાર્દ

સમાજ માત્ર કાયદાઓના આધારે ટકી શકતો નથી. એકબીજાનું સન્માન, પ્રેમ, ન્યાય, ધીરજ, મીઠી વાણી અને પરસ્પર સમજૂતી - આ ગુણો સામાજિક સૌહાર્દના પાયા છે.

இனிய உளவாக இன்னாத கூறல்
கனியிருப்பக் காய்கவர்ந் தற்று. (குறள் 100)

ઈનિય ઉળવાક ઈન્નાત કૂરલ્
કનિયિરુપ્પક્ કાય્કવર્ન્ તર્રે।

મધુર વચનના રહેતા કટુનો કરવો વ્યવહાર
જાણે પાકા ફળ તજી કરવો કાચાનો આહાર! (કુરળ ૧૦૦)

મીઠી વાણી છોડીને કઠોર શબ્દો બોલવા એ પાકેલું ફળ છોડીને કાચું ફળ પસંદ કરવા જેવું છે. સંબંધો જાળવવામાં શબ્દો મોટી ભૂમિકા ભજવે છે. તેથી આ કુરળ સામાજિક સંબંધોમાં ભાષાના જવાબદાર ઉપયોગનો પાઠ આપે છે.

દુર્વ્યવહારના જવાબમાં સદ્વ્યવહાર

વેરનો બદલો વેરથી લેવાની કડી ચાલુ રાખવાને બદલે, અહિત કરનારને સારા વર્તનથી જવાબ આપવો એ શ્રેષ્ઠ ગુણ છે, આમ વળ્ળુવર કહે છે. આ સામાજિક સૌહાર્દનો ઊંડો નૈતિક માર્ગ છે:

இன்னாசெய் தாரை ஒறுத்தல் அவர்நாண
நன்னயம் செய்து விடல். (குறள் 314)

ઈન્નાચેય્ તારૈ ઓરુત્તલ્ અવર્નાણ
નન્નયમ્ ચેય્તુ વિટલ્।

અનિષ્ટકર્તાને આપો (ઉચિત) દંડ અને કરો તેની ભલાઈ
પશ્ચાત વિસ્મૃત કરો સ્વની ભલાઈ અને તેની બુરાઈ. (કુરળ ૩૧૪)

નિષ્પક્ષતા

સામાજિક સૌહાર્દ માટે ન્યાય સર્વોપરી છે. કોઈ એક પક્ષ તરફ ઝૂક્યા વિના સૌને સમાન રીતે જોવાની નિષ્પક્ષતા ન હોય તો લાંબા સમયની એકતા ઊભી થઈ શકતી નથી. આથી તિરુક્કુરળમાં સૌહાર્દનો અર્થ મતભેદોનો નાશ કરવો નથી, પરંતુ મતભેદો વચ્ચે પણ માનવીય એકતા જાળવવી એવો છે.

પ્રેમ, મીઠી વાણી, ધીરજ, ન્યાય અને ક્ષમા - આ તિરુક્કુરળના સામાજિક સૌહાર્દના સ્તંભો છે. એકતા એટલે બધાં એક સરખા હોવા એ નહીં પરંતુ અલગ-અલગ હોવા છતાં પરસ્પર માન ભેર જીવવું.

5.14. તિરુક્કુરળમાં મિત્રતા

તિરુક્કુરળમાં મિત્રતાને માત્ર મનોરંજન કે સમય પસાર કરવાનો સંબંધ માનવામાં આવ્યો નથી. સારો મિત્ર પસંદ કરવો, મિત્રતાની કસોટી કરવી, સાચી મિત્રતા જાળવવી અને ખરાબ મિત્રતાથી દૂર રહેવું – આ રીતે વળ્ળુવર મિત્રતાના અનેક પાસાં તપાસે છે.

முகநக நட்பது நட்பன்று நெஞ்சத்து
அகநக நட்பது நட்பு. (குறள் 786)

મુકનક નટ્પતુ નટ્પન્રુ નેઞ્ચત્તુ
અકનક નટ્પતુ નટ્પુ।

આનન પર સ્મિત થઈ પ્રસરે તે ન કહેવાય મૈત્રી-ભાવ
હૃદયમાં હર્ષ થઈ છલકે તેજ માનવો સાચો મૈત્રી-ભાવ. (કુરળ ૭૮૬)

માત્ર હસતાં મુખે મળવું મિત્રતા નથી; હૃદયમાંથી ઊગતો સાચો પ્રેમ જ મિત્રતા છે.

ભૂલ સુધારતો મિત્ર

મિત્ર માત્ર સુખમાં સાથે રહેનાર નથી. ખોટા માર્ગથી દૂર રાખે અને મુશ્કેલીના સમયે સાથ આપે એ સાચો મિત્ર છે - વળ્ળુવર મિત્રતાની વ્યાખ્યા આ રીતે આપે છે.

அழிவின் அவைநீக்கி ஆறுஉய்த்து அழிவின்கண்
அல்லல் உழப்பதாம் நட்பு. (குறள் 787)

અળિવિન્ અવૈનીક્કિ આરુઉય્ત્તુ અળિવિન્કણ્
અલ્લલ્ ઉળપ્પતામ્ નટ્પુ।

મિત્રને વિનાશક પ્રવૃત્તિયોથી કરી વિમુખ સન્માર્ગ પર દોરવો
અને એના હ્રાસના દુખમાં કરવી ભાગીદારી-આજ છે મૈત્રી. (કુરળ ૭૮૭)

આ કુરળ મિત્રતાની ફરજ પર ભાર મૂકે છે. મુશ્કેલીમાં ફસાયેલા મિત્રને બચાવવાની વાત વળ્ળુવર સુંદર ઉપમા દ્વારા સમજાવે છે:

உடுக்கை இழந்தவன் கைபோல ஆங்கே
இடுக்கண் களைவதாம் நட்பு. (குறள் 788)

ઉટુક્કૈ ઈળન્તવન્ કૈપોલ આઙ્કે
ઈટુક્કણ્ કળૈવતામ્ નટ્પુ।

અંગ પરથી સરકતા વસ્ત્રને કર જેમ ત્વરાથી થામી લે
એમ મિત્રના દુઃખનું ત્વરાથી નિવારણ કરવું જ છે મૈત્રી-ભાવ. (કુરળ ૭૮૮)

કપડું સરકતું હોય ત્યારે હાથ આપોઆપ મદદ કરે છે. આ જ રીતે મિત્ર મુશ્કેલીમાં હોય ત્યારે એની વિનંતીની રાહ જોયા વિના સહાય કરવી એ જ સાચી મિત્રતા છે. આનંદ વહેંચવા કરતા ભૂલ સુધારવી, દુઃખમાં સાથ આપવો અને પ્રામાણિક રહેવું - આ બાબતોમાં મિત્રતાનું સાચું મૂલ્ય છે.

5.15. તિરુક્કુરળમાં રાજનીતિ

તિરુક્કુરળના 'પોરુટ્પાલ'માં રાજ્ય, શાસક, મંત્રી, કિલ્લો, સૈન્ય, નાગરિકો, ન્યાય, અર્થવ્યવસ્થા અને દૂતવ્યવહાર જેવા રાજકીય વિષયોનું વિસ્તૃત વર્ણન છે. વળ્ળુવરના રાજકીય વિચારમાં જનકલ્યાણ અને ન્યાયને પ્રથમ સ્થાન છે.

படைகுடி கூழ்அமைச்சு நட்புஅரண் ஆறும்
உடையான் அரசருள் ஏறு. (குறள் 381)

પટૈકુટિ કૂળ્અમૈચ્ચુ નટ્પુઅરણુ આરુમ્
ઉટૈયાન્ અરચરુળ્ એરુ।

સૈન્ય, રાષ્ટ્ર, ધન, મિત્ર, દુર્ગ અને અમાત્ય
આ ષટ્અંગ જેના સંગ તે શોભે નૃપોમાં સિંહ સદૃશ. (કુરળ ૩૮૧)

વળ્ળુવર સૈન્ય, નાગરિકો, આર્થિક સમૃદ્ધિ, મંત્રીમંડળ, મિત્રતા અને રક્ષણ - આ છ બાબતોને રાજ્યના અગત્યના અંગો ગણે છે.

ન્યાયી શાસન

வான்நோக்கி வாழும் உலகெல்லாம் மன்னவன்
கோல்நோக்கி வாழும் குடி. (குறள் 542)

વાન્નોક્કિ વાળુમ્ ઉલકેલ્લામ્ મન્નવન્
કોલ્નોક્કિ વાળુમ્ કુટિ।

વિશ્વ મેઘ ભણી રાખી (આશાભરી) દૃષ્ટિ જીવે છે અને
અને પ્રજા રાજદંડ (સુશાસન) ભણી (આશાભરી) દૃષ્ટિ રાખી જીવે છે. (કુરળ ૫૪૨)

જેમ દુનિયા વરસાદની રાહ જુએ છે, એમ નાગરિકોનું જીવન શાસકના ન્યાયી શાસન પર આધારિત છે. રાજનીતિ કોઈ વ્યક્તિના ગૌરવ માટેનું સાધન નથી; આ લોકોની સુરક્ષા અને કલ્યાણ માટેની જવાબદારી છે. તિરુક્કુરળના રાજકીય વિચારમાં સત્તા કરતા ન્યાય, શાસક કરતા પ્રજાનું હિત અને બળ કરતાં જવાબદારીનું વધુ મહત્ત્વ છે.

5.16. તિરુક્કુરળમાં વહીવટી કુશળતા

વહીવટનો અર્થ માત્ર નિર્ણય લેવો નથી; યોગ્ય કાર્ય, યોગ્ય વ્યક્તિને, યોગ્ય સમયે સોંપવું, પરિણામોનું મૂલ્યાંકન કરવું અને કાર્ય પૂર્ણ કરવું પણ જરૂરી છે. તિરુક્કુરળના અનેક અધ્યાયોમાં આવાં વહીવટી તત્ત્વો જોવા મળે છે.

இதனை இதனால் இவன்முடிக்கும் என்றாய்ந்து
அதனை அவன்கண் விடல். (குறள் 517)

ઇતનૈ ઇતનાલ્ ઇવન્મુટિક્કુમ્ એન્રાય્ન્તુ
અતનૈ અવન્કણ્ વિટલ્।

‘આ નર આ સાધન થકી શું કરી શકશે આ કાર્ય?’
કરી આ પ્રશ્નનું વિવેચન પશ્ચાત્ત સોંપવો કાર્યભાર. (કુરળ ૫૧૭)

કયું કાર્ય કોણ અને કઈ રીતે કુશળતાપૂર્વક પૂરું કરી શકશે - આ તપાસીને એને જવાબદારી આપવી જોઈએ. વહીવટમાં “યોગ્ય કામ માટે યોગ્ય વ્યક્તિ” નો આ સિદ્ધાંત લાગૂ કરવો જોઈએ.

આયોજન અને અમલ

எண்ணித் துணிக கருமம் துணிந்தபின்
எண்ணுவம் என்பது இழுக்கு. (குறள் 467)

એણ્ણિત્ તુણિક કરુમમ્ તુણિન્તપિන්
એණ්ණුවම් එන්පතු ඉළුක්කු

વિવેચન કરી કર્મમાં પ્રવૃત્ત થાવ
પ્રવૃત્ત થયા પશ્ચાત વિવેચન કરવું મૂઢતા છે. (કુરળ ૪૬૭)

કાર્ય શરૂ કરતાં પહેલાં તપાસ અને વિચાર જરૂરી છે; પરંતુ નિર્ણય લીધા પછી બિનજરૂરી સંકોચ ન હોવો જોઈએ. વળ્ળુવર આયોજન અને અમલ વચ્ચેનું સંતુલન સમજાવે છે.

સાધનો, સમય, કાર્ય-પદ્ધતિ અને મુશ્કેલ કાર્ય પૂરું કરવાની ક્ષમતા સમજવી સારા વહીવટનું લક્ષણ છે. કુરળ કહે છે:

கருவியும் காலமும் செய்கையும் செய்யும்
அருவினையும் மாண்டது அமைச்சு. (குறள் 631)

કરુવિયુම් කාලමුම් චෙය්කෛයුම් චෙය්යුම්
අරුවිනෛයුම් මාණ්ටතු අමෛච්චු

કાર્ય વિશેષને કરવાની પદ્ધતિ, સંસાધન અને સમયનું પરિજ્ઞાન
આવશ્યક છે અમાત્ય-કર્મની નિપૂણતા હેતુ. (કુરળ ૬૩૧)

તિરુક્કુરળની વહીવટી વિચારધારા આયોજન, માનવ-સંસાધનોની પસંદગી, સમયની ઓળખ, જવાબદારી સોંપવી અને કાર્ય-ક્ષમતાના સંકલન પર આધારિત છે. ઉત્તમ વહીવટકર્તા બધું પોતે કરતો નથી; એ કામ યોગ્ય રીતે કરાવતો હોય છે.

5.17. તિરુક્કુરળમાં આર્થિક વિચારો

નૈતિક માર્ગે સંપત્તિ કમાવવી, આનું રક્ષણ કરવું, યોગ્ય રીતે ઉપયોગ કરવો અને બીજાઓને પણ આનો લાભ મળે આ સુનિશ્ચિત કરવું - આ બાબતો પર તિરુક્કુરળ ભાર મૂકે છે. આ રીતે અર્થતંત્રને માનવકલ્યાણ સાથે જોડવામાં આવે છે.

இயற்றலும் ஈட்டலும் காத்தலும் காத்த
வகுத்தலும் வல்லது அரசு. (குறள் 385)

ඉයර්ලුම් ඊට්ටලුම් කාත්තලුම් කාත්ත
වකුත්තලුම් වල්ලතු අරසු

ઉપાર્જન, વૃદ્ધિ, રક્ષા અને વિતરણ ધનનું
કરવામાં હોય જે પ્રવીણ તેને જ માનવો નૃપ (શ્રેષ્ઠ). (કુરળ ૩૮૫)

આવકનું સર્જન, કમાણી, સંરક્ષણ અને યોગ્ય વહેંચણી - આ સારા આર્થિક વહીવટનાં ઘટકો છે.

સંપત્તિનો સામાજિક ઉપયોગ

કોઈ દેશ આર્થિક રીતે સ્વાવલંબી બને તો એની સમૃદ્ધિ દુશ્મનના ગર્વને પણ ઓછો કરી શકે છે. દેશે આવી આર્થિક શક્તિ મેળવવી જોઈએ - આ વિચાર કુરળમાં વ્યક્ત થાય છે:

செய்க பொருளைச் செறுநர் செருக்கறுக்கும்
எஃகுஅதனிற் கூரியது இல். (குறள் 759)

ચેય્ક પોરુળૈચ્ ચેરુનર્ ચેરુક્કરુક્કુમ્
એઃકુઅતનિર્ કૂરિયતુ ઈલ્।

ધનનો કરવો સંચય કેમ કે શત્રુના અહંકારને
કાપવાવાળું એનાથી તેજ કોઈ શસ્ત્ર નથી. (કુરળ ૭૫૯)

આર્થિક શક્તિ વ્યક્તિ અને રાજ્ય બંનેને કાર્યક્ષમ બનાવે છે. પરંતુ સંપત્તિ ધર્મના નિયંત્રણમાં રહેવી જોઈએ - આ તિરુક્કુરળનો વ્યાપક વિચાર છે. દાન, પરસ્પર સહકાર અને અતિથિ-સત્કાર જેવા અધ્યાયો સંપત્તિ પ્રત્યેની સામાજિક જવાબદારી પણ દર્શાવે છે. આથી સંપત્તિ એકત્ર કરવાનો અંતિમ હેતુ માત્ર આને ભેગી કરવો નથી; આનો ઉપયોગ સમાજના હિતમાં કરવો પણ છે.

તિરુક્કુરળની આર્થિક વિચારધારામાં ઉત્પાદન, કમાણી, રક્ષણ અને વહેંચણીનો સમાવેશ થાય છે. સંપત્તિએ માણસ પર શાસન ન કરવું જોઈએ; આનો ઉપયોગ માનવકલ્યાણ માટે થવો જોઈએ. ધર્મ સાથે જોડાયેલું અર્થતંત્ર જ સ્થાયી સંપત્તિ છે - વળ્ળુવરનો આ મૂળભૂત સંદેશ છે.

5.18. તિરુક્કુરળમાં ખેતી

તિરુવળ્ળુવર ખેતીને માત્ર એક વ્યવસાય તરીકે નહીં, પરંતુ સામાજિક જીવનના પાયા તરીકે જુએ છે. ખાદ્ય ઉત્પાદન વિના દુનિયા ચાલી શકે નહીં. આથી તિરુવળ્ળુવર ખેડૂતને ઊંચું સ્થાન આપે છે.

சுழன்றும்ஏர்ப் பின்னது உலகம் அதனால்
உழந்தும் உழவே தலை. (குறள் 1031)

ચુળન્રુમ્એર્પ્ પિન્નતુ ઉલકમ્ અતનાલ્
ઉળન્તુમ્ ઉળવે તલૈ।

ચક્ર સમ ફરતું આ જગત હળને જ આશ્રિત છે
અતઃ કૃષિ-કર્મ છે સર્વશ્રેષ્ઠ, ભલે હોય એ શારીરિક શ્રમથી યુક્ત. (કુરળ ૧૦૩૧)

દુનિયા અનેક વ્યવસાયોમાં વ્યસ્ત હોય પરંતુ અંતે તો ખોરાક માટે ખેતી પર જ આધાર રાખે છે.

સમાજનો આધારસ્તંભ

ખેતી વિશ્વના જીવોની ભૂખ દૂર કરી શકે છે અને મનમાં આનંદ તથા સ્પષ્ટતા લાવે છે. ભૂખ મટાડનાર ચિકિત્સક અર્થાત્ ખેડૂતોનું ગૌરવ ગાતા વળ્ળુવર કહે છે:

உழுதுண்டு வாழ்வாரே வாழ்வார்மற் றெல்லாம்
தொழுதுண்டு பின்செல் பவர். (குறள் 1033)

ઉળુતુણ્ટુ વાળ્વારે વાળ્વાર્મર્ રેલ્લામ્
તોળુતુણ્ટુ પિન્ચેલ્ પવર્.

કૃષક-જીવન જ છે સાચું જીવન
અન્ય સધળા (વ્યવસાય) તો તેનું અનુસરણ કરે છે નમીને. (કુરળ ૧૦૩૩)

આ કુરળ ખોરાક ઉત્પન્ન કરનારા લોકોની આત્મનિર્ભરતા અને સમાજમાં એમનાં યોગદાનને ઊંચું સ્થાન આપે છે.

உழவினார் கைம்மடங்கின் இல்லை விழைவதூஉம்
விட்டேமென் பார்க்கு நிலை. (குறள் 1036)

ઉળવિનાર્ કૈમ્મટઙ્કિન્ ઈલ્લૈ વિળૈવતૂઉમ્
વિટ્ટેમેન્ પાર્ક્કુ નિલૈ.

'અમે નિસ્પૃહ નર!' - આવું ઉચ્ચારનારનું અસ્તિત્ત્વ
ટકે નહીં જો કૃષક નિજ હાથ પાછળ ખેંચી લે. (કુરળ ૧૦૩૬)

ખેડૂતોનું કામ અટકે તો બીજા ક્ષેત્રો પર પણ અસર થાય છે - આ સામાજિક અને આર્થિક સત્ય વળ્ળુવર સમજાવે છે. તિરુક્કુરળમાં ખેતી માત્ર ખોરાકનું ઉત્પાદન નથી; આ માનવ-સમાજનો જીવનાધાર છે. ખેડૂતનું સન્માન એટલે માત્ર એક વ્યવસાયનું સન્માન નહીં, પરંતુ માનવ-જીવનને ટેકો આપતા મૂળભૂત પરિશ્રમનું સન્માન.

5.19. तिरुक्कुरळमां पर्यावरण

તિરુક્કુરળમાં 'પર્યાવરણ' શબ્દ સીધો ન આવ્યો હોવા છતાં વરસાદ, પાણી, ખેતી, સર્વજીવપ્રેમ, અહિંસા અને મર્યાદિત ઉપભોગ જેવા વિચારો દ્વારા પ્રકૃતિ અને માનવ-જીવન વચ્ચેનો સંબંધ નોંધાયો છે.

પાણીનું મહત્ત્વ

દુનિયાનું જીવનચક્ર અટક્યા વિના ચાલતું રહે એ માટે જળસંપત્તિ અનિવાર્ય છે. વળ્ળુવર પાણીનું મહત્ત્વ આ રીતે સમજાવે છે:

நீர்இன்று அமையாது உலகெனின் யார்யார்க்கும்
வான்இன்று அமையாது ஒழுக்கு. (குறள் 20)

નીર્ઇન્ન્રુ અમૈયાતુ ઉલકેનિન્ યાર્યાર્ક્કુમ્
વાન્ઇન્ન્રુ અમૈયાતુ ઓળુક્કુ.

જળ વિના સંસારમાં જીવનનો થઈ જાય અંત
અને વર્ષા વિના તો સદાચાર નો પણ આવે અંત. (કુરળ ૨૦)

પાણી ન હોય તો જગતનું જીવન ચાલતું નથી. આથી પાણીના મુખ્ય સ્ત્રોત વરસાદનું મહત્ત્વ પણ વળ્ળુવર સમજાવે છે:

விசும்பின் துளிவீழின் அல்லால்மற் றாங்கே
பசும்புல் தலைகாண்பு அரிது. (குறள் 16)

વિચુમ્પિન્ તુળિવીળિન્ અલ્લાલ્મર્ રાઙ્કે
પચુમ્પુલ્ તલૈકાણ્પુ અરિતુ।
વ્યોમથી વૃષ્ટિ જો થાય નહીં
તો હરિયાળી દેખાય નહીં. (કુરળ ૧૬)

એક નાનકડા ઘાસના તણખા માટે પણ વરસાદ જરૂરી છે. મનુષ્ય, વનસ્પતિ, પાણી અને વરસાદ અલગ-અલગ નથી; સૌ પરસ્પર જોડાયેલી પ્રાકૃતિક સાંકળના ભાગ છે.

સર્વજીવપ્રેમ અને પર્યાવરણ-વિચાર

દેશમાં પાણીની અછત થાય તો સમૃદ્ધિ ઘટે અને ગરીબી વધે. ત્યારબાદ રોગ, ભૂખ અને શત્રુતા વધીને દેશનું સામાન્ય જીવન ખોરવાય છે. આથી જળસંપત્તિ આ મુશ્કેલીઓ દૂર કરતું મોટું સાધન છે. કુદરતી સંસાધનોથી સમૃદ્ધ દેશમાં ભૂખ ઓછી થાય છે; સૌને ખોરાક મળવાથી શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સુધરે છે અને જરૂરિયાતો પૂરી થતા વેરભાવ પણ ઘટે છે. દાન અને તપ પણ શક્ય બને છે. આથી પ્રકૃતિનું રક્ષણ કરવું આપણી ફરજ છે. આમ વળ્ળુવર કહે છે:

தானம் தவமிரண்டும் தங்கா வியனுலகம்
வானம் வழங்காது எனின். (குறள் 19)

તાનમ્ તવમિરણ્ટુમ્ તઙ્કા વિયનુલકમ્
વાનમ્ વળઙ્કાતુ એનિન્।
વિસ્તૃત વ્યોમ જળ-વૃષ્ટિ જો કરે નહીં
તો વિશાળ વસુંધા પરથી દાન અને તપ નો લોપ થઈ જાય. (કુરળ ૧૯)

તિરુક્કુરળના પર્યાવરણ વિષયક વિચારો સમજાવે છે કે માણસ પ્રકૃતિથી અલગ રહી શકતો નથી. પ્રકૃતિનું રક્ષણ કરવું માત્ર બહારની દુનિયાને બચાવવું નથી; આ માનવજીવનના પાયાનું રક્ષણ કરવા સમાન છે.

5.20. તિરુક્કુરળમાં કુટુંબ-ધર્મ

તિરુક્કુરળમાં કુટુંબને માત્ર અંગત નિવાસસ્થાન માનવામાં આવ્યું નથી; આ એવી પ્રથમ સામાજિક સંસ્થા છે જ્યાં નૈતિકતા જન્મે છે. પ્રેમ, જવાબદારી, અતિથિ-સત્કાર, સંતાન-પ્રાપ્તિ અને સ્નેહભર્યા સંબંધો કુટુંબ-ધર્મના અંગો છે.

அன்பும் அறனும் உடைத்தாயின் இல்வாழ்க்கை
பண்பும் பயனும் அது. (குறள் 45)

અન્પુમ્ અરનુમ્ ઉટૈત્તાયિન્ ઇલ્વાળ્ક્કૈ
પણ્પુમ્ પયનુમ્ અતુ।
સ્નેહ અને ધર્મથી આચ્છાદિત ગાર્હસ્થ્ય જીવન
રળિયામણું હોય છે અને સફળ પણ. (કુરળ ૪૫)

કુટુંબનું ગૌરવ સંપત્તિમાં નથી; પ્રેમ અને નૈતિકતાથી ભરેલા સંબંધોમાં છે.

કુટુંબની સામાજિક જવાબદારી

વ્યક્તિગત જીવનનો અર્થ માત્ર પોતે અને પોતાનો પરિવાર એટલું જ નથી. દરેક વ્યક્તિએ જે સંસારે એને જન્મ આપ્યો છે અને એનું રક્ષણ કરે છે, એના માટે પોતાથી બને એટલું કર્તવ્ય નિભાવવું જોઈએ. મોટા પાયે સામાજિક

સેવા શક્ય ન હોય તોય પોતાની આસપાસના સંબંધો અને જીવોનું રક્ષણ કરવું દરેક વ્યક્તિની ફરજ છે. આ વિચાર સાથે વળ્ળુવર ગૃહસ્થના કર્તવ્યો સ્પષ્ટ કરે છે. ત્યાગીઓ, ગરીબો અને પોતાના પૂર્વજોને લગતા કર્તવ્યોમાં સહારો આપવો ગૃહસ્થ-ધર્મ છે. કુરળ કહે છે:

இல்வாழ்வான் என்பான் இயல்புடைய மூவர்க்கும்
நல்லாற்றின் நின்ற துணை. (குறள் 41)

ઇલ્વાળ્વાન્ એન્પાન્ ઇયલ્પુટૈય મૂવર્ક્કુમ્
નલ્લાર્રિન્ નિન્ર તુણૈ।

ગૃહસ્થ કહેવાય છે તે જ કર્તવ્યપરાયણ
જે ત્રણેયનો દૃઢતા પૂર્વક સાથ આપે છે. (કુરળ ૪૧)

ગૃહસ્થ-જીવન માત્ર પોતાના માટેની વ્યવસ્થા નથી; આમાં બીજાઓને ટેકો આપવાની સામાજિક જવાબદારી છે. આ જવાબદારીનો આધાર સારું કુટુંબ છે. કુટુંબના વિકાસ માટે સદ્‌ગુણવાળી જીવનસાથી અને આગળની પેઢીને યોગ્ય દિશા આપનાર સારા સંતાનો જરૂરી છે. વળ્ળુવર કહે છે:

மங்கலம் என்ப மனைமாட்சி மற்றதன்
நன்கலம் நன்மக்கட் பேறு. (குறள் 60)

મઙ્કલમ્ એન્પ મનૈમાટ્ચિ મર્રતન્
નન્કલમ્ નન્મક્કટ્ પેરુ।

ગૃહિણીના સદ્‌ગુણ જ ગાર્હસ્થ જીવનની શોભા છે
અને સંતાન આભૂષણ. (કુરળ ૬૦)

કુટુંબની વિશેષતા સારા કુટુંબ-મૂલ્યોમાં અને આવતી પેઢીને સારા માર્ગે ઘડવામાં છે. તિરુક્કુરળનો કુટુંબ-ધર્મ પ્રેમ, જવાબદારી, વહેંચણી અને સદ્‌ગુણવાળી નવી પેઢીના નિર્માણનો સમન્વય છે. સારો સમાજ રચવો હોય તો આની પ્રથમ શાળા સમાન કુટુંબમાં નૈતિકતા હોવી જરૂરી છે.

5.21. તિરુક્કુરળમાં સ્ત્રીઓ

તિરુક્કુરળમાં સ્ત્રીઓ વિશેના વિચારોને એ સમયની સામાજિક પૃષ્ઠભૂમિ સાથે વાંચવા જરૂરી છે. ગૃહસ્થજીવન, જીવનસાથી, સંતાન અને 'ઇન્બત્તુપ્પાલ' અર્થાત્ કામ-કાંડમાં સ્ત્રીનું સ્થાન વિવિધ દૃષ્ટિકોણથી રજૂ થાય છે. જીવનસાથીના ગુણો, કુટુંબનું સંચાલન અને સંબંધોની ઊંડાઈ જેવા પાસાં આમાં મહત્ત્વના છે.

ગૃહસ્થજીવનમાં સ્ત્રી

જીવનસાથી કુટુંબની સમૃદ્ધિ અને પરિસ્થિતિને અનુરૂપ ઘરનું સંચાલન કુશળતાથી કરતી ગૌરવશાળી વ્યક્તિ રૂપે રજૂ થાય છે.

மனைத்தக்க மாண்புடையள் ஆகித்தற் கொண்டான்
வளத்தக்காள் வாழ்க்கைத் துணை. (குறள் 51)

મનૈત્તક્ક માણ્પુટૈયળ્ આકિત્તર્ કોણ્ટાન્
વળત્તક્કાળ્ વાળ્કૈત્ તુણૈ।

ગાર્હસ્થ્ય સદ્‌ગુણોથી સમ્પન્ન
આવક અનુકૂળ ગૃહસ્થી ચલાવતી નાર જ જીવન-સંગિની કહેવાય! (કુરળ ૫૧)

આ કુરળ દ્વારા કુટુંબવ્યવસ્થામાં સ્ત્રીની જવાબદારી અને મહત્ત્વ વ્યક્ત થાય છે. યોગ્ય ગુણવાળી ગૃહિણી ન હોય તો ઘર સમૃદ્ધ થઈ શકતું નથી, એવું પણ વળ્ળુવર કહે છે:

மனைமாட்சி இல்லாள்கண் இல்லாயின் வாழ்க்கை
எனைமாட்சித் தாயினும் இல். (குறள் 52)

મનૈમાટ્ચિ ઈલ્લાળ્કણ્ ઈલ્લાયિન્ વાળ્ક્કૈ
એનૈમાટ્ચિત્ તાયિનુમ્ ઈલ્.

ગૃહિણીમાં ગાર્હસ્થ્ય ગુણ ન હોય તો
દામ્પત્ત્ય જીવન કેટલું પણ શ્રેષ્ઠ કેમ ન હોય વ્યર્થ છે. (કુરળ ૫૨)

બાહ્ય સંપત્તિ કેટલીય હોય, પરંતુ કુટુંબ-જીવનમાં આંતરિક ગુણ અને ગૌરવ ન હોય તો કુટુંબની પૂર્ણતા ઘટે છે - આ વિચાર અહીં સ્પષ્ટ થાય છે.

પ્રેમમાં સ્ત્રીનો સ્વર

'ઇન્બત્તુપ્પાલ'માં પ્રેમિકાના સ્નેહ, વિયોગ, ઝંખના અને માન-મનામણાં જેવા આંતરિક ભાવો એના પોતાના સ્વર સાથે પ્રગટ થાય છે. આથી તિરુક્કુરળમાં સ્ત્રી માત્ર કુટુંબની જવાબદારી વહન કરનાર વ્યક્તિ નથી; એ ઊંડા ભાવો અને ઇચ્છાઓ ધરાવતી વ્યક્તિ પણ છે. આ અધ્યાયો જીવનસાથીનું ગૌરવ, કુટુંબમાં એની મહત્ત્વની ભૂમિકા અને પ્રેમ-જીવનમાં એના લાગણીસભર ભાવોને સ્પષ્ટ કરે છે.

5.22. તિરુક્કુરળમાં વ્યવસ્થાપન

'વ્યવસ્થાપન' શબ્દ તિરુક્કુરળમાં સીધો ન આવ્યો હોવા છતાં, આયોજન, માનવ સંસાધનોની પસંદગી, સમય અને સ્થળની ઓળખ, જવાબદારી સોંપવી, નિર્ણય લેવો અને દેખરેખ રાખવી જેવા વ્યવસ્થાપનના અનેક ઘટકો 'પોરુટ્પાલ'માં અર્થાત્ અર્થકાંડમાં જોવા મળે છે. કોઈ કાર્ય પહેલાં આયોજન જરૂરી છે, પરંતુ નિર્ણય લીધા પછીનો સંકોચ કાર્યક્ષમતાને નુકસાન પહોંચાડે છે. કુરળ કહે છે:

எண்ணித் துணிக கருமம் துணிந்தபின்
எண்ணுவம் என்பது இழுக்கு. (குறள் 467)

એણ્ણિત્ તુણિક કરુમમ્ તુણિન્તપિન્
એણ્ણુવમ્ એન્પતુ ઈળુક્કુ.

વિવેચન કરી કર્મમાં પ્રવૃત્ત થાવ
પ્રવૃત્ત થયા પશ્ચાત વિવેચન કરવું મૂઢતા છે. (કુરળ ૪૬૭)

માનવ સંસાધન વ્યવસ્થાપન

યોગ્ય વ્યક્તિ પસંદ કરીને એને કાર્ય સોંપવું અને યોગ્ય સમય-મર્યાદામાં કામ પૂરું કરાવવું - આ માનવ સંસાધનનો મહત્ત્વનો ભાગ છે. આ સંસાધનો કુશળતાપૂર્વક ઉપયોગ સફળતા તરફ દોરી જાય છે. વ્યવસ્થાપનમાં આ વિચાર ઉત્તમ સિદ્ધાંત માનવામાં આવે છે; તિરુક્કુરળમાં પણ નોંધાયું છે:

இதனை இதனால் இவன்முடிக்கும் என்றாய்ந்து
அதனை அவன்கண் விடல். (குறள் 517)

ઇતનૈ ઇતનાલ્ ઇવન્મુટિક્કુમ્ એન્રાય્ન્તુ
અતનૈ અવન્કણ્ વિટલ્।

'આ નર આ સાધન થકી શું કરી શકશે આ કાર્ય?'
કરી આ પ્રશ્નનું વિવેચન પશ્ચાત્ત સૌંપવો કાર્યભાર. (કુરળ ૫૧૭)

કાર્યનું સ્વરૂપ, એને પૂર્ણ કરવાની રીત અને એને કરનાર વ્યક્તિની ક્ષમતા - આ બધાનું મૂલ્યાંકન કર્યા પછી જ જવાબદારી સોંપવી જોઈએ. આ કુશળતાના આધારે કાર્ય વહેંચણીનો ઉત્તમ સિદ્ધાંત છે.

સમય અને અમલીકરણ

સમય અને સ્થળ કાર્યની સફળતામાં મોટી ભૂમિકા ભજવે છે. આથી કાર્ય કરતી વખતે આ બંને બાબતો ધ્યાનમાં લેવી જોઈએ. કુરળ સમજાવે છે:

ஞாலம் கருதினும் கைகூடும் காலம்
கருதி இடத்தாற் செயின். (குறள் 484)

ઞાલમ્ કરુતિનુમ્ કૈકૂટુમ્ કાલમ્
કરુતિ ઇટત્તાર્ચ્ચેયિન્।

હસ્તગત થઈ જાય સઘળો સંસાર
જો ઉચિત સમયે ઉચિત સ્થાને કાર્ય સમ્પન્ન થાય. (કુરળ ૪૮૪)

યોગ્ય સમય અને પરિસ્થિતિ ઓળખીને કાર્ય કરવામાં આવે તો મોટાં લક્ષ્યો પણ પ્રાપ્ત થઈ શકે છે. આથી વ્યવસ્થાપનમાં સાધનો જ નહીં, સમય અને પરિસ્થિતિ પણ સંસાધનો છે. તિરુક્કુરળનો વ્યવસ્થાપન-વિચાર એટલે આયોજન, તપાસ, યોગ્ય વ્યક્તિની પસંદગી, સમય ઓળખીને કાર્ય અને દૃઢતાથી અમલ. સારું વ્યવસ્થાપન એટલે વધુ કામ કરવું નહીં, પરંતુ યોગ્ય કામ યોગ્ય રીતે અને યોગ્ય સમયે પૂરું કરવું.

5.23. વિશ્વની ભાષાઓમાં તિરુક્કુરળ

તિરુક્કુરળ તમિળમાં રચાયું હોવા છતાં આના કેન્દ્રીય વિચારો માનવ-જીવનના સામાન્ય પ્રશ્નોને સ્પર્શે છે. ધર્મ, પ્રેમ, ન્યાય, મિત્રતા, શાસન, શિક્ષણ, પરિશ્રમ, કુટુંબ અને દાંપત્ય જીવન જેવા વિષયો સમગ્ર વિશ્વના લોકો માટે પ્રસ્તુત છે. આથી તિરુક્કુરળને વિશ્વનું સર્વમાન્ય નૈતિક ગ્રંથ માનવામાં આવે છે. વિવિધ ભાષાના લોકો આને પોતાની ભાષામાં અનુવાદિત કરે છે આનું મુખ્ય કારણ આના સર્વમાન્ય વિચારો છે.

શિક્ષણ માણસને દેશ અને પ્રદેશની સીમાઓ પાર લઈ જાય છે. એ જ રીતે અનુવાદોના માધ્યમથી તિરુક્કુરળ પોતાની મૂળ ભાષાની સીમા ઓળંગીને અનેક દેશોના લોકો સુધી પહોંચ્યું છે.

તિરુક્કુરળનો અનુવાદ કરવો એટલે માત્ર શબ્દો બદલવા નહીં. બે પંક્તિઓમાં સમાયેલ કુરળની સંક્ષિપ્તતા, ઉપમા, વ્યાકરણની રચના અને સાંસ્કૃતિક સૂક્ષ્મતાઓને બીજી ભાષામાં પહોંચાડવી મોટો પડકાર છે. આથી દરેક અનુવાદ મૂળ અને નવી ભાષાના સાંસ્કૃતિક વિશ્વ વચ્ચેનો એક પુલ બની રહે છે.

તિરુક્કુરળની વૈશ્વિક પ્રાસંગિકતા માત્ર આના અનુવાદોની સંખ્યા પરથી નક્કી થતી નથી. માનવ-જીવનના પાયાના પ્રશ્નોને અત્યંત સંક્ષિપ્ત રીતે રજૂ કરવાની આની ક્ષમતા આના વ્યાપક વાચનનું મુખ્ય કારણ છે.

"સારા માણસ બનીને કેવી રીતે જીવવું?", "સત્તાનો ઉપયોગ કેવી રીતે કરવો?", "સંપત્તિનો હેતુ શું છે?", "મિત્રતા

કેવી હોવી જોઈએ?" અને "બીજાને નુકસાન કર્યા વિના કેવી રીતે જીવવું?" - આવા પ્રશ્નો સમય અને ભાષાની સીમાઓ પાર કરીને સમગ્ર માનવ-સમાજ માટે સામાન્ય છે.

તિરુક્કુરળનો ભારતીય, યુરોપીય અને દક્ષિણ-પૂર્વ એશિયાઈ સહિત અનેક ભાષાઓમાં થયેલો અનુવાદ આ વાતનો પુરાવો છે કે આ ગ્રંથ વિશ્વનો સર્વમાન્ય નૈતિક ગ્રંથ છે. આ અનુવાદો તમિળ અને અન્ય ભાષાઓની સંસ્કૃતિઓ વચ્ચે જ્ઞાન અને સંસ્કૃતિના આદાન-પ્રદાનનું માધ્યમ બને છે.

તમિળ સાહિત્યની સંપત્તિ તરીકે સર્જીત થયેલું તિરુક્કુરળ અનુવાદો દ્વારા સમગ્ર માનવ-સમાજ સાથે સંવાદ કરતો ગ્રંથ બન્યો છે. આની વૈશ્વિક યાત્રાની શક્તિ આના ટૂંકા સ્વરૂપમાં જ નથી, પરંતુ એ ટૂંકા સ્વરૂપમાં સમાયેલી વ્યાપક માનવીય વિચારધારામાં છે. ભાષાઓ બદલાય છે, છતાં પ્રેમ, ધર્મ, ન્યાય અને માનવતાની જરૂરિયાત બદલાતી નથી. આ સર્વમાનવીય ગુણ જ તિરુક્કુરળને ભાષાની સીમાઓ પાર કરીને સતત આગળ વધારતો રહે છે.

આ પ્રકરણોમાં 'વાણમરૈ વળ્ળુવમ્' અંતર્ગત વિશ્વમાન્ય નૈતિક ગ્રંથ તિરુક્કુરળના વિવિધ વિષયો વિશે આપણે જાણ્યું. આગળના ભાગમાં ગ્રંથ કુરળ મણિમાલૈના માધ્યમથી તિરુક્કુરળનો અભ્યાસ કરીશું.

પ્રકરણ ૬
કુરળ મણિમાલૈ
અર્થાત્ કુરળનાં અમૂલ્ય મોતીની માળા

કુરળના અમૂલ્ય મોતીની આ માળામાં અરત્તુપાલ અર્થાત્ ધર્મ-કાંડ અને પોરૂળપાલ અર્થાત્ અર્થ-કાંડના દરેક પ્રકરણમાંથી એક-એક કુરળ પસંદ કરીને સંકલિત કરવામાં આવ્યાં છે. જો આપણે દરરોજ એક કુરળ શીખીએ, તો ધીમે-ધીમે તિરુક્કુરળના ત્રણેય કાંડનો સંપૂર્ણ અભ્યાસ કરી શકીશું.

1. *அறத்துப்பால்*
અરત્તુપ્પાલ્ - ધરમ - ખંડ

1. *கடவுள் வாழ்த்து*
કટવુળ્ વાળ્ત્તુ - ઈશ્વર-સ્તુતિ

அகர முதல எழுத்தெல்லாம் ஆதி
பகவன் முதற்றே உலகு. (குறள் 1)

મિડે અખરજી શરૂઆતમેં, આય અકાર જો મૂડ.
સજે જગતજો આદિ તાં, આદિ ભગવાન જ મૂડ.

'અ'કાર છે સઘળી વર્ણમાળાઓમાં મોખરે
આદિ ભગવાન છે સઘળા લોકમાં મોખરે. (કુરળ ૧)

2. வான்சிறப்பு
વાન્ચિરપ્પુ - વર્ષાનું વૈશિષ્ટ્ય

வான்நின்று உலகம் வழங்கி வருதலால்
தான்அமிழ்தம் என்றுணரல் பாற்று. (குறள் 11)

વાન્નિન્નુ ઉલકમ્ વળઙ્કિ વરુતલાલ્
તાન્અમિળ્તમ્ એન્નુણરલ્ પાર્ત્ત

વર્ષાથી પોષિત છે આ વિશ્વ
અતઃ યોગ્ય છે અમૃત નામ એનું. (કુરળ ૧૧)

3 *நீத்தார் பெருமை*
નીત્તાર્ પેરુમૈ - સંન્યાસીનું મહાત્મ્ય

அந்தணர் என்போர் அறவோர்மற் றெவ்வுயிர்க்கும்
செந்தண்மை பூண்டொழுக லான். (குறள் 30)

અન્તણર્ એન્પોર્ અરવોર્મર્ રેવ્વુયિર્ક્કુમ્
ચેન્તણ્મૈ પૂણ્ટુઓળુક લાન્

ઋષી કહેવાય છે તે ધર્મરત
જે સઘળા જીવો પર સહજ દયાર્દ્ર હોય. (કુરળ ૩૦)

4. அறன் வலியுறுத்தல்
અરન્ વલિયુરુત્તલ્ - ધર્મનો આગ્રહ

அன்றறிவாம் என்னாது அறம்செய்க மற்றது
பொன்றுங்கால் பொன்றாத் துணை. (குறள் 36)

અન્રરિવામ્ એન્નાતુ અરમ્ચેય્ક મર્તુ
પોન્રુઙ્કાલ્ પોન્રાત્ તુણૈ।

ધર્મકાર્ય નિરન્તર કરતા રહો
મરણોપરાન્ત પણ એ ઓથ આપસે. (કુરળ ૩૬)

5. இல்வாழ்க்கை
ઈલ્વાળ્ક્કૈ - ગાર્હસ્થ્ય જીવન

வையத்துள் வாழ்வாங்கு வாழ்பவன் வான்உறையும்
தெய்வத்துள் வைக்கப் படும். (குறள் 50)

વૈયત્તુળ્ વાળ્વાઙ્કુ વાળ્પવન્ વાન્ઉરૈયુમ્
તૈય્વત્તુળ્ વૈક્કપ્ પટુમ્।

ધર્માનુકુળ ગાર્હસ્થ્ય જીવન ગાળતો નર
આકાશ નિવાસી દેવતા તુલ્ય ગણાશે. (કુરળ ૫૦)

6. வாழ்க்கைத் துணைநலம்
વાળ્ક્કૈત્ તુણૈનલમ્ - જીવનસાથીના ગુણ

மங்கலம் என்ப மனைமாட்சி மற்றதன்
நன்கலம் நன்மக்கட் பேறு. (குறள் 60)

મઙ્કલમ્ એન્પ મનૈમાટ્ચિ મર્તન્
નન્કલમ્ નન્મક્કટ્ પેરુ।

ગૃહિણીના સદ્ગુણ જ ગાર્હસ્થ જીવનની શોભા છે
અને સંતાન આભૂષણ. (કુરળ ૬૦)

7. மக்கட்பேறு
મક્કટ્પેરુ - સંતાન-પ્રાપ્તિ

குழலினிது யாழினிது என்பதம் மக்கள்
மழலைச்சொல் கேளா தவர். (குறள் 66)

કુળલિનિતુ યાળિનિતુ એન્પતમ્ મક્કળ્
મળલૈચ્ચોલ્ કેળા તવર્।

વાંસળી મધુર છે, વીણા મધુર છે કહેનાર નરે
નિજ સંતાનના તોતડા બોલ સાંભળ્યા નહીં હોય. (કુરળ ૬૬)

8. அன்புடைமை
અન્પુટૈમૈ - સ્નેહભાવ

அன்பிலார் எல்லாம் தமக்குரியர் அன்புடையார்
என்பும் உரியர் பிறர்க்கு. (குறள் 72)

அன்பிலார் எல்லாம் தமக்குரியர் அன்புடையார்
என்பும் உரியர் பிறர்க்கு।

સ્નેહરહિત નર સઘળું માને છે પોતાનું
સ્નેહશીલ નર સ્વઅસ્થિને પણ અન્ય હેતુ માને છે. (કુરળ ૭૨)

9. விருந்தோம்பல்
விருન்தோம்பல் - આતિથ્ય

மோப்பக் குழையும் அனிச்சம் முகம்திரிந்து
நோக்கக் குழையும் விருந்து. (குறள் 90)

மோப்பக் குழையும் அனிச்சம் முகம்திரிந்து
நோக்கக் குழையும் விருந்து।

સુંઘવાથી જેમ *અનિચ્ચમ* કરમાય છે
તેમ ભાવરહિત વદન જોઈ અતિથિ પણ અકળાય છે. (કુરળ ૯૦)

10. இனியவை கூறல்
ઈનિયવૈ કૂરલ் - મધુર વાણી

இனிய உளவாக இன்னாத கூறல்
கனியிருப்பக் காய்கவர்ந் தற்று. (குறள் 100)

ઈનિય ઉળવાક ઈન્નાત કૂરલ்
કનિયિરુપ્પક் કાય்கவர்ન் તરு।

મધુર વચનના રહેતા કટુનો કરવો વ્યવહાર
જાણે પાકા ફળ તજી કરવો કાચાનો આહાર! (કુરળ ૧૦૦)

11. செய்ந்நன்றி அறிதல்
ચેય்ન્નન્રિ અરિતલ் - કૃતજ્ઞતા

செய்யாமல் செய்த உதவிக்கு வையகமும்
வானகமும் ஆற்றல் அரிது. (குறள் 101)

ચેય்યામલ் ચેય்த ઉતવિક்கு વૈયકમુમ்
વાનકમુમ் આર்ல் અરિતુ।

અનુગ્રહ કોઈનો પામ્યા વિના કરવો એનો ઉપકાર
કર્મ છે આ એવું, ધરા-વ્યોમ આપીને પણ ન વળાય વટક જેનું. (કુરળ ૧૦૧)

12. நடுவுநிலைமை
નટુવુનિલૈમૈ - મધ્યમાર્ગ (અનુસરણ)

வாணிகம் செய்வார்க்கு வாணிகம் பேணிப்
பிறவும் தமபோல் செயின். (குறள் 120)

વાણિકમ் ચેય்વાર்க்கு વાણિકમ் પેણિપ்
પિરવુમ் તમપોல் ચેયિન்।

શ્રેષ્ઠ વાણિજ્ય વ્યવહાર તે
જેમાં વણિક ઈતરનું દ્રવ્ય પણ સ્વનું સમજે. (કુરળ ૧૨૦)

13. அடக்கமுடைமை
અટક્કમુટૈમૈ - સંયમ

தீயினால் சுட்டபுண் உள்ளாறும் ஆறாதே
நாவினால் சுட்ட வடு. (குறள் 129)

તીયિનાલ્ ચુટ્ટપુણ્ ઉળ્ળારુમ્ આરાતે
નાવિનાલ્ ચુટ્ટ વટુ।

દાઝ્યાનો ડામ તો રૂઝાય જાય છે
પણ જીલ્વાનો ડામ ક્યારેય રૂઝાતો નથી. (કુરળ ૧૨૯)

14. ஒழுக்கமுடைமை
ઓળુક્કમુટૈમૈ - સદાચરણ

ஒழுக்கம் விழுப்பம் தரலான் ஒழுக்கம்
உயிரினும் ஓம்பப் படும். (குறள் 131)

ઓળુક્કમ્ વિળુપ્પમ્ તરલાન્ ઓળુક્કમ્
ઉયિરિનુમ્ ઓમ્પપ્ પટુમ્।

સદાચરણ શ્રીવૃદ્ધિ પ્રદેયક છે
અતઃ તેની પ્રાણથી પણ વિશેષ જાળવણી કરવી જોઈએ. (કુરળ ૧૩૧)

15. பிறனில் விழையாமை
પિરનિલ્ વિળૈયામૈ - પરસ્ત્રી અનાસક્તિ

பிறன்மனை நோக்காத பேராண்மை சான்றோர்க்கு
அறனொன்றோ ஆன்ற ஒழுக்கு. (குறள் 148)

પિરન્મનૈ નોક્કાત પેરાણ્મૈ ચાન્રોર્ક્કુ
અરનોન્રો આન્ર ઓળુક્કુ।

પરનાર પર કામુક દૃષ્ટિપાત ન કરતો નર
સદાચરણને જ ધર્મ માને છે. (કુરળ ૧૪૮)

16. பொறையுடைமை
પોરૈયુટૈમૈ - સહિષ્ણુતા

பொறுத்தல் இறப்பினை என்றும் அதனை
மறத்தல் அதனினும் நன்று. (குறள் 152)

પોરુત્તલ્ ઈરપ્પિનૈ એન્રુમ્ અતનૈ
મરત્તલ્ અતનિનુમ્ નન્રு।

(અપકાર પ્રતિ) સહનશીલતા એક શ્રેષ્ઠ ગુણ છે.
પણ (અપકારનું) વિસ્મરણ તેનાથી પણ શ્રેષ્ઠ ગુણ છે. (કુરળ ૧૫૨)

17. அழுக்காறாமை
અળુક્કારામૈ - અનસૂયા

ஒழுக்காறாக் கொள்க ஒருவன்தன் நெஞ்சத்து
அழுக்காறு இலாத இயல்பு. (குறள் 161)

ઓળુક્કારાક્ કોળ્ક ઓરુવન્તન્ નેઞ્ચત્તુ
અળુક્કારુ ઈલાત ઈયલ્પુ।

એ પ્રવૃત્તિ જેમાં હૃદય (મન) ઈર્ષા મુક્ત રહે છે
તેને જ સદાચરણ સમજવું જોઈએ. (કુરળ ૧૬૧)

18. ***வெஃகாமை***
વેःકામૈ - નિર્લોભતા

178. *அஃகாமை செல்வத்திற்கு யாதெனின் வெஃகாமை*
வேண்டும் பிறன்கைப் பொருள்.

અःકામૈ ચેલ્વત્તિર્કુ યાતેનિન્ વેःકામૈ
વેણ્ટુમ્ પિરન્કૈપ્ પોરુળ્।

અક્ષય વૈભવપ્રાપ્તિનો શું છે ઉપાય?
એજ કે અન્યના દ્રવ્ય પ્રતિ લોભવૃત્તિ ન રાખવી. (કુરળ ૧૭૮)

19. ***புறங்கூறாமை***
પુરઙ્કૂરામૈ - દ્વેષનો અભાવ

190. *ஏதிலார் குற்றம்போல் தம்குற்றம் காண்கிற்பின்*
தீதுண்டோ மன்னும் உயிர்க்கு. (குறள் 190)

એતિલાર્ કુર્ઽમ્પોલ્ તમ્કુર્ઽમ્ કાણ્કિર્પિન્
તીતુણ્ટો મન્નુમ્ ઉયિર્ક્કુ।

પરદોષ અવલોકન સમ સ્વનું કરે જો છિદ્રાન્વેષણ મનુજ
તો આત્મા માત્રને કોઈ સંતાપ ન થાય. (કુરળ ૧૯૦)

20. ***பயனில சொல்லாமை***
પયનિલ ચોલ્લામૈ - વૃથાલાપ નિષેધ

சொல்லுக சொல்லில் பயனுடைய சொல்லற்க
சொல்லில் பயனிலாச் சொல். (குறள் 200)

ચોલ્લુક ચોલ્લિલ્ પયનુટૈય ચોલ્લર્ક
ચોલ્લિલ્ પયનિલાચ્ ચોલ્।

કહેવું હોય તો કહેજો કથન અર્થવાન અને હિતકારી
જો જો નિષ્પ્રયોજન ન હોય કોઈ કથન તમારૂ. (કુરળ ૨૦૦)

21. ***தீவினையச்சம்***
તીવિનૈયચ્ચમ્ - કુકર્મ-ભીતિ

தீயவை தீய பயத்தலால் தீயவை
தீயினும் அஞ்சப் படும். (குறள் 202)

તીયવૈ તીય પયત્તલાલ્ તીયવૈ
તીયિનુમ્ અઞ્ચપ્ પટુમ્।

કુકર્મનું ફળ દુઃખદ હોય છે
કુકર્મથી અગ્નિ સમ બચવું. (કુરળ ૨૦૨)

22. ஒப்புரவறிதல்
ઓપ્પુરવરિતલ્ - (સામાજિક) કર્ત્તવ્ય-બોધ

கைம்மாறு வேண்டா கடப்பாடு மாரிமாட்டு
என்னாற்றும் கொல்லோ உலகு. (குறள் 211)

કૈમ્મારુ વેણ્ટા કટપ્પાટુ મારિમાટ્ટુ
એન્નાર્રુમ્ કોલ્લો ઉલકુ।

ઉપકારમાં પ્રત્યુપકારની ઇચ્છા ન રાખશો
મેઘને શું પરત આપે છે આ સંસાર? (કુરળ ૨૧૧)

23. ஈகை
ઈકૈ - દાનની મહત્તા

அற்றார் அழிபசி தீர்த்தல் அஃதொருவன்
பெற்றான் பொருள்வைப் புழி. (குறள் 226)

અર્રાર્ અળિપચિ તીર્ત્તલ્ અઃતોરુવન્
પેર્રાન્ પોરુળ્વૈપ્ પુળિ।

દારિદ્રજનની તીવ્ર ક્ષુધાને શાંત કરવી
આ કાર્ય જ છે કોષાગારમાં સંચિત કરવા જેવી મૂડી. (કુરળ ૨૨૬)

24. புகழ்
પુકળ્ - યશ

ஈதல் இசைபட வாழ்தல் அதுவல்லது
ஊதியம் இல்லை உயிர்க்கு. (குறள் 231)

ઈતલ્ ઇચૈપટ વાળ્તલ્ અતુવલ્લતુ
ઊતિયમ્ ઇલ્લૈ ઉયિર્કુ।

દાન પ્રવૃત્ત યશસ્વી જીવન ગાળવું જોઈએ
આથી વિશેષ કશું શ્રેષ્ઠ નથી! (કુરળ ૨૩૧)

25. அருளுடைமை
અરુળુટૈમૈ - દયાભાવ

அருட்செல்வம் செல்வத்துள் செல்வம் பொருட்செல்வம்
பூரியார் கண்ணும் உள. (குறள் 241)

અરુટ્ચેલ્વમ્ ચેલ્વત્તુળ્ ચેલ્વમ્ પોરુટ્ચેલ્વમ્
પૂરિયાર્ કણ્ણુમ્ ઉળ।

દયાભાવ રૂપી સંપત્તિ જ સર્વ શ્રેષ્ઠ સંપત્તિ છે
અન્ય ભૌતિક સમ્પત્તિ તો તુચ્છ નર પાસે પણ હોય છે. (કુરળ ૨૪૧)

26. புலால் மறுத்தல்
પુલાલ્ મરુત્તલ્ - માંસાહાર-વર્જન

கொல்லான் புலாலை மறுத்தானைக் கைகூப்பி
எல்லா உயிரு தொழும். (குறள் 260)

કોલ્લાન્ પુલાલૈ મરુત્તાનૈક્ કૈકૂપ્પિ
એલ્લા ઉયિરુમ્ તોળુમ્।

જીવવધ અને માંસાહાર કરે નહીં જે નર
તેને કર-બદ્ધ નમન કરે છે સૃષ્ટિના સઘળા જીવ. (કુરળ ૨૬૦)

27. தவம்
તવમ્ - તપસ્યા

உற்றநோய் நோன்றல் உயிர்க்குஉறுகண் செய்யாமை
அற்றே தவத்திற்கு உரு. (குறள் 261)

ઉર્નોય્ નોન્રલ્ ઉયિર્કુઉરુકણ્ ચેય્યામૈ
અર્રે તવત્તિર્કુ ઉરુ।

સ્વયમ્ દુખ સહવું અને અન્યને દુઃખ ન દેવું
આજ જ છે તપસ્યાનું સાચું સ્વરૂપ. (કુરળ ૨૬૧)

28. கூடாவொழுக்கம்
કૂટાવોળુક્કમ્ - મિથ્યાચાર

வலியில் நிலைமையான் வல்லுருவம் பெற்றம்
புலியின்தோல் போர்த்துமேய்ந் தற்று. (குறள் 273)

વલિયિલ્ નિલૈમૈયાન્ વલ્લુરુવમ્ પેર્રમ્
પુલિયિન્તોલ્ પોર્ત્તુમેય્ન્ તર્રુ।

(મનથી) નબળો નર વેશ ધરે સબળાનો (તપસ્વીનો)
જાણે ઘાસ ચરે પ્રાણી ઓઢી વાઘનું ચર્મ. (કુરળ ૨૭૩)

29. கள்ளாமை
કળ્ળામૈ - અસ્તેય

எள்ளாமை வேண்டுவான் என்பான் எனைத்தொன்றும்
கள்ளாமை காக்கதன் நெஞ்சு. (குறள் 281)

એળ્ળામૈ વેણ્ટુવાન્ એન્પાન્ એનૈત્તોન્ર્રુમ્
કળ્ળામૈ કાક્કતન્ નેઞ્ચુ।

ધિક્કારથી પરે જો ગાળવું હોય જીવન
તો અન્યના પદાર્થ પ્રતિ સ્તેયભાવ ન આણો મનમાં. (કુરળ ૨૮૧)

30. வாய்மை
વાય્મૈ - સત્ય કથન

வாய்மை எனப்படுவது யாதெனின் யாதொன்றும்
தீமை இலாத சொலல். (குறள் 291)

વાય્મૈ એનપ્પટ્ટુવતુ યાતેનિન્ યાતોન્ર્રુમ્
તીમૈ ઇલાત ચોલલ્।

કથન સત્ય તે છે કહેવાય
જેથી કોઈનું કોઈ પણ પ્રકારનું અનિષ્ટ ન થાય. (કુરળ ૨૯૧)

31. வெகுளாமை
વેકુળામૈ - ક્રોધ-દમન

தன்னைத்தான் காக்கின் சினம்காக்க காவாக்கால்
தன்னையே கொல்லும் சினம். (குறள் 305)

તન્નૈત્તાન્ કાક્કિન્ ચિનમ્કાક્ક કાવાક્કાલ્
તન્નૈયે કોલ્લુમ્ ચિનમ્।

સ્વની રક્ષા જ કરવી હોય તો ક્રોધથી બચો
અન્યથા ક્રોધ તમને નષ્ટ કરી દેશે. (કુરળ ૩૦૫)

32. இன்னா செய்யாமை
ઈન્ના ચેય્યામૈ - અનિષ્ટ કર્મ-નિષેધ

இன்னாசெய் தாரை ஒறுத்தல் அவர்நாண
நன்னயம் செய்து விடல். (குறள் 314)

ઈન્નાચેય્ તારૈ ઓરુત્તલ્ અવર્નાણ
નન્નયમ્ ચેય્તુ વિટલ્।

અનિષ્ટકર્તાને આપો (ઉચિત) દંડ અને કરો તેની ભલાઈ
પશ્ચાત વિસ્મૃત કરો સ્વની ભલાઈ અને તેની બુરાઈ. (કુરળ ૩૧૪)

33. கொல்லாமை
કોલ્લામૈ - વધ-નિષેધ

பகுத்துண்டு பல்லுயிர் ஓம்புதல் நூலோர்
தொகுத்தவற்றுள் எல்லாம் தலை. (குறள் 322)

પકુત્તુણ્ટુ પલ્લુયિર્ ઓમ્પુતલ્ નૂલોર્
તોકુત્તવર્઱ુળ્ એલ્લામ્ તલૈ।

અન્ય જીવોને આપીને અન્ન આરોગવું, આ છે જીવન રક્ષક કર્મ
શાસ્ત્ર રચયિતા સર્વે આનેજ સર્વશ્રેષ્ઠ ધર્મ માને છે. (કુરળ ૩૨૨)

34. நிலையாமை
નિલૈયામૈ - અનિત્યતા

நெருநல் உளனொருவன் இன்றில்லை என்னும்
பெருமை உடைத்திவ் வுலகு. (குறள் 336)

નેરુનલ્ ઉળનોરુવન્ ઇન્રિલ્લૈ એન્નુમ્
પેરુમૈ ઉટૈત્તિવ્ વુલકુ।

જે કાલે હતું એ આજે નથી
આ છે મહિમા જગતની. (કુરળ ૩૩૬)

35. துறவு
તુરવુ - વૈરાગ્ય

பற்றுக பற்றற்றான் பற்றினை அப்பற்றைப்
பற்றுக பற்று விடற்கு. (குறள் 350)

પર્઱ુક પર્઱ર્઱ાન્ પર્઱િનૈ અપ્પર્઱ૈપ્
પર્઱ુક પર્઱ુ વિટર્કુ।

સર્વ બંધનોથી વિમુક્ત (પરમાત્મા)ના બંધનમાં બંધાવો
આ બંધનજ સઘળા (સાંસારિક) બંધનોથી વિમુક્ત કરાવશે. (કુરળ ૩૫૦)

36. மெய்யுணர்தல்
મેય્યુણર્તલ્ - સત્ય-સંજ્ઞાન

எப்பொருள் எத்தன்மைத்து ஆயினும் அப்பொருள்
மெய்ப்பொருள் காண்பது அறிவு. (குறள் 355)

એપ્પોરુળ્ એત્તન્મૈત્તુ આયિનુમ્ અપ્પોરુળ્
મેય્પ્પોરુળ્ કાણ્પતુ અરિવુ।

પદાર્થની બાહ્ય પ્રતિતી ગમે તેવી હોય
તેનું સાચું (આન્તરિક) સ્વરૂપ જાણવું જ સત્ય-જ્ઞાન કહેવાય. (કુરળ ૩૫૫)

37. அவா அறுத்தல்
અવા અરુત્તલ્ - તૃષ્ણા-દમન

361. *அவாஎன்ப எல்லா உயிர்க்கும்எஞ் ஞான்றும்*
தவாஅப் பிறப்பீனும் வித்து. (குறள் 361)

અવાએન્પ એલ્લા ઉયિર્ક્કુમ્એઞ્ ઞાન્રુમ્
તવાઅપ્ પિરપ્પીનુમ્ વિત્તુ।

તૃષ્ણાનો ભાવ બધાં જીવોમાં વિદ્યમાન હોય છે
અને એ જ જન્મ-મરણનું બીજ છે. (કુરળ ૩૬૧)

38. ஊழ்
ઊળ્ - પ્રારબ્ધ

ஊழின் பெருவலி யாவுள மற்றொன்று
சூழினும் தான்முந் துறும். (குறள் 380)

ઊળિન્ પેરુવલિ યાવુળ મર્રોન્રુ
ચૂળિનુમ્ તાન્મુન્ તુરુમ્।

પ્રારબ્ધથી પ્રબળ નથી કોઈ શક્તિ
અન્ય શક્તિઓનો તોડી ઘેરો તે સર્વદા હોય છે આગળ. (કુરળ ૩૮૦)

2. பொருட்பால்
પોરુટ્પાલ્ - અર્થ-ખંડ

39. இறைமாட்சி
ઈરૈમાટ્ચિ - નૃપ-મહિમા

முறைசெய்து காப்பாற்றும் மன்னவன் மக்கட்கு
இறையென்று வைக்கப் படும். (குறள் 388)

મુરૈચેય્તુ કાપ્પાર્રુમ્ મન્નવન્ મક્કટ્કુ
ઈરૈયેન્રુ વૈક્કપ્ પટુમ્।

નીતિ અનુરૂપ જે નૃપ કરે પ્રજાનું રક્ષણ
પ્રજા માને તેને દેવ સ્વરૂપ. (કુરળ ૩૮૮)

40. கல்வி
કલ્વિ - શિક્ષા

கற்க கசடறக் கற்பவை கற்றபின்
நிற்க அதற்குத் தக. (குறள் 391)

કર્ક કચટરક્ કર્પવૈ કર્પિન્
નિર્ક અતર્કુત્ તક।

વિષય સઘળા શીખવા યોગ્ય શીખો પૂર્ણતઃ
અને શીખ્યા ઉપરાન્ત કરો આચરણ તદ્નુરૂપ. (કુરળ ૩૯૧)

41. கல்லாமை
કલ્લામૈ - શિક્ષાવિહીન

விலங்கொடு மக்கள் அனையர் இலங்குநூல்
கற்றாரோடு ஏனை யவர். (குறள் 410)

વિલઙ્કોટુ મક્કળ્ અનૈયર્ ઇલઙ્કુનૂલ્
કર્રારોટુ એનૈ યવર્।

અશિક્ષિત સમક્ષ અધ્યેતા સદ્ગ્રન્થોનો
જાણે પશુ સમક્ષ માનવ! (કુરળ ૪૧૦)

42. கேள்வி
કેળ્વિ - શ્રવણ

செல்வத்துள் செல்வம் செவிச்செல்வம் அச்செல்வம்
செல்வத்துள் எல்லாம் தலை. (குறள் 411)

ચેલ્વત્તુળ્ ચેલ્વમ્ ચેવિચ્ચેલ્વમ્ અચ્ચેલ્વમ્
ચેલ્વત્તુળ્ એલ્લામ્ તલૈ।

શ્રવણથી પ્રાપ્ત (જ્ઞાનરૂપી) સંપત્તિ સર્વાધિક મૂલ્યવાન છે
તે સઘળી સમ્પત્તિઓમાં સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે. (કુરળ ૪૧૧)

43. அறிவுடைமை
અરિવુટૈમૈ - બુદ્ધિમત્તા

எப்பொருள் யார்யார்வாய்க் கேட்பினும் அப்பொருள்
மெய்ப்பொருள் காண்பது அறிவு. (குறள் 423)

એપ્પોરુળ્ યાર્યાર્વાય્ક્ કેટ્પિનુમ્ અપ્પોરુળ્
મેય્પ્પોરુળ્ કાણ્પતુ અરિવુ।

વિષય નાના અનેકાનેક મુખથી સાંભળી
તેમાં નિહિત સત્યને પારખવું જ બુદ્ધિમત્તા છે. (કુરળ ૪૨૩)

44. குற்றங்கடிதல்
કુર્ર્ઙ્કટિતલ્ - અવગુણ નિવારણ

தன்குற்றம் நீக்கிப் பிறர்குற்றம் காண்கிற்பின்
என்குற்றம் ஆகும் இறைக்கு. (குறள் 436)

તન્કુર્મ્ નીક્કિપ્ પિરર્કુર્મ્ કાણ્કિર્પિન્
એન્કુર્મ્ આકુમ્ ઈરૈક્કુ।

સ્વના અવગુણ દૂર કરી અવલોકે જે પરના અવગુણ
એવા નૃપમાં ભલા હોઈ શકે કોઈ અવગુણ? (કુરળ ૪૩૬)

45. பெரியாரைத் துணைக்கோடல்
પેરિયારૈત્ તુણૈક્કોટલ્ - સત્સંગ

இடிப்பாரை இல்லாத ஏமரா மன்னன்
கெடுப்பார் இலானும் கெடும். (குறள் 448)

ઇટિપ્પારૈ ઇલ્લાત એમરા મન્નન્
કેટુપ્પાર્ ઇલાનુમ્ કેટુમ્।

(ત્રુટિ જોઈ) પ્રતાડિત કરતાં સાથીનું સહચર્ય નથી પ્રાપ્ત જેને
એ નૃપનો શત્રુના અભાવમાં પણ છે વિનાશ નિશ્ચિત. (કુરળ ૪૪૮)

46. சிற்றினம் சேராமை
થિર્રિનમ્ ચેરામૈ - કુસંગનો પરિત્યાગ

நிலத்தியல்பால் நீர்திரிந்து அற்றாகும் மாந்தர்க்கு
இனத்தியல்ப தாகும் அறிவு. (குறள் 452)

નિલત્તિયલ્પાલ્ નીર્તિરિન્તુ અર્રાકુમ્ માન્તર્કુ
ઇનત્તિયલ્પ તાકુમ્ અરિવુ।

માટીના ગુણ સદૃશ જણાય છે જળની શ્રેણી
અને સંગત અનુરૂપ હોય છે નરની બુદ્ધિ. (કુરળ ૪૫૨)

47. தெரிந்து செயல்வகை
તેરિન્તુ ચેયલ્વકૈ - બોધયુક્ત કર્મ

எண்ணித் துணிக கருமம் துணிந்தபின்
எண்ணுவம் என்பது இழுக்கு.

એણિણત્ તુણિક કરુમમ્ તુણિન્તપિન્
એણણુવમ્ એન્પતુ ઈળુક્કુ। *(குறள் 467)*

વિવેચન કરી કર્મમાં પ્રવૃત્ત થાવ
પ્રવૃત્ત થયા પશ્ચાત વિવેચન કરવું મૂઢતા છે. (કુરળ ૪૬૭)

48. વલીયરિતલ્
વલિયરિતલ્ - બળનો બોધ

વિનைவலியும் தன்வலியும் மாற்றான் வலியும்
துணைவலியும் தூக்கிச் செயல். (குறள் 471)

વિનૈવલિયુમ્ તન્વલિયુમ્ માર્રાન્ વલિયુમ્
તુણૈવલિયુમ્ તૂક્કિચ્ચ્ ચૈયલ્।

કાર્યની જટીલતા, સ્વની અને સંગાથિઓની પ્રબળતા
શત્રુનું બળ - આ સઘળાની વિવેચના પશ્ચાત કાર્ય હાથે ધરવું. (કુરળ ૪૭૧)

49. காலமறிதல்
કાલમરિતલ્ - સમયનો બોધ

கொக்கொக்க கூம்பும் பருவத்து மற்றதன்
குத்தொக்க சீர்த்த இடத்து. (குறள் 490)

કોક્કોક્ક કૂમ્પુમ્ પરુવત્તુ મર્રતન્
કુત્તોક્ક ચીર્ત્ત ઈટત્તુ।

પ્રતીક્ષા કરો સારસ સદૃશ પ્રશાંત
અવસર આવતા ઝપટો પણ એના સમ! (કુરળ ૪૯૦)

50. இடனறிதல்
ઈટનરિતલ્ - સ્થાનનો બોધ

நெடும்புனலுள் வெல்லும் முதலை அடும்புனலின்
நீங்கின் அதனைப் பிற. (குறள் 495)

નેટુમ્પુનલુળ્ વેલ્લુમ્ મુતલૈ અટુમ્પુનલિન્
નીઙ્કિન્ અતનૈપ્ પિર।

ઊંડા જળમાં મગર અન્ય જીવો પર વિજય પ્રાપ્ત કરે છે
પણ જળની બહાર આ જ મગર પર અન્ય જીવ વિજયી થાય છે. (કુરળ ૪૯૫)

51. தெரிந்து தெளிதல்
તેરિન્તુ તેળિતલ્ - બોધપૂર્ણ ચયન

குணம்நாடிக் குற்றமும்நாடி அவற்றுள்
மிகைநாடி மிக்க கொளல். (குறள் 504)

કુણમ્નાટિક્ કુર્રમુમ્ નાટિ અવર્રુળ્
મિકૈનાટિ મિક્ક કોળલ્।

નરના ગુણ પારખો અને પારખો અવગુણ
બાહુલ્ય છે જેનું તદ્નુરૂપ શ્રેણી જાણો તેની. (કુરળ ૫૦૪)

52. *தெரிந்து வினையாடல்*
તેરિન્તુ વિનૈયાટલ્ - પરખીને કાર્યભાર સોંપવો

இதனை இதனால் இவன்முடிக்கும் என்றாய்ந்து
அதனை அவன்கண் விடல். (குறள் 517)

ઇતનૈ ઇતનાલ્ ઇવન્મુટિક્કુમ્ એન્રાય્ન્તુ
અતનૈ અવન્કણ્ વિટલ્।

'આ નર આ સાધન થકી શું કરી શકશે આ કાર્ય?'
કરી આ પ્રશ્નનું વિવેચન પશ્ચાત્ત સૌંપવો કાર્યભાર. (કુરળ ૫૧૭)

53. *சுற்றந்தழால்*
ચુર્ન્તળાલ્ - બન્ધુજનોની કાળજી

காக்கை கரவா கரைந்துண்ணும் ஆக்கமும்
அன்னநீ ரார்க்கே உள. (குறள் 527)

કાક્કૈ કરવા કરૈન્તુણ્ણુમ્ આક્કમુમ્
અન્નની રાર્ક્કે ઉળા।

પ્રાપ્ત આહાર આરોગે છે કાગ સ્વબંધુ સંગ કરી કોલાહલ
આવી વૃત્તિ હોય જેની તેજ નર પામે શ્રીવૃદ્ધિ. (કુરળ ૫૨૭)

54. *பொச்சாவாமை*
પોય્ચ્ચાવામૈ - અવિસ્મૃતિ

535. *முன்னுறக் காவாது இழுக்கியான் தன்பிழை*
பின்னூறு இரங்கி விடும். (குறள் 535)

મુન્નુરક્ કાવાતુ ઈળુક્કિયાન્ તન્પિળૈ
પિન્નૂરુ ઈરઙ્કિ વિટુમ્।

અસાવધ નર (વિસ્મૃતિવશ) આવનાર વિપદાઓનો કરતો નથી ઉપચાર
પશ્ચાત પછતાય છે ઘણો આ દુર્ગુણના કારણે! (કુરળ ૫૩૫)

55. *செங்கோன்மை*
યેઙ્કોન્મૈ - સુશાસન

வான்நோக்கி வாழும் உலகெல்லாம் மன்னவன்
கோல்நோக்கி வாழும் குடி. (குறள் 542)

વાન્નોક્કિ વાળુમ્ ઉલકેલ્લામ્ મન્નવન્
કોલ્નોક્કિ વાળુમ્ કુટિ।

વિશ્વ મેઘ ભણી રાખી (આશાભરી) દૃષ્ટિ જીવે છે અને
અને પ્રજા રાજદંડ (સુશાસન) ભણી (આશાભરી) દૃષ્ટિ રાખી જીવે છે. (કુરળ ૫૪૨)

56. *கொடுங்கோன்மை*
કોટુઙ્કોન્મૈ - ક્રૂર શાસન

அல்லற்பட்டு ஆற்றாது அழுதகண் ணீரன்றே
செல்வத்தைத் தேய்க்கும் படை. (குறள் 555)

અલ્લર્પટ્ટુ આર્તુ અળુતકણ્ ણીરન્રે
ચેલ્વત્તૈત્ તેય્ક્કુમ્ પટૈ।

ઉત્પીડિત જનનાં રુદનમાં વહેતા અશ્રુજળ-કણ
વૈભવને વિનષ્ટ કરનાર સૈન્યબળ નથી તો શું છે? (કુરળ ૫૫૫)

57. வெருவந்த செய்யாமை
વેરુવન્ત ચેય્યામૈ - ભયપ્રદ કર્મ ન કરવું

தக்காங்கு நாடித் தலைச்செல்லா வண்ணத்தால்
ஒத்தாங்கு ஒறுப்பது வேந்து. (குறள் 561)

તક્કાઙ્કુ નાટિત્ તલૈચ્ચેલ્લા વણ્ણત્તાલ્
ઓત્તાઙ્કુ ઓરુપ્પતુ વેન્તુ।

અપરાધનું કરી સૂક્ષ્મ અવલોકન, નૃપ શ્રેષ્ઠ
આપે છે એવો દંડ જેથી ન થાય અપરાધની પુનરાવૃત્તિ. (કુરળ ૫૬૧)

58. கண்ணோட்டம்
કણ્ણોટ્ટમ્ - કરુણા

பெயக்கண்டும் நஞ்சுண்டு அமைவர் நயத்தக்க
நாகரிகம் வேண்டு பவர். (குறள் 580)

પેયક્કણ્ટુમ્ નઞ્ચુણ્ટુ અમૈવર્ નયત્તક્ક
નાકરિકમ્ વેણ્ટુ પવર્।

સુસંસ્કાર પ્રતિ છે જેના મનમાં આદર-ભાવ,
તે નર, મિત્ર પ્રદત્ત ગરલનું કરી પાન, રહે છે પ્રશાંત. (કુરળ ૫૮૦)

59. ஒற்றாடல்
ઓર્રાટલ્ - ગુપ્તચર-વ્યવસ્થા

ஒற்றும் உரைசான்ற நூலும் இவையிரண்டும்
தெற்றென்க மன்னவன் கண். (குறள் 581)

ઓર્રુમ્ ઉરૈચાન્ર નૂલુમ્ ઈવૈયિરણ્ટુમ્
તેર્રેન્ક મન્નવન્ કણ્।

જગ વિખ્યાત નીતિ-ગ્રન્થ અને ગુપ્તચર
આ બન્ને માનવા ઉભય નેત્ર નરેશના. (કુરળ ૫૮૧)

60. ஊக்கமுடைமை
ઊક્કમુટૈમૈ - ઉત્સાહ-ભાવ

வெள்ளத் தனைய மலர்நீட்டம் மாந்தர்தம்
உள்ளத் தனையது உயர்வு. (595)

વેળ્ળત્ તનૈય મલર્નીટ્ટમ્ માન્તર્તમ્
ઉળ્ળત્ તનૈયતુ ઉયર્વુ।

જળની થાહ અનુરૂપ હોય છે જલજ-નાળ
નરના આન્તરિકભાવ અનુરૂપ હોય છે એની ઉન્નતિ! (કુરળ ૫૯૫)

61. மடியின்மை
મટિયિન્મૈ - આળસ રહિતતા

நெடுநீர் மறவி மடிதுயில் நான்கும்
கெடுநீரார் காமக் கலன். (குறள் 605)

નેટુનીર્ મરવિ મટિતુયિલ્ નાન્કુમ્
કેટુનીરાર્ કામક્ કલન્।

વિલમ્બ-વૃત્તિ, વિસ્મરણ, આળસ અને નિન્દ્રા-પ્રેમ
નાશવંત નરની આ ચાર પ્રિય હોડિઓ છે. (કુરળ ૬૦૫)

62. ஆள்வினையுடைமை
આળ્વિનૈયુટૈમૈ - ઉદ્યમશીલતા

அருமை உடைத்தென்று அசாவாமை வேண்டும்
பெருமை முயற்சி தரும். (குறள் 611)

અરુમૈ ઉટૈત્તેન્રુ અચાવામૈ વેણ્ટુમ્
પેરુમૈ મુયર્ચિ તરુમ્।

(કાર્ય) આ દુસાધ્ય છે-આવો મનોભાવ ત્યાગો
સતત પ્રયત્ન (કાર્યાવશ્યક) ઉદ્યમતા પ્રદાન કરશે! (કુરળ ૬૧૧)

63. இடுக்கணழியாமை
ઇટુક્કણળિયામૈ - સંકટમાં અવિચળતા

621. *இடுக்கண் வருங்கால் நகுக அதனை*
அடுத்தூர்வது அஃதொப்பது இல். (குறள் 621)

ઇટુક્કણ્ વરુઙ્કાલ્ નકુક અતનૈ
અટુત્તૂર્વતુ અઃતોપ્પતુ ઇલ્।

સંકટની વેળાએ કરો ધારણ સ્મિત
એ સદૃશ નથી અન્ય કોઈ સાધન દુઃખોથી ઉબરવાનું. (કુરળ ૬૨૧)

64. அமைச்சு
અમૈચ્ચુ - અમાત્ય કર્મ

கருவியும் காலமும் செய்கையும் செய்யும்
அருவினையும் மாண்டது அமைச்சு.(குறள் 631)

કરુવિયુમ્ કાલમુમ્ ચેય્કૈયુમ્ ચેય્યુમ્
અરુવિનૈયુમ્ માણ્ટતુ અમૈચ્ચુ।

કાર્ય વિશેષને કરવાની પદ્ધતિ, સંસાધન અને સમયનું પરિજ્ઞાન
આવશ્યક છે અમાત્ય-કર્મની નિપૂણતા હેતુ. (કુરળ ૬૩૧)

65. சொல்வன்மை
ચોલ્વન્મૈ - વાકપટુતા

சொல்லுக சொல்லைப் பிறிதோர்சொல் அச்சொல்லை
வெல்லும்சொல் இன்மை அறிந்து. (குறள் 645)

ચોલ્લુક ચોલ્લૈપ્ પિરિતોર્ચોલ્ અચ્ચોલ્લૈ
વેલ્લુમ્ચોલ્ ઈન્મૈ અરિન્તુ।

કરી મન્થન ભાણવો શબ્દ એવો (અર્થવાન)
કે અન્ય કોઈ શબ્દ પામે નહીં વિજય તેનાં પર. (કુરળ ૬૪૫)

66. વિનૈત્તૂય્મૈ
વિનૈત્તૂય્મૈ - કર્મ-શુચિતા

656. *ஈன்றாள் பசிகாண்பான் ஆயினும் செய்யற்க*
சான்றோர் பழிக்கும் வினை. (குறள் 656)

ઈન્રાળ્ પચિકાણ્પાન્ આયિનુમ્ ચેય્યર્ક
ચાન્રોર્ પળિક્કુમ્ વિનૈ।

સ્વમાતાની ક્ષુધા-તૃપ્તિ હેતુ પણ નરે ન કરવું એ કાર્ય
જેની વિવેકવાન કરે નિંદા. (કુરળ ૬૫૬)

67. વિનૈત્તિટ્પમ્
વિનૈત્તિટ્પમ્ - કર્મમાં દૃઢતા

எண்ணிய எண்ணியாங்கு எய்துப எண்ணியார்
திண்ணியர் ஆகப் பெறின். (குறள் 666)

એણ્ણિય એણ્ણિયાઙ્કુ એય્દુપ એણ્ણિયાર્
તિણ્ણિયર્ આકપ્ પેરિન્।

સંકલ્પ કર્તા પામશે પદાર્થ સઘળા
સ્વકલ્પના અનુરૂપ જો હશે તે કાર્ય રત દૃઢ-સંકલ્પ. (કુરળ ૬૬૬)

68. વિનૈચેયલ્વકૈ
વિનૈચેયલ્વકૈ - કાર્ય-પદ્ધતિ

தூங்குக தூங்கிச் செயற்பால தூங்கற்க
தூங்காது செய்யும் வினை. (குறள் 672)

તૂઙ્કુક તૂઙ્કિચ્ચે ચેયર્પાલ તૂઙ્કર્ક
તૂઙ્કાતુ ચેય્યુમ્ વિનૈ।

વિલમ્બ યોગ્ય કાર્ય વિલમ્બિત કરો
પણ અવિલમ્બિત કાર્યમાં વિલમ્બનો કોઈ અવકાશ નથી. (કુરળ ૬૭૨)

69. તૂતુ
તૂતુ - (રાજ) દૂત

இறுதி பயப்பினும் எஞ்சாது இறைவற்கு
உறுதி பயப்பதாம் தூது. (குறள் 690)

ઈરુતિ પયપ્પિનુમ્ એઞ્ચાતુ ઈરૈવર્કુ
ઉરુતિ પયપ્પતામ્ તૂતુ।

પ્રાણ સંકટમાં હોય તો પણ થઈ નિડર
જે સ્વનૃપના હિતની કરે સાધના, જાણવો એને જ સાચો રાજદૂત. (કુરળ ૬૯૦)

70. மன்னரைச் சேர்ந்தொழுகல்
મન્નરૈચ્ ચેન્તોળુકલ્ - નૃપ સંગ યથેષ્ટ વ્યવહાર

அகலாது அணுகாது தீக்காய்வார் போல்க
இகல்வேந்தர்ச் சேர்ந்தொழுகு வார். (குறள் 691)

અકલાતુ અણુકાતુ તીક્કાય્વાર્ પોલ્ક
ઇકલ્વેન્તર્ચ્ ચેન્તોળુકુ વાર્.

રાજાશ્રિત નરે નૃપથી કરવો વ્યવહાર એવો જાણે શિયાળમાં
તાપણા સમ્મુખ- ન અતિ નિકટ ન અતિ દૂર! (કુરળ ૬૯૧)

71. குறிப்பறிதல்
કુરિપ્પરિતલ્ - મનોભાવની પરખ

அடுத்தது காட்டும் பளிங்குபோல் நெஞ்சம்
கடுத்தது காட்டும் முகம். (குறள் 706)

અટુત્તતુ કાટ્ટુમ્ પળિઙ્કુપોલ્ નેઞ્ચમ્
કટુત્તતુ કાટ્ટુમ્ મુકમ્.

નિકટ સ્થિત પદાર્થનું જેમ આરસી દર્શાવે છે પ્રતિબિમ્બ
તેમ મુખ-ભાવ વ્યક્ત કરે છે હૃદય-સ્થિત ભાવ. (કુરળ ૭૦૬)

72. அவையறிதல்
અવૈયરિતલ્ - સભાની સમજ

அவையறிந்து ஆராய்ந்து சொல்லுக சொல்லின்
தொகையறிந்த தூய்மை யவர். (குறள் 711)

અવૈયરિન્તુ આરાય્ન્તુ ચોલ્લુક ચોલ્લિન્
તોકૈયરિન્ત તૂય્મૈ યવર્.

શબ્દ-શક્તિથી અભિજ્ઞ એવા પાવન વૃત્તિના નર
સભાની શ્રોણીને લક્ષ્ય કરી, વિવેચન ઉપરાન્ત કરે છે શબ્દોનો પ્રયોગ! (કુરળ ૭૧૧)

73. அவையஞ்சாமை
અવૈયઞ્ચામૈ - સભા સમક્ષ નિર્ભયતા

கற்றாருள் கற்றார் எனப்படுவர் கற்றார்முன்
கற்ற செலச்சொல்லு வார். (குறள் 722)

કર્રારુળ્ કર્રાર્ એનપ્પટુવર્ કર્રાર્મુન્
કર્ર ચેલચ્ચોલ્લુ વાર્.

વિદ્વાનો સમક્ષ અર્જિત જ્ઞાનને કરી શકે જે વ્યક્ત પ્રભાવપૂર્ણ રીતે
તેને માનવો વિદ્વાનોમાં શ્રેષ્ઠ વિદ્વાન. (કુરળ ૭૨૨)

74. நாடு
નાટુ - રાષ્ટ્ર

பிணியின்மை செல்வம் விளைவின்பம் ஏமம்
அணியென்ப நாட்டிற்கிவ் வைந்து. (குறள் 738)

પિણિયિન્મૈ ચેલ્વમ્ વિળૈવિન્પમ્ એમમ્
અણિયેન્ન નાટ્ટિર્કિવ્ વૈન્તુ।

નિરોગી જીવનાવધિ, ઐશ્વર્ય, પ્રચુર ઉપજ, સાનન્દ-જીવન
અને સુરક્ષા-આ પાંચ આયામ રાષ્ટ્રના અલંકાર કહેવાય. (કુરળ ૭૩૮)

75. அரண்
અરણ્ - દુર્ગ

மணிநீரும் மண்ணும் மலையும் அணிநிழல்
காடும் உடையது அரண். (742)

મણિનીરુમ્ મણ્ણુમ્ મલૈયુમ્ અણિનિળલ્
કાટુમ્ ઉટૈયતુ અરણ્।

માણી સદૃશ પ્રાંજલ જળ, (વિશાળ) ભૂભાગ, (ઊંચા) પર્વત
અને છાયા આચ્છાદિત વન-આ ચારેયથી યુક્ત હોય છે દુર્ગ. (કુરળ ૭૪૨)

76. பொருள்செயல்வகை
પોરુળ્યેયલ્વકૈ - ધનાર્જનની રીતિ

759. *செய்க பொருளைச் செறுநர் செருக்கறுக்கும்*
எஃகுஅதனிற் கூரியது இல். (குறள் 759)

ચેય્ક પોરુળૈચ્ ચેરુનર્ ચેરુક્કરુક્કુમ્
એઃકુઅતનિર્ કૂરિયતુ ઇલ્।

ધનનો કરવો સંચય કેમ કે શત્રુના અહંકારને
કાપવાવાળું એનાથી તેજ કોઈ શસ્ત્ર નથી. (કુરળ ૭૫૯)

77. படைமாட்சி
પટૈમાટ્ચિ - સૈન્ય-માહાત્મ્ય

766. *மறம்மானம் மாண்ட வழிச்செலவு தேற்றம்*
எனநான்கே ஏமம் படைக்கு. (குறள் 766)

મરમ્માનમ્ માણ્ટ વળિચ્ચેલવુ તેર્મ્
એનનાન્કે એમમ્ પટૈક્કુ।

શૌર્ય, સ્વમાન, વિશ્વસ્તતા અને સદ્વ્યવહાર
આ ચારેય ગુણ સૈન્યનાં શ્રેષ્ઠ રક્ષક છે. (કુરળ ૭૬૬)

78. படைச்செருக்கு
પટૈચ્ચેરુક્કુ - સૈન્ય-શૌર્ય

பேராண்மை என்ப தறுகண்ஒன்று உற்றக்கால்
ஊராண்மை மற்றதன் எஃகு. (குறள் 773)

પેરાણ્મૈ એન્ப તરુકણ્ણોન્રુ ઉર્ક્કાલ્
ઊરાણ્મૈ મર્રતન્ એઃકુ।

શત્રુની સાથે નિર્દયી વ્યવહાર પરમ વીરતા કહેવાય છે
અને સંકટગ્રસ્ત શત્રુની સહાયતા કરવી એ વીરતાની પરકાષ્ઠા છે. (કુરળ ૭૭૩)

79. நட்பு
નટ્પુ - મૈત્રી

உடுக்கை இழந்தவன் கைபோல ஆங்கே
இடுக்கண் களைவதாம் நட்பு. (குறள் 788)

ઉટુક્કૈ ઈળન્તવન્ કૈપોલ આઙ્કે
ઈટુક્કણુ કળૈવતામ્ નટ્પુ।

અંગ પરથી સરકતા વસ્ત્રને કર જેમ ત્વરાથી થામી લે
એમ મિત્રના દુઃખનું ત્વરાથી નિવારણ કરવું જ છે મૈત્રી-ભાવ. (કુરળ ૭૮૮)

80. நட்பாராய்தல்
નટ્પારાય્તલ્ - મૈત્રીની પરખ

796. *கேட்டினும் உண்டுஓர் உறுதி கிளைஞரை*
நீட்டி அளப்பதோர் கோல்.

કેટ્ટિનુમ્ ઉણ્ટુઓર્ ઉરુતિ કિળૈઞરૈ
નીટ્ટિ અળપ્પતોર્ કોલ્।

વિપત્તિમાં પણ એક લાભ નિહિત છે
કેમકે તે મિત્રની ઊર્ધ્વતાનું માનદંડ બની જાય છે. (કુરળ ૭૯૬)

81. பழைமை
પળૈમૈ - ચિર મૈત્રી

பழைமை எனப்படுவது யாதெனின் யாதும்
கிழமையைக் கீழ்ந்திடா நட்பு. (குறள் 801)

પળૈમૈ એનપ્પટુવતુ યાતેનિન્ યાતુમ્
કિળમૈયૈક્ કીળ્ન્તટા નટ્પુ।

સ્નેહીજન જ્યારે સ્વઅધિકાર માની કરે જો કોઈ કર્મ
તો અવમાનના રહિત એનો સ્વીકાર જ કહેવાય ગાઢ મૈત્રી. (કુરળ ૮૦૧)

82. தீநட்பு
તીનટ્પુ - અનિષ્ટ મૈત્રી

கனவினும் இன்னாது மன்னோ வினைவேறு
சொல்வேறு பட்டார் தொடர்பு. (குறள் 819)

કનવિનુમ્ ઈન્નાતુ મન્નો વિનૈવેરુ
ચોલ્વેરુ પટ્ટાર્ તોટર્પુ।

કથની અને કરનીમાં જેની હોય અન્તર
એવા નરથી સંબંધ તો સ્વપ્નમાં પણ કરશે આતપ્ત. (કુરળ ૮૧૯)

83. கூடாநட்பு
કૂટાનટ્પુ - છદ્મ મૈત્રી

தொழுதகை யுள்ளும் படையொடுங்கும் ஒன்னார்
அழுதகண் ணீரும் அனைத்து. (குறள் 828)

தோழுதகை யுள்ளும் படையொடுங்கும் ஒன்னார்
அழுதகண் ணீரும் அனைத்து.

વિનમ્રતાથી આબદ્ધ શત્રુનાં કરમાં જેમ પ્રચ્છન્ન હોય છે અસ્ત્ર
એવી જ વૃત્તિ માનવી એના રુદનમાં વહેતા અશ્રુજળની. (કુરળ ૮૨૮)

84. பேதைமை
પેતૈમૈ - મૂઢતા

பேதைமை என்பதுஒன்று யாதெனின் ஏதம்கொண்டு
ஊதியம் போக விடல். (குறள் 831)

પેતૈમૈ એન્પતુઓન્રુ યાતેનિન્ એતમ્કોણ્ટુ
ઊતિયમ્ પોક વિટલ્.

મૂઢતા એ એક એવો વિકાર છે
જે હાનિપ્રદને ગ્રહણ કરી લાભપ્રદનો કરે છે પરિત્યાગ. (કુરળ ૮૩૧)

85. புல்லறிவாண்மை
પુલ્લરિવાણ્મૈ - અહંકારી મૂર્ખતા

உலகத்தார் உண்டென்பது இல்லென்பான் வையத்து
அலகையா வைக்கப் படும். (குறள் 850)

ઉલકત્તાર્ ઉણ્ટેન્પતુ ઇલ્લેન્પાન્ વૈયત્તુ
અલકૈયા વૈક્કપ્ પટુમ્.

જગત જેને ઉપસ્થિત કહે છે
એને અનુપસ્થિત કહેનાર પ્રેત-શ્રેણીનો ગણાશે. (કુરળ ૮૫૦)

86. இகல்
ઇકલ્ - વિરોધ-ભાવ (વૃત્તિ)

இகலென்ப எல்லா உயிர்க்கும் பகலென்னும்
பண்பின்மை பாரிக்கும் நோய். (குறள் 851)

મનમેં પારકે પણે જો ભાવ, મિડે જીવ જે મિજારા હુન કે
ન અચેલાં ડેવાજે, કિં ક વિદ્વેષવાન મનેતા વડો રોગ હિનકે.

સમજુ લોકો ઘૃણાનો ભાવ એક રોગ માને છે
જે બધા જીવોમાં વિરોધ-વૃત્તિ રૂપી અનિષ્ટ ઉત્પન્ન કરે છે. (કુરળ ૮૫૧)

87. பகைமாட்சி
પકૈમાટ્ચિ - શત્રુતાની મહિમા

வலியார்க்கு மாறுஏற்றல் ஓம்புக ஓம்பா
மெலியார்மேல் மேக பகை. (குறள் 861)

વલિયાર્કુ મારુએર્ત્તલ્ ઓમ્પુક ઓમ્પા
મેલિયાર્મેલ્ મેક પકૈ.

બળવાનથી કરી શત્રુતા ન લડો તેના સંગ
નિર્બળ સંગ સતત નિભાવો શત્રુતા. (કુરળ ૮૬૧)

88. பகைத்திறம் தெரிதல்
પકૈત્તિરમ્ તેરિતલ્ - શત્રુ-શક્તિનો બોધ

பகையென்னும் பண்பி லதனை ஒருவன்
நகையேயும் வேண்டற்பாற்று அன்று. (குறள் 871)

પકૈયેન્નુમ્ પણ્પિ લતનૈ ઓરુવન્
નકૈયેયુમ્ વેણ્ટર્પાર્ર્ અન્રુ।

શત્રુતા નામક અસભ્ય કૃત્યની ઈચ્છા
વ્યક્તિ એ પરિહાસમાં પણ ન કરવી જોઈએ. (કુરળ ૮૭૧)

89. உட்பகை
ઉટ્પકૈ - અન્તર્વૈર

உடம்பாடு இலாதவர் வாழ்க்கை குடங்கருள்
பாம்போடு உடனுறைந் தற்று. (குறள் 890)

ઉટમ્પાટુ ઈલાતવર્ વાળ્ક્કૈ કુટઙ્કરુળ્
પામ્પોટુ ઉટનુરૈન્ તર્રુ।

સહમતિ ન હોય જેના સંગ તેના સાથે કરવો નિવાસ
જાણે ભુજંગ સંગ વસવુ એક કુટિ માહિં. (કુરળ ૮૯૦)

90. பெரியாரைப் பிழையாமை
પેરિયારૈપ્ પિળૈયામૈ - મહાપુરુષોનો અનાદર ન કરવો

பெரியாரைப் பேணாது ஒழுகின் பெரியாரால்
பேரா இடும்பை தரும். (குறள் 892)

પેરિયારૈપ્ પેણાતુ ઓળુકિન્ પેરિયારાલ્
પેરા ઈટુમ્પૈ તરુમ્।

આદરરહિત વ્યવહાર જો થાય મહાપુરુષ સંગ
તો એમનાં થકી મળે દારુણ દુઃખ અપાર. (કુરળ ૮૯૨)

91. பெண்வழிச் சேறல்
પેણ્વળિચ્ચે રલ્ - સ્ત્રી-અનુવર્તન

மனைவிழைவார் மாண்பயன் எய்தார் வினைவிழைவார்
வேண்டாப் பொருளும் அது. (குறள் 901)

મનૈવિળૈવાર્ માણ્પયન્ એય્તાર્ વિનૈવિળૈવાર્
વેણ્ટાપ્ પોરુળુમ્ અતુ।

પત્ની પર આસક્ત નરને ધર્મની પ્રાપ્તિ નથી થતી
અને અર્થની જેને છે આકાંક્ષા એ પણ રહે આ કર્મથી વિમુખ. (કુરળ ૯૦૧)

92. வரைவின் மகளிர்
વરૈવિન્ મકળિર્ - વરાંગણા

அன்பின் விழையார் பொருள்விழையும் ஆய்தொடியார்
இன்சொல் இழுக்குத் தரும். (குறள் 911)

અન્પિન્ વિળૈયાર્ પોરુળ્વિળૈયુમ્ આય્તોટિયાર્
ઈન્ચોલ્ ઈળુક્કુત્ તરુમ્।

પ્રેમની નહીં અપિતુ ધનની ઇચ્છા રાખતી ચતુર સ્ત્રિયોના મધુર વેણ
અન્તમાં આપે છે શોક અપાર. (કુરળ ૯૧૧)

93. கள்ளுண்ணாமை
કળ્ળુણ્ણામૈ - મદ્ય-નિષેધ

கள்ளுண்ணாப் போழ்தில் களித்தானைக் காணுங்கால்
உள்ளான்கொல் உண்டதன் சோர்வு. (குறள் 930)

કળ્ળુણ્ણાપ્ પો�großitல્ કળિત્તાનૈક્ કાણુઙ્કાલ્
ઉળ્ળાન્કોલ્ ઉણ્ટતન્ ચોર્વુ।

સભાન અવસ્થામાં મદિરા સેવી જો લખે
અન્ય મદમસ્ત નર તો તેણે કરવો વિચાર સ્વની અવસ્થાનો. (કુરળ ૯૩૦)

94. சூது
ચૂતુ - દ્યૂત

வேண்டற்க வென்றிடினும் சூதினை வென்றதூஉம்
தூண்டில்பொன் மீன்விழுங்கி யற்று. (குறள் 931)

વેણ્ટર્ક વેન્રિટિનુમ્ ચૂતિનૈ વેન્રતૂઉમ્
તૂણ્ટિલ્પોન્ મીણ્વિળુઙ્કિક યર્ર્।

રહેવું દ્યૂતની રમતથી વિમુખ યદ્યપિ થાય જીત કેમકે એ જીત
માછલી ફસાવવાની બંસીમાં સ્થિત લૌહ ખંડ સદૃશ હોય છે. (કુરળ ૯૩૧)

95. மருந்து
મરુન્તુ - ઔષધ

மாறுபாடு இல்லாத உண்டி மறுத்துண்ணின்
ஊறுபாடு இல்லை உயிர்க்கு. (குறள் 945)

મારુપાટુ ઈલ્લાત ઉણ્ટિ મરુત્તુણ્ણિન્
ઊરુપાટુ ઈલ્લૈ ઉયિર્કુ।

સુપથ્ય આહાર લેવાય જો સંયમથી
તો જીવને ન ગ્રહે કોઈ દુઃખદ રોગ. (કુરળ ૯૪૫)

96. குடிமை
કુટિમૈ - કુલીનતા

இல்பிறந்தார் கண்ணல்லது இல்லை இயல்பாகச்
செப்பமும் நாணும் ஒருங்கு. (குறள் 951)

ઇલ્પિરન્તાર્ કણ્ણલ્લતુ ઈલ્લૈ ઈયલ્પાકચ્
ચેપ્પમુમ્ નાણુમ્ ઓરુઙ્કુ।

સચ્ચરિત્રતા, સત્યનિષ્ઠા અને સલજ્જતા આ એકસાથ
કુલીનનાં સિવાય અન્ય કોઈના સ્વભાવનાં અંગ નથી હોતા. (કુરળ ૯૫૧)

97. மானம்
માનમ્ - સ્વમાન

மயிர்நீப்பின் வாழாக் கவரிமா அன்னார்
உயிர்நீப்பர் மானம் வரின். (குறள் 969)

મયિર્નીપ્પિન્ વાળાક્ કવરિમા અન્નાર્
ઉયિર્નીપ્પર્ માનમ્ વરિન્।

સ્વમાન નષ્ટ થતા પ્રાણ ત્યાગનાર હોય છે અમર મૃગ સદૃશ
જે રોમ ક્ષરિત થતા તજે છે પ્રાણ. (કુરળ ૯૬૯)

98. பெருமை
પેરુમૈ - માહત્મ્ય

பிறப்பொக்கும் எல்லா உயிர்க்கும் சிறப்பொவ்வா
செய்தொழில் வேற்றுமை யான். (குறள் 972)

પિરપ્પોક્કુમ્ એલ્લા ઉયિર્ક્કુમ્ ચિરપ્પોવ્વા
ચેય્તોળિલ્ વેર્રુમૈ યાન્।

જન્મથી હોય છે માનવ માત્ર એક સમાન
કર્મ-ભેદથી એનું વૈશિષ્ટ્ય છે અંકાય. (કુરળ ૯૭૨)

99. சான்றாண்மை
ચાન્રાણ્મૈ - સર્વગુણ-સમ્પન્નતા

985. *ஆற்றுவார் ஆற்றல் பணிதல் அதுசான்றோர்*
மாற்றாரை மாற்றும் படை. (குறள் 985)

આર્રુવાર્ આર્લ્ પણિતલ્ અતુચાન્રોર્
મારૈર્ માર્રુમ્ પટૈ।

બળશાળીનું બળ છે એની વિનયશીલતા
ને આજ છે બુદ્ધિમાનોનું અસ્ત્ર શત્રુના હૃદય પરિવર્તન હેતુ. (કુરળ ૯૮૫)

100. பண்புடைமை
પણ્પુટૈમૈ - શિષ્ટાચાર

அரம்போலும் கூர்மைய ரேனும் மரம்போல்வர்
மக்கட்பண்பு இல்லா தவர். (குறள் 997)

અરમ્પોલુમ્ કૂર્મૈય રેનુમ્ મરમ્પોલ્વર્
મક્કટ્પણ્પુ ઇલ્લા તવર્।

આરી સમ તીક્ષ્ણ બુદ્ધિ ધરાવતો નર માનવો વૃક્ષ સદૃશ
જો તે હોય માનવોચિત સંસ્કારથી રિક્ત. (કુરળ ૯૯૭)

101. நன்றியில் செல்வம்
નન્રિયિલ્ ચેલ્વમ્ - નિષ્પ્રયોજન સંપદા

வைத்தான்வாய் சான்ற பெரும்பொருள் அஃதுஉண்ணான்
செத்தான் செயக்கிடந்தது இல். (குறள் 1001)

વૈત્તાન્વાય્ ચાન્ર પેરુમ્પોરુળ્ અઃતુઉણ્ણાન્
ચેત્તાન્ ચેયક્કિટન્તતુ ઇલ્।

ગૃહમાં ભરેલ પ્રચુર સંપદાનો જે ન કરે ઉપભોગ
તે છે મૃતક સદૃશ જેને કોઈ ખપ નથી ધનનો. (કુરળ ૧૦૦૧)

102. நாணுடைமை
நாணுடैமै - લજ્જા-ભાવ

கருமத்தால் நாணுதல் நாணுத் திருநுதல்
நல்லவர் நாணுப் பிற. (குறள் 1011)

કરુમત્તાલ્ નાણુતલ્ નાણુત્ તિરુનુતલ્
નલ્લવર્ નાણુપ્ પિર।

અનુચિત કર્મથી લજ્જિત થવું જ લજ્જા-ભાવ છે
સુમુખી કોમળાંગના સુલભ લજ્જા તો અન્ય કશું છે. (કુરળ ૧૦૧૧)

103. குடிசெயல்வகை
કુટિચેયલ્વકै - કુળસંવર્દ્ધન-વિધાન

கருமம் செயஒருவன் கைதூவேன் என்னும்
பெருமையின் பீடுடையது இல். (குறள் 1021)

કરુમમ્ ચેયઓરુવન્ કૈતૂવેન્ એન્નુમ્
પેરુમૈયિન્ પીટુટૈયતુ ઇલ્।

'નિજ કુળ પ્રતિ કર્તવ્યથી નહીં થાઉં વિમુખે' - આ કથનમાં
નિરૂપિત ગૌરવપૂર્ણ મન્તવ્ય સર્વશ્રેષ્ઠ છે. (કુરળ ૧૦૨૧)

104. உழவு
ઉળવુ - કૃષિ

சுழன்றும்ஏர்ப் பின்னது உலகம் அதனால்
உழந்தும் உழவே தலை. (குறள் 1031)

ચુળન્રુમ્એર્પ્ પિન્નતુ ઉલકમ્ અતનાલ્
ઉળન્તુમ્ ઉળવે તલै।

ચક્ર સમ ફરતું આ જગત હળને જ આશ્રિત છે
અતઃ કૃષિ-કર્મ છે સર્વશ્રેષ્ઠ, ભલે હોય એ શારીરિક શ્રમથી યુક્ત. (કુરળ ૧૦૩૧)

105. நல்குரவு
નલ્કુરવુ - દરિદ્રતા

இன்மையின் இன்னாதது யாதெனின் இன்மையின்
இன்மையே இன்னா தது. (குறள் 1041)

ઇન્મૈયિન્ ઇન્નાતતુ યાતેનિન્ ઇન્મૈયિન્
ઇન્મૈયે ઇન્ના તતુ।

પૂછા થાય કે અભાવ સમ દુઃખદાયી હોય શું
તો કહેવાય કે અભાવ સમ દુઃખદાયી તો અભાવ જ! (કુરળ ૧૦૪૧)

106. இரவு
ઇરવુ - ભિક્ષા

இரக்க இரத்தக்கார்க் காணின் கரப்பின்
அவர்பழி தம்பழி அன்று. (குறள் 1051)

ઇરક્ક ઇરત્તક્કાર્ કાણિન્ કરપ્પિન્
અવર્પળિ તમ્પળિ અન્રુ।

સુયોગ્ય નરથી માંગી શકાય ભિક્ષા અને ગોપનવૃત્તિવશ જો ન આપે તે
તો દોષ ગણાય એનો ન કે યાચકનો. (કુરળ ૧૦૫૧)

107. இரவச்சம்
ઇરવચ્ચમ્ - ભિક્ષાવૃત્તિની નિકૃષ્ટતા

இரந்தும் உயிர்வாழ்தல் வேண்டின் பரந்து
கெடுக உலகியற்றி யான். (குறள் 1062)

ઇરન્તુમ્ ઉયિર્વાழ્તલ્ વેણ્ડિન્ પરન્તુ
કેટુક ઉલકિયર્રિ યાન્।

આ લોકના સૃષ્ટાને જો ભિક્ષા માંગી જીવવું પડે
તો એ પણ યાચક સદૃશ ભટકી-ભટકીને થઈ જાય વિનષ્ટ. (કુરળ ૧૦૬૨)

108. கயமை
કયમૈ - નિકૃષ્ટતા

மக்களே போல்வர் கயவர் அவரன்ன
ஒப்பாரி யாம்கண்டது இல். (குறள் 1071)

મક્કળે પોલ્વર્ કયવર્ અવરન્ન
ઓપ્પારિ યામ્કણ્ટતુ ઈલ્।

તુલના પશ્ચાત માનવ સદૃશ નિકૃષ્ટ
અમને કોઈ દૃષ્ટિગોચર થયું નથી. (કુરળ ૧૦૭૧)

*****